# કાવ્યાનુષંગે

- મેરુ વાઢેળ

: પુસ્તક વિક્રેતા :

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ

**: પ્રકાશક :**

**મેરુ એચ. વાઢેળ**

**૧૮૨, વૃન્દાવનધામ સોસાયટી**

**કાનપુરા, વ્યારા, જિ. તાપી**

**(ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરની આર્થિક સહાયથી પ્રકાશિત)**

*Book's name in English :*

***KAVYANUSHANGE***

*By Meru Vadhel*

© મેરુ વાઢેળ

પ્રથમ આવૃત્તિ - ૨૦૦૮

પ્રત - ૫૦૦

મૂલ્ય રૂા. ૭૫-૦૦

: પુસ્તક વિક્રેતા :

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

હેડ ઓફીસ : મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ

શાખા : ૧. પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે
નગરપાલિકા ભવન રોડ, ઈન્દિરા કોમ્પલેક્ષ, નડિયાદ
૨. યોગેશ્વર કુમાર છાત્રાલય, ભગતજીન કપડવંજ રોડ,
ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા

**(ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરની આર્થિક સહાયથી પ્રકાશિત)**

## પુસ્તક વિશે થોડું.....

કાવ્યપ્રક્રિયા જેટલી અઘરી છે એટલું જ અઘરું છે કાવ્યનું ભાવન. કવિ સ્વાનુભવે જે જુએ છે - માણે છે તેનું કાવ્યકૃતિમાં અવતરણ કરે છે. પછી ભાવક જો એને સમ્‌સંવેદી શકે, એ કવિની ભાવયાત્રા સાથે વિહરી શકે ત્યારે જ કવિની કાવ્યસાધના ફળીભૂત થઈ ગણાય. કવિને જે આનંદ થાય તેવો આનંદ ભાવકને પણ થવો જોઈએ. એ માટે ભાવક પાસે પણ સજ્જતાની અપેક્ષા રાખવામાં આવે છે.

મારી આ કાવ્યાસ્વાદની સાધનાના ખરાં અધિકારી તો છે મારા વિદ્યાર્થીઓ. અધ્યયન અને અધ્યાપન નિમિત્તે કાવ્યની રસાનુભૂતિ કરવાનો મેં અનેરો લ્હાવો મેળવ્યો છે.

અહીં કાવ્યાસ્વાદ નિમિત્તે મેં એક કૃતિ જેવી જ બીજી કૃતિઓને સમાંતરે તપાસવાનો યત્ન કર્યો છે. એ રીતે જોતાં મને અનેરો આનંદ મળ્યો છે. દા.ત. ''ત્રણ કાવ્યો  - એક નજરે''-માં મેં કન્યાવિદાય જેવા પ્રસંગ નિમિત્તે કન્યાના મનોગત તથા એનાં પરિવારજનોના મનોભાવોને તપાસવાનો ઉપક્રમ સેવ્યો છે. તેમાં અનિલ જોશી, માધવ રામાનુજ અને મુકેશ જોશીની રચનાઓ તપાસી છે. તો 'ત્રણ ઋતુ કાવ્યો- આસ્વાદ'-માં પ્રજારામ રાવળ, મનોજ ખંડેરિયા અને નિરંજન ભગતની ઋતુ વિષયક કૃતિઓને અવલોકી છે. આ ઉપરાંત મૃત્યુ વિષયક બે રચનાઓ, મુગ્ધભાવો આલેખતી બે રચનાઓ, બે સૉનેટો વગેરેમાં મેં એકથી વધુ કાવ્યોને સમાંતરે મૂલવવાનો પ્રયત્ન કર્યો છે તો, કેટલીક લોકપ્રિય રચનાઓનો પણ આસ્વાદ કરવાનો પ્રયત્ન કર્યો છે. આશા રાખું છું કે, મારી આ આનંદયાત્રા કાવ્યરસિકોને ચોક્કસ આનંદ આપશે.

આ પુસ્તકના પ્રકાશન માટે મને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર તરફથી આર્થિક સહાય પ્રાપ્ત થઈ એ માટે અકાદમીનો હું આભારી છું. વિશેષ માર્ગદર્શન માટે ડૉ. દક્ષાબેન વ્યાસ તથા ડૉ. નવીનભાઈ મોદીનો પણ હું ઋણી છું. આવા આસ્વાદ માટે મને પ્રેરનારાં મારા યુ.જી. / પી.જી. ના વિદ્યાર્થી તથા પ્રેમ હૂંફ આપનાર મારી પત્નીનો આભાર માનું છું. 'સંવેદના', 'વિવિધા', 'આરણ્યક' જેવા સામયિકોએ મને પ્લેટફૉર્મ પૂરું પાડ્યું તેનો પણ આભાર. આ પુસ્તકના પ્રકાશન માટેની જે જવાબદારી એમ. એમ. સાહિત્ય પ્રકાશનના શ્રી યાકુબભાઈએ સહર્ષ ઉપાડી લીધી તેમનો પણ હું ઋણી છું.

- મેરુ વાઢેળ

## અનુક્રમિકા

| | | |
|---|---|---|
| (૧) | ત્રણ કાવ્યો - એક નજરે | ૧ |
| (૨) | મીઠી મૂંજવણનાં ત્રણ ગીત | ૧૨ |
| (3) | ત્રણ ઋતુકાવ્યો - એક આસ્વાદ | ૨૪ |
| (૪) | ભયને ઓળંગી નિર્ભય બનેલી અવસ્થાનું ગીત - 'બીક ના બતાવો' | ૪૩ |
| (૫) | બે સૉનેટ : આસ્વાદ | ૪૯ |
| (૬) | અલ્પઆયુના કવિનું દીર્ઘઆયુ ભોગવતું કાવ્ય : 'બોલ વાલમના' | ૫૮ |
| (૭) | મુગ્ધભાવો આલેખતી બે રચના | ૬૪ |
| (૮) | 'સાગર અને શશી'- આનંદોલ્લાસની પરાકાષ્ઠા | ૭૩ |
| (૯) | 'નયણાં'- વેણીભાઈના કવિકર્મનો ઉત્તમ ઉન્મેષ | ૭૯ |
| (૧૦) | 'મુક્તિ'- એક આસ્વાદ | ૮૬ |
| (૧૧) | ઉનાળાનાં બે મનોરમ ગીત. | ૯૨ |
| (૧૨) | મૃત્યુની અનુભૂતિનાં બે કાવ્યો. | ૧૦૨ |
| (૧૩) | 'પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર'- એક આસ્વાદ | ૧૧૨ |
| (૧૪) | સ્થૂળ શણગારની સામે મીરાંનો સૂક્ષ્મ શણગાર | ૧૧૮ |
| (૧૫) | 'મેરુ રે ડગે પણ જેના મનનો ડગે'- એક આસ્વાદ | ૧૨૨ |
| (૧૬) | 'ભૂલ્યાં ભટકો છો'- એક આસ્વાદ | ૧૨૯ |
| (૧૭) | 'મન મસ્ત હુઆ તબ ક્યો બોલે'- એક આસ્વાદ | ૧૩૫ |
| (૧૮) | 'કોઈ સુનતા હે...'- એક આસ્વાદ | ૧૪૦ |
| (૧૯) | 'એરણ અજબ બનાયા'- એક આસ્વાદ | ૧૪૫ |
| (૨૦) | 'ભક્તિ કરવી તેને'- એક આસ્વાદ | ૧૬૩ |

## ૧. "ત્રણ કાવ્યો - એક નજરે"

'એક કાવ્ય', 'બે કાવ્ય' કે પછી 'કેટલાંક કાવ્યો'- એક નજરે - આદિ શીર્ષકો અંતર્ગત ઘણા લેખે લખાયા છે, લખાતાં રહેશે. એક કે અનેક કવિઓને જોવાની - માણવાની મજા આવે છે. જો એને વિવેચના વાઘા પહેરવામાં આવે તો એવા લેખને comparative criticism કહેવાય છે. અહીં પ્રસ્તુત લેખમાં મેં કન્યાવિદાય જેવા ભાવસંવેનનને આલેખતી શ્રી અનિલ જોષી, શ્રી માધવ રામાનુજ અને શ્રી મુકેશ જોશીની ગીતરચનાઓ જોવાનો પ્રયત્ન કર્યો છે. અહીં અનિલ જોશીના કન્યાવિદાય જેવો બીજી બે કૃતિમાં એવો પ્રસંગ નથી પણ એના ભાવસ્પંદનો બીજા બે ગીતોમાં ઘણી કુશળતાથી આલેખાયાં છે. આ લેખ નિમિત્તે ત્રણેય કૃતિઓનો ઉચ્ચાવચક્રમ આલેખવાનો કોઈ હેતુ નથી. મારો હેતુ તો છે,- ત્રણેય કૃતિમાં આલેખાયેલ ભાવની પરકોટિ-જે એક કન્યાના હૃદયની છે - એનાં પરિવારની છે-તે તપાસવાનો.

'વિવાહ' ભારતીય સંસ્કૃતિની દીર્ઘપરંપરા છે. આર્યસંસ્કૃતિમાં લગ્ન ને ઉચ્ચને પવિત્રબંધન ગણવામાં આવે છે. જે માત્ર એક જન્મનું નહીં પણ જન્મોજન્મનું બંધન ગણાયું છે. 'લગ્ન' એટલે 'સમાજરૂપી સરોવરને સંયમની પાળ' બાંધીને સમગ્ર માનવજીવનને મધમધતું બનાવતો મહાયજ્ઞ. વેદકાળથી આ પરંપરા ભારતીય સંસ્કૃતિએ સુપરે નિભાવી છે. આજે ભારતીય સંસ્કૃતિ વિશ્વની શ્રેષ્ઠ સંસ્કૃતિ તરીકે ઓળખાણ પામી છે તેના મૂળ આપણી લગ્નપરંપરામાં પણ છે. ડૉ. ભગવતીપ્રસાદ નોંધે છે- "હિન્દુ-વિવાહનો આદર્શ કામને નિયંત્રિત કરી, શુભ સામાજિક સેવા કરી



આધ્યાત્મિક ઉન્નતિ દ્વારા માનવ વિકાસની સપર્યામાં રહેલો છે."

'લગ્ન' તો સંસારનું મહાકાવ્ય છે. ભારતીય લોકસમુદાયે એને પવિત્ર ગણીને સ્વીકાર્યું છે. 'વિવાહ' શબ્દ વિ+વહુ ધાતુ પરથી બન્યો છે. એનો અર્થ થાય- 'પત્નીનો સ્વીકાર' અથવા એ માટેની પ્રવૃત્તિ. 'કન્યાને તેના પિતૃગૃહેથી આદરપૂર્વક લઈ જવી તે.' લગ્ન એક મહોત્સવ બની જાય છે. તેનાં અનેક પ્રસંગો, રિવાજો છે. કંકોતરી લખવાથી છેક કન્યાવિદાયના અનેક પ્રસંગોમાં 'કન્યાવિદાય'નો પ્રસંગ બધાથી અલગ અને અનન્ય છે.

કવિતાનો મુખ્ય ઉદ્દેશ જે હોય તે પણ તે લોકજીવનની સુવાસને પ્રસરાવવા જેવું પણ સુકર્મ કરે છે. લોક-સમુદાયના અનેક પ્રસંગોને કવિતામાં ગૂંથીને કવિઓએ તેમાં અનેક નવા પરિણામો રચ્યાં છે. અહીં દાદાને આંગણે ઊભેલી કન્યાઓની આંતરસંવેદનાઓ તપાસવા મેં શ્રી અનિલ જોશી, શ્રી માધવ રામાનુજ અને શ્રી મુકેશ જોશીનાં ગીતોને તપાસવાનો ઉપક્રમ સેવ્યો છે. પ્રથમ આ ગીતો અવલોકો.

### "કન્યાવિદાય"

સમી સાંજનો ઢોલ ઢબૂકતો, જાત ઊઘલતી મ્હાલે,
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.

પાદર બેસી ફફડી ઊઠતી ઘરચોળાની ભાત,
ડૂસકે ડૂસકે હડેસલાતી બાળપણાની વાત.

પૈડું સીંચતાં રસ્તો આખો કોલાહલમાં ખૂપે,
શૈશવથી ચીતરેલી શેરી સૂનકારમાં ડૂબે.

જાન વળાવી પાછો વળતો દીવડો થરથર કંપે,
ખડકી પાસે ઊભો રહીને અજવાળાને ઝંખે.

સમી સાજનો ઢોલ ઢબૂકતો જાન ઉઘલતી મ્હાલે,
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.

- અનિલ જોશી

## ૨. 'પછી'

દાદાના આંગણામાં કોળેલા આંબાનું કૂણેરું તોડ્યું રે પાન
પરદેશી પંખીના ઊડ્યા મુકામ પછી માળામાં ફરક્યું વેરાન;
ખોળો વાળીને હજી રમતા'તા કાલ અહીં
સૈયરના દાવ ન'તા ઊતર્યા,
સૈયરના પકડીને હાથ ફર્યા ફેરફર
ફેર હજીએ ય ન'તા ઊતર્યા;
આમ પાનેતર પહેર્યું ને ઘૂંઘટમાં ડોકાયું
જોબનનું થનગનતું ગાન
દાદાના આંગણામાં કોળેલા આંબાનું કૂણેરું તોડ્યું રે પાન.
આંગળીએ વળગેલાં સંભાર્યા બાળપણાં,
પોઢેલ હાલરડાં જાગ્યાં
કુંવારા દિવસોએ ચોરીમાં આવીને
ભૂલી જવાના વેણ માંગ્યાં !
પછી હૈયામાં, કાજળમાં, સેંથામાં સંતાતુ
ચોરી ગયું રે કોનનું ભાન !
પરદેશી પંખીના ઊડ્યાં મુકામ પછી માળામાં ફરક્યું વેરાન.

- માધવ રામાનુજ



## (૩)

પાંચીકા રમતી'તી, દોરડાઓ કૂદતી'તી-
ઝૂલતી'તી, આંબાની ડાળે
ગામને પાદરિયે જાન એક આવી,-
ને બચપણ ખોવાયું એ જ દા'ડે.
મધમીઠા મહુડાના ઝાડ તળે બેસીને લખતી'તી-
દાદાને ચીઠ્ઠી,
લખવાનું લિખિતંગ બાકી હતું,-
ને મારે અંગે ચોળાઈ ગઈ પીઠી;
આંગણામાં ઓકળિયું પાડતા બે હાથ,-
લાલ થાપાઓ ભીંત ઉપર પાડે
મારું બચપણ...
પાનેતર પહેરીને પંખી ઉદાસ,-
છતાં મલકતાં મામાને કાકી,
બાપુના હુક્કામાં તંબાકું ભરવાનું,-
માને કહેવાનું હતું બાકી;
પાણીડા ભરતી એ ગામની નદી,-
જઈ બાપુના ચશ્મા પલાળે,
મારું બચપણ...
ઢોલ અને શરણાઈ શેરીમાં વાગિયાં
ને ગામ મને પરણાવી રાજી,
લીલાછમ મ્હોરવાની આશાથી ઊગેલી,
કૂંપળ તોડાઈ એક તાજી;

ગોરમાને પાંચ પાંચ વરસોથી પૂજ્યાં,
ને ગોરમા જ નાવને ડુબાડે,
મારું બચપણ...
- મુકેશ જોશી

કવિતાનું મુખ્ય પ્રયોજન ભલે ગમે તે હોય પણ તે લોકજીવનના વિધ્‌વિધ્‌ રંગોને-એની સુવાસને પ્રસરાવે છે. જિવાતા જીવનના અનેક પ્રસંગોને કવિતામાં ગૂંથીને અનેક કવિઓએ કેટલાક નૂતન પરિણામો રચીને ભાવકની સમક્ષ ખુલ્લાં મૂક્યાં છે. 'કન્યાવિદાય' પ્રસંગ તો એવો છે કે, કઠણ-પત્થર જેવા હૃદયવાળાં માણસને પણ એક ક્ષણે પીગળાવી દે છે. ભલભલા શૂરવીર-ભડવીર પણ જિંદગીમાં સમજતા થયાં પછી આંસુ સારતા નથી એ આ પ્રસંગે ધ્રુસકે-ધ્રુસકે રડે છે. એની આંખોમાંથી આંસુ ખાળી શકાતા નથી.

પ્રસ્તુત ગીતોમાં કન્યાના અને એમનાં સ્વજનોના હૈયાંની-મનની વિવિધ ભાવસ્થિતિઓ અનેક કવિઓએ કુશળતાથી આલેખી છે-તે તપાસવાનો મારો નમ્ર પ્રયાસ છે. ઘરચોળું પહેરીને બેઠેલી કન્યાની સંકુલ મનોદશાનું ચિત્ર અનિલ જોષીએ કલાત્મક રીતે આલેખ્યું છે.

"પાદર બેસી ફફડી ઊઠતી ઘરચોળાની ભાત
ડૂસકે ડૂસકે હડસેલાતી બાળપણાની વાત."

અહીં "પાદર બેસી ફફડી ઊઠતી" કન્યાના મનોગતને કવિએ કુશળતાથી ખુલ્લું મૂક્યું છે. અહીં ઘરચોળું કાંઈ ફફડી ઊઠતું નથી, પણ ઘરચોળું પહેરીને બેઠેલી કન્યાના હૃદયમાં જે ફકડ છે તેને અસરકારક બનાવીને ભાવકના સંવિદ્‌ને એનો સ્પર્શ કરાવે છે.



અનિલ જોશીની આ રચના ઉત્કટ લક્ષણાવ્યાપારની કવિતા હોય ઘરચોળાની ભીતર લપેટાયેલા નવોઢાના હૃદયને-મનોગતભાવને ખૂબીથી આલેખી કવિ ઉચ્ચકવિત્વશક્તિનું ઉદાહરણ પૂરું પાડે છે. એ ફડક અનુભવે છે કારણકે, પિતાનું ઘર છોડી કોઈ અણજાણ્યાં ઘરમાં-પ્રદેશમાં જવાનું છે. સૌ અજાણ્યાંને અપનાવવાના છે ત્યારે પોતાનું શું થશે ? એ વિચારે એના હૃદયમાં ઊભી થતી ફડકને કવિએ ઘરચોળાની ભાતથી સાદૃશ્ય કરી છે.

મુકેશ જોશી પણ કન્યાના મનોગતભાવને કુશળતાથી આલેખે છે. હજી તો રાજા-રાણીને રાજકુમારી વાર્તા પૂરી થઈ નથી. પાંચીકા રમતાં રમતાં પોતાનો છબ્બો લેવાનો બાકી રહે છે. જે સૈયરો સાથે આંબલીપીપળીનો દાવ હજુ ઉતર્યો નથી, ત્યાં સાવ અચાનક ગામને પાદર એક જાન આવે છે ને જાણે બધું જ ખોવાય જાય છે. અધૂરા કોડનું દર્દ નાયિકાને વિદારે છે. અનિલ જોશીની જેમ કવિ મુકેશ જોશી કવિતામાં વ્યંજનાથી નહીં પણ સરળ બાનીમાં આ કન્યાના મનોગતને વાચા આપે છે.

"મધમીઠા મહુડાના ઝાડ તળે બેસીને -
લખતી'તી દાદાને ચીઠ્ઠી,
લખવાનું લિખિતંગ બાકી હતું ને-
મારે અંગે ચોળાઈ ગઈ પીઠી,
આંગણામાં ઓકળિયું પાડતા બે હાથ,-
લાલ થાપાઓ ભીત ઉપર પાડે.
મારું બચપણ...

મુકેશ જોશીનું આખું ગીત તળપદા પરિવેશમાં આલેખાયું છે. આ ગામડા-ગામમાં હજી એ દાદાનું સ્થાન આદરભર્યું છે.

"એક એવો તે વર દે દો દાદાજી!" કહીને પોતાના મનગમતા વરને પોતાની સૈયરો વખાણે છે. એમ કહીને સલૂકાઈથી પોતાની હૈયાની વાત દાદાને કહી દે છે. દાદા પણ એની વાતને સમજે છે. આ ગીતની નાયિકા તો પોતાના લગ્નથી જ સાવ અજાણ છે. એને કોઈ કાંઈ પૂછયા વિના બધું ગોઠવી દે છે. તેની વ્યથા આ કન્યાને ભારે છે. હજી તો કન્યાના મનમાં લગ્નના કોઈ કોડ જાગ્યા નથી, દાદાને આ અંગે કહેવાની તો કોઈ વાત જ નથી ! ને છતાં સાવ અણધાર્યું બને છે. ગામને પાદર એક જાન સાવ અચાનક આવી જાય છે, પીઠી ચોળાય છે. મુકેશ જોશી કદાચ આજના 'ગ્રીનકાર્ડ' ની ઘેલશા ધરાવતાં મા-બાપ તરફ અંગુલિનિર્દેશ કરીને શું રેડલાઈટ તો નથી કરતા ને ! મુકેશ જોશીએ અહીં કન્યાના મનોગતને અસરકારક રીતે આલેખ્યું છે. 'ઓકળિયું' 'થાપા' જેવા શબ્દો ગ્રામીણ પરિવેશના ભાવોને ઉપસાવીને ભાવકના ચિત્તમાં એક નવું જ ભાવસંવેદન જગાડે છે. પરણીને પરાયી બનેલી કન્યાના કંકુ થાપા દ્વારા પોતાની મધુર સ્મૃતિ મૂકતી જાય છે. આ માંગલિક ચિહ્નોનો મુકેશ જોશીએ અસરકારક વિનિયોગ કર્યો છે.

શ્રી માધવ રામાનુજ કન્યાને પરદેશી પંખીજી માયા સાથે સરખાવે છે. પરદેશી પંખીને તો એક દિવસ ઊડવાનું જ હોય છે. ઊડી ગયા પછી માળામાં ફરકતું ખાલીપણું-વેદના આખા માળાને કહે છે. "માળો" એટલે "પરિવાર". આખું કુટુંબ. આખો પરિવાર જે ખાલીપણાનો અનુભવ કરે છે તેને માળાના ખાલીપણા સાથે વણીને એની વેદનાને માધવ રામાનુજે સહજ આલેખી છે. કવિના શબ્દો જુઓ-



"દાદાના આંગણામાં કોળેલા આંબાનું કૂણેરું તોડ્યું રે પાન
પરદેશી પંખીના ઊડ્યા મુકામ પછી માળામાં ફરક્યું વેરાન;"

ઉમાશંકર જોષી 'ઊડણ ચરકલડી' તરીકે ઓળખાવે છે. તો કેટલાક દીકરીને 'સાપનો ભારો' પણ કહે છે. ખરેખર તો બાલમુકુન્દ દવે આ લાડકડીને 'તુલસીક્યારો' કહે છે. તુલસીના છોડ જેટલી પવિત્ર છે. લગ્ન પહેલાં બાપુનું આંગણું શોભાવે છે ને લગ્ન પછી પતિનું આંગણું શોભાવે છે.

શ્રી અનિલ જોશીની રચનામાં જે ચમત્કૃતિ છે એ એમનાં કવિત્વની છે. જુઓ એનો એક અદ્વિતીય નમૂનો -

"જાન વળાવી પાછો વળતો દીવડો થરથર કંપે,
ખડકી પાસે ઊભો રીહે અજવાળાને ઝંખે."

અહીં અંધકાર વ્યાપ્યો છે ખરો પણ તે ખાલીપણાનો છે. દીવાને અજવાળાની શી જરૂર ? દીકરીના કલબલાટથી આખા ઘરમાં, ફળિયામાં જે ઉજાસ હતો-ઝગમગાટ હતો ત્યાં આજે શૂન્યાવકાશ સર્જાયો છે. શ્રી અનિલ જોશીએ એનું આબેહૂબ ચિત્રણ કર્યું છે. કવિ 'દાદ' પણ એના ભાવસભર કન્યાવિદાયના ગીતમાં આવી જ ભાવસંવેદનાને આલેખે છે.

"લૂંટાઈ ગયો મારો લાડખજાનો 'દોદ'એ જોતો ર'યો
જાન ગઈ નિજ ઘરને હવે સૂનો માંડવડો !"

'ધાર'થી હેઠે ઊતરી તો જાણે કે 'સૂરજ ડૂબી ગયો'ની અનુભૂતિ કવિ અનુભવી રહ્યાં છે. મુકેશ જોશી નાયિકાની મનઃસ્થિતિને ઘણી ઠાવકાઈથી આલેખી દે છે.

"પાનેતર પહેરીને પંખી ઉદાસ-
છતાં મલકતાં મામાને કાકી,

બાપુના હુક્કામાં તંબાકું ભરવાનું,-
માને કહેવાનું હતું બાકી;
પાણીડા ભરતી એ ગામની નદી,-
જઈ બાપુના ચશ્મા પવાળે,
મારું બચપણ ખોવાયું એ જ દા'ડે !''

આપણી ભજન પરંપરામાં-આધ્યાત્મિક પરંપરામાં 'પરદેશી પંખીને' 'આત્મા' અને 'પરમાત્મા'ના રૂપને સમજાવવા પ્રતીકાત્મરૂપે આલેખે છે. 'પંખીડાને આપી દ્યોને' કે 'ચલ ઉડ જા રે પંખી' જેવા ગીતોમાં આવો ભાવ છે. અહીં પંખી છે પણ પાનેતર પહેરેલું પંખી છે. જે માત્ર પોતાનો મુકામ બદલે છે. દીકરી અને બ્રાહ્મણને આપણે 'દ્વિજ' કહીએ છીએ એ પણ આ જ અર્થમાં. દીકરીનો પણ બીજો જન્મ થાય છે. લગ્નમંડપમાંથી પરત ફર્યા પછી કન્યા ગણપતિની પોઠી પડે છે ત્યારે એમણે ઘૂમટો વાળ્યો હોય બન્ને હાથની મૂઠ્ઠીઓ બંધ હોય ને ગણપતિને કહે છે. ''હે ગરવા દેવ એક હાથમાં મારા સાસરાની લાજ-મર્યાદા છે બીજા હાથમાં મારા પિયરની લાજ-મર્યાદા છે, હું મરવાનું પસંદ કરીશ પણ આ મુઠ્ઠીઓ ખોલીશ નહીં.'' મોટી થઈ દીકરી મુકામ બદલે છે. દીકરી માટે પિતાનું ઘર છોડવું અઘરું છે ને છતાં છોડે છે.

કન્યાવિદાયની પ્રસંગ બધા પ્રસંગ કરતાં અલગ પડે છે. 'વિવાહ' એક દૃષ્ટિએ જોવા જઈએ તો આનંદનો અવસર છે. પરિવારજનોનો ઉત્સાહનો કોઈ પાર નથી. દીકરીને વળાવવાનું દુઃખ છે તો સાથોસાથ આનંદ પણ છે કારણકે, તે પોતાનું જ ઘર-વિશ્વ બનાવવા માટે પગરવ કરી રહ્યું છે. ''દીકરી એટલે સંપૂર્ણ સમર્પણની મૂર્તિ.'' બધું જ એક ક્ષણમાં કર્ણની જેમ કવચ-કુંડળને



એક જ ઘા-ઝાટકે પોતાનામાંથી કાઢી દે છે. છતાં આ દીકરીને કેંક કોડ છે-અભરખો છે ને તે છે-પાંચીકા રમવાનો, દોરડા કૂદવાનો. આંબલી-પીપળીની રમત રમવાનો. શ્રી મુકેશ જોશીની કન્યાની કોડભરી આરત જુઓ,-

''પાંચીકા રમતી'તી, દોરડાઓ કૂદતી'તી,-
ઝૂલતી'તી, આંબાની ડાળે,
ગામને પાદરિયે જાન એક આવી,-
ને બચપણ ખોવાયું એજ દા'ડે.''

લોક કવિનું બિરુદ પામેલા કવિ 'દાદ' પોતાના એક ગીતમાં કન્યાના વિદાયને કારણે સૈયર, ઘર, ફળિયું, પાદર, આરો આ સૌને અણહોરાં બનાવી મૂકે છે.

''આંબલી પીપળી ડાળ બોલાવે-
એકવાર તો સામું જો,
ધુબાકા દેતી જે ઘરોમાં-
ઈ આરો અણહોરો
કાળજા કેરો કટકો મારો ગાંઠ્યથી છૂટી ગ્યો.''

કવિ મુકેશ જોશી પોતાના ગીતમાં કન્યાના મનોગત ભાવોને એની પરાકાષ્ઠાએ પહોંચાડે છે. ઢોલ અને શરણાઈ જેવા વાદ્યના મંગલધ્વનિની સંગે મંગલમયી કન્યા પ્રસંગના ભાવોને કલાત્મક રીતે ગૂંથે છે. ગોરમાને પાંચ પાંચ વર્ષ પૂજવાની વાતને રજૂ કરીને ''ગોરમા જ નાવ ડૂબાડે છે''- એની કન્યાને જે વ્યથા છે તે આબેહૂબ આલેખી શક્યા છે. કન્યાને જે કંઈ દર્દ છે તે તો હજુ લીલુંછમ્મ મ્હોરવાના અભરખામાં ગોપિત છે. લીલુંછમ્મ મ્હોર્યા વિના જ જાણી તાજી કૂંપળ કપાઈ ગઈ એવી વ્યથાને મુકેશ જોશી આ રીતે

આલેખે છે.

"ઢોલ અને શરણાઈ શેરીમાં વાગિયાં-
ને ગામ મને પરણાવી રાજી,
લીલાછમ્મ મ્હોરવાની આશાથી ઊગેલી,-
કૂંપળ તોડવાની એક તાજી;
ગોરમાને પાંચ પાંચ વરસોથી પૂજ્યાં,-
ને ગોરમા જ નાવને ડુબાડે,
મારું બચપણ..."

કવિશ્રી માધવ રામાનુજના ગીતમાં આંગળીએ વળગેલાં બાળપણાનાં હાલરડાંનાં સ્પંદનો જાગે છે પણ તેથી શું ? ચોરી ચડ્યા પછી ને પાનેતર પહેર્યા પછી એ બધું જ ભૂલી જવાનું. કન્યાને જે દર્દ છે તે છે - આ બધું ભૂલી જવું તેનું. માધવ રામાનુજ કન્યાની ભીતરની વ્યથા આ રીતે રજૂ કરે છે :

"આંગળીએ વળગેલાં સંભાર્યા બાળપણાં
પોઢેલ હાલરડાં જાગ્યાં,
કુંવારા દિવસોએ ચોરીમાં આવીને,
ભૂલી જવાના વેણ માગ્યાં !
પછી હૈયામાં, કાજળમાં, સેંથામાં સતાતુ
ચોરી ગયું રે કોનનું ભાન !
પરદેશી પંખીના ઊડ્યા મુકામ પછી માળામાં ફરક્યું વેરાન."

પ્રસ્તુત ગીતોમાં કન્યાના મનોગતભાવોને ત્રણેય કવિઓએ કલાત્મક રીતે ગૂંથ્યા છે. આ ગીતો ગુજરાતી કવિતામાં યાદગાર બન્યા છે તે બની રહેશે.



## ૨. મીઠી મૂંજવણનાં ત્રણ ગીત

### (૧) કેવડિયાનો કાંટો

કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે,
મૂઈ રે એની મ્હેક, કલેજે દવ ઝાઝેરો લાગ્યો રે,
બાવળિયાની શૂળ હોય તો
ખણી કાઢીએ મૂળ,
કેરથોરના કાંટા અમને
કાંકરિયાની ધૂળ;
આ તો અણદીઠાનો અંગે ખટકો જાલિમ જાગ્યો રે.
કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે.
તાવ હોય જો કડો ટાઢિયો
કવાથ કૂલડી ભરીએ,
વાતરિયો વળગાડ હોય તો
ભૂવો કરી મંતરીએ;
રૂંવે રૂંવે પીડ જેની એ તો જડે નહિ કહીં ભાંગ્યો રે.
કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે.

- રાજેન્દ્ર શાહ

### (૨) ભમરો

બ'ઈ! આ ભમરાને ક્યમ કાઢું ?!
જરી ન જાતો આઘો હું તો ઘણુંય નીર ઉડાડું !
પલક અહીંથી, પલક તહીંથી
લળે વીંઝતો પાંખ્યું,

બે કરથી આ કહો કેટલું
અંગ રહે જી ઢાંક્યું?!
જાઉં ગળાબૂડ જળમાં તોયે મુખ તો રહે ઉઘાડું!
બ'ઈ! આ ભમરાને ક્યમ કાઢું ?!
મેલી મનહર ફૂલ પદમનાં
પણે ખીલ્યાં કૈં રાતાં,
શુંય બળ્યું દીઠું મુજમાં કે
આમ લિયે અહીં આંટા?
ફટ ભૂંડી ! હું છળી મરું ને તમી હસો ફરી આડું !
બ'ઈ! આ ભમરાને ક્યમ કાઢું ?!

- પ્રદ્યુમ્ન તન્ના

## (૩) નજરું લાગી

સોળ સજી શણગાર
ગયાં જ્યાં જરીક ઘરની બ્હાર
અમોને નજરું લાગી !
બે પાંપણ વચ્ચેથી
એક સરકી આવી સાપણ
ડંખી ગઈ વરણાગી.
કાંસા કેરે વાટકડે નજરુંનો ટુચકો કીધો,
હવે ન ઊખડ્યો જાય, થાળીને વળગી બેઠો સીધો,
આવા ન્હોર ઉતાર
નજરના આમ ન તૂટે તાર.



અમોને નજરું લાગી.
તેલ તણી લઈ વાટ અમે દીવાલ ઉપર જઈ ફેંકી,
ખીલી સમ ખોડાઈ ગઈ ત્યાં નવ વાંકી નવ ચૂકી,
જડનેયે આ સૂઝ
તો રહેવું કેમ કરી અણબૂજ
અમોને નજરું લાગી !
સાત વખત સૂકાં મરચાંનો શિરથી કર્યો ઉતાર,
આગ મહીં હોમ્યાં ત્યાં તો કૈ વધતો ચાલ્યો ભાર,
જલતાં તોય ન વાસ
અમોને કેમ ન લાગ પાસ?
અમોને નજરું લાગી.
ભૂવો કહે ના કામ અમારું, નજર આકરી કોક,
ટુચકા તરહ તરહ અજમાવી થાક્યાં સઘળા લોક,
ચિત્ત ન ચોંટે ક્યાંય
હવે તો રહ્યું સહ્યું ન જાય,
અમોને નજરું લાગી !
'લ્યો, નજરું વાળી લઉં પાછી' એમ કહી કો આવ્યું
નજરું પાછી નહીં મળે આ દરદ હવે મનભાવ્યું
હવે નજરનો ભાર
જીવનનો થઈ બેઠો આધાર,
અમોને નજરું લાગી.

- હરીન્દ્ર દવે

મીઠી મૂંજવણનો અનુભવ ન કરાવે તો મુગ્ધાવસ્થા શું કામની? આ ત્રણેય કવિઓએ પ્રેમ અને કાવ્યસૌદર્યને નજાકતથી સાચવીને કાવ્યમાં મીઠી મહેંક પ્રસરાવી છે. ત્રણેય ગીતોમાં પ્રણયના અનુભવને ઉત્કટ રીતે ગાવામાં આવ્યો છે. ઉપર્યુક્ત કાવ્યોની નાયિકાઓ માટે પ્રણયનું આ સંવેદન મીઠું ને 'મનભાવત' તો છે જ પણ આ ગીતોની નાયિકાઓ સલુકાઈથી એને ઢાંકે છે. સંતાડે છે. પ્રેમની આ મીઠી મૂંજવણને આ મુગ્ધાઓ જેમ-જેમ ગોપે છે એમ એનો પ્રેમાનુરાગ બળવત્તર બને છે. રાજેન્દ્ર શાહ, હરીન્દ્ર દવે અને પ્રદ્યુમ્ન તન્નાએ આ મીઠી મૂંજવણના દર્દને પોતાની કૃતિઓમાં આલેખ્યાં છે તે જોવાનો અત્રે યત્ન કરું છું.

હરીન્દ્ર દવેના 'નજરું લાગી' ગીતમાં તેની નાયિકા એ નજરુંને એક ઈજનરૂપે જુએ છે તેનું કુશળતાથી કવિએ આલેખન કરી અનેરું કવિત્વ નિર્મ્યું છે. 'નજરું લાગી' (કે લગાડી?) કોઈ ષોડશી સોળ શણગાર સજીને ઘરનો ઊંબરો ઓળંગે છે ત્યારે એનાં હૈયામાં ઊંડે ઊંડે કોઈ એને જુએ એવી ઝંખના હોય જ. સોળ શણગાર સજવાનો બીજો અર્થયે વળી શું હોય શકે ? હરીન્દ્ર દવેની નાયિકા સજી ધજીને ઘરની બહાર નીકળે કે તરત જ એને કોઈની નજર નિહાળે છે. નાયિકા ચતુર છે તરત પામી ગઈ. આથી જ તો પોતાની સખીને કહે છે :

"સોળ સજી શણગાર
ગયાં જ્યાં જરીક ઘરની બ્હાર
અમોને નજરું લાગી !
બે પાંપણ વચ્ચેથી
એક સરકી આવી સાપણ



ડંખી ગઈ વરણાગી."

મુગ્ધવસ્થાના ઉંબરે ઊભેલી નાજુકને નમણી વળી શણગાર સજીને બહાર નીકળે તેને નજર ન લાગે એ જ આશ્ચર્ય કહેવાય. આ કન્યકાને નજરું તો લાગી પણ, "બે પાંપણ વચ્ચેથી એક સરકી આવી સાપણ ડંખી ગઈ વરણાગી." પાંપણની વચ્ચેથી નજર સરકી આવી ને ડંખ મારે છે. અહીં ડંખ છે પણ એમાં ઝેર નથી, આ ડંખ તો મનભાવનને વરણાગી છે. આ ડંખનું પ્રેમરૂપી ઝેર એના રોમરોમમાં વ્યાપી જાય છે. કવિએ અહીં માધુર્યની છાલકથી નાયિકના ચિત્તને ભીંજવી મૂક્યું છે. એનું અંતર મુગ્ધભાવોથી તર-બ-તર થવા લાગે છે.

રાજેન્દ્ર શાહના 'કેવડિયાનો કાંટો' ગીતમાં પણ નાયિકાને આવી જ કંઈક મીઠી મૂંજવણની અનુભૂતિ થાય છે. કેવડિયાનો પણ, એ યે મનમોહક છે. કવિ કહે છે :

કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે,
મૂઈ રે એની મ્હેક, કલેજે દવ ઝાઝેરો લાગ્યો રે,

આ નાયિકાને કેવડિયાનો કાંટો અજાણપણે લાગ્યો છે. આમ જોવા જઈએ તો કેવડિયાનો કાંટો એટલો બધો દર્દવિદારક નથી હોતો, છતાં માની લઈએ તો પણ, એ કાંટો તો પગમાં વાગ્યો ને ! જ્યારે આ કન્યકાને દર્દ તો કલેજે થઈ રહ્યું છે. વાચ્યાર્થથી આગળ વધીએ તો એમ કહી શકાય કે, આ કાંટો કેવડિયાનો તો નથી જ નથી. આ કાંટો કોઈક જુદો જ છે. હાં.... કેવડિયા જેવો મોહક ખરો. કારણકે, એની મોહકતા આ નાયિકાના કલેજે દવ લગાડે છે. આ કાંટાની વેદના નાયિકા માટે તો મીઠીને મોહક જ છે. કદાચ કોઈ કાઢી આપે, ખણી કાઢે તો યે આ કન્યકા એને ખણવા દે

ખરી ? રાજેન્દ્ર શાહે કેવડિયાનો કાંટાને મૂર્તરૂપ બક્ષી અમૂર્ત એવા પ્રણયરૂપી કાંટાને ક્રિયાન્વિત કર્યો છે.

તો પ્રદ્યુમ્ન તન્નાએ 'ભમરો' કાવ્યમાં પણ ભમરાની વાત કરીને નાયિકાના પ્રેમજગતને ખુલ્લું કર્યું છે. કવિ કહે છે :

"બ'ઈ! આ ભમરાને ક્યમ કાઢું ?!
જરી ન જાતો આઘો હું તો ઘણુંય નીર ઉડાડું !"

મુગ્ધાવસ્થામાં જેમનું યૌવન ભર્યું ભર્યું ને છલકાતું હોય તેની પાછળ ભમરા ન પડે એ નવાઈ જ ગણાય. મેં અમિતાભ બચ્ચનની એક ફિલ્મ જોઈ હતી. તેમાં, એની નાયિકા પૉલિસ સ્ટેશનમાં આવી છોકરાઓ એની પાછળ સીટી વગાડે છે ત્યારે નાયક જવાબ આપે છે, -" આવું રૂપ અને આટલા ટૂંકા ટૂંકા કપડાં પહેરીને નીકળો ત્યારે છોકરાં સીટી ન વગાડે તો શું મંદિરમાં જઈને ઘંટ વગાડે!" મુગ્ધાવસ્થાની વય જ એવી છે એનું લાવણ્ય, રૂપને યૌવન ભમરાઓને લલચાવે છે. પ્રદ્યુમ્ન તન્નાની નાયિકા પોતાની સખીને ઉદ્દેશીને કહે છે કે, "મારી આજુબાજુ ભમરાઓ સતત ભમ્યાં જ કરે છે." ને નાયિકા માટે માથાનો દુઃખાવો નહીં પણ મીઠી મૂંજવણ બની જાય છે. પોતાની બાજુમાં ભમતાં ભમરાને એ હાંકી કાઢવા, દૂર હડસેલવા પ્રયાસ કરે છે. ખરા અર્થમાં તો આ મુગ્ધા એને દૂર કાઢવાનું અમથું અમથું નાટક જ કરે છે - એને તો એ ગમેછે - ભાવે છે. પ્રદ્યુમ્ન તન્ના એક કુશળ ચિત્રકાર હોઈ ભમરા ઉડાડતી આ સ્ત્રીનું સુંદર શબ્દચિત્ર લયવિધાન દ્વારા દોરી શક્યાં છે. આ ગીતમાં વાત ભમરાની લાગે છે છતાં અહીં ભમરાનો અર્થ અભિપ્રેત નથી. એ નાયિકાના ઉદ્ગારોમાં જ સ્પષ્ટ અભિવ્યક્ત થઈ જાય છે.



'નજરું લાગી' કાવ્યમાં પણ એની નાયિકા નજરું ઉતારવાનો દંભ કરતી દેખાય છે -

"કાંસા કેરે વાટકડે નજરુંનો ટુચકો કીધો,
હવે ન ઊખડ્યો જાય, થાળીને વળગી બેઠો સીધો,
આવા ન્હોર ઉતાર
નજરના આમ ન તૂટે તાર
અમોને નજરું લાગી.
તેલ તણી લઈ વાટ અમે દીવાલ ઉપર જઈ ફેંકી,
ખીલી સમ ખોડાઈ ગઈ ત્યાં નવ વાંકી નવ ચૂકી,
જડનેયે આ સૂઝ
તો રહેવું કેમ કરી અણબૂજ
અમોને નજરું લાગી !"

હજુએ ગામડાઓમાં બાળકોને 'નજર લાગી', 'ટોક લાગી', 'ચમકી ગયો,' 'ઝપટમાં આવી ગયો' - એમ કહીને ભૂવા-ભગત પાસે નજર ઊતરાવે છે. નજર ઉતારવાના કેટલાક ઘરગથ્થુ ઉપાયો-ઉતાર પણ છે. હરીન્દ્ર દવેની નાયિકા પરંપરિત રીતે અપનાવે છે કાંસાના વાડકાનો ટુચકો કરે છે એને થાળીએ વળગાડે છે પણ આશ્ચર્ય એ છે કે, વાડકો થાડી સાથે ચોંટી જાય છે. નાયિકાને નજરુંના પ્રભાવની ખબર પડે છે કે, આ કાંઈ જેવી તેવી નજરનું કામણ તો નથી જ. તેલની વાટ અને ખીલીનો ટુચકો પણ અજમાવી જુએ છે પણ ખીલી ખોડાય જાય છે. હરીન્દ્ર દવેએ અહીં આપણા ગામડાની પરંપરાને જીવંત કરી ષોડશીના મનોગતને કુશળતાથી ચિત્રિત કર્યું છે. નાયિકાના જીવનમાં કોઈ અણબોલાવ્યું પ્રવેશ્યું છે. જો કે, નાયિકાને એનીયે મીઠી વેદના છે જે મનગમતી છે.

રાજેન્દ્ર શાહની નાયિકાને પણ કાંટો વાગ્યો પણ કાંટો તો અદૃશ્ય છે. એને કાઢવા માટે આ નાયિકા પણ કેટલાક ઉપાયો અજમાવે છે. પણ આ તો -

"બાવળિયાની શૂળ હોય તો
ખણી કાઢીએ મૂળ,
કેરથોરના કાંટા અમને
કાંકરિયાની ધૂળ;
આ તો અણદીઠાનો અંગે ખટકો જાલિમ જાગ્યો રે.
કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે."

બાવળની શૂળ હોત તો એને ખણી કાઢત, કેરથોરનો કાંટો એમને મન કકરિયાળી ધૂળ, પણ આ તો અણદીઠાનો ખટકો છે. જે જોઈ શકાતો નથી તે કાઢવો કઈ રીતે ? કવિએ અહીં પ્રણયવિદ્ધ નાયિકાની મનોદશાનો સુપેરે પરિચય આપ્યો છે. કાંટો વાગ્યો તો છે જ પણ અણદીઠો છે. વાસ્તવમાં તો નાયિકાના હૃદયની મીઠી વેદનાનું આ ગાણું છે. "કેવડિયાનો કાંટો" અહીં પ્રણયાનુભૂતિનું પ્રતીક બને છે. તેની વેદના સૂક્ષ્મ છે જે કલેજાને કોરી ખાય છે. તેનો કોઈ ઉપાય આ મુગ્ધાને જડતો નથી. બસ એ વેદનાની મીઠી મ્હેંકનો અહેસાસ કરવો એ જ નાયિકા માટે શક્ય છે.

પ્રદ્યુમ્ન તન્નાની ષોડશી પણ ભમરાથી બચવાના કેટલાક ઉપાયો કરે છે. સરોવરમાં સ્નાના કરતી કોઈ કામિનીની પાસેથી ભમરો દૂર થાય એ વાતમાં કોઈ માલ નથી. જુઓ આ મુગ્ધાની કહેવાતી વ્યથા :

"પલક અહીંથી, પલક તહીંથી
લળે વીંઝતો પાંખ્યું,



બે કરથી આ કહો કેટલું
અંગ રહે જી ઢાંક્યું?!
જાઉં ગળાબૂડ જળમાં તોયે મુખ તો રહે ઉઘાડું!
બ'ઈ! આ ભમરાને ક્યમ કાઢું ?!"

ભમરાને ઉડાડવા મથતી નાયિકાની મીઠી મૂંજવણ ઔર વધી થાય છે. સરોવરમાં નહાવા પડેલી નાયિકાની લગોલગ ઉભેલો ભમરા હટતો નથી ત્યારે નાયિકા પોતાના કોમળ હાથથી મુગ્ધ તનને ઢાંકવા મથે છે પણ યૌવન કાંઈ ઢાંક્યું ઢંકાય ? આખરે સરોવરમાં ગળાબૂડ ઊભી રહે છે પણ મુખ તો ઉઘાડું જ રહી જાય છે. શું એનું મુખદર્શન પેલાં ભમરાં માટે પર્યાપ્ત નથી?

હરીન્દ્ર દવેના 'નજરું લાગી' કાવ્યમાં પણ નાયિકા વળગાડને - નજરને ઉતારવા વિધ્‌વિધ્ ઉતાર કરે છે આખરે ભૂવાને પણ અજમાવે છે પણ-

"ભુવો કહે ના કામ અમારું, નજર આકરી કોક,
ટુચકા તરહ તરહ અજમાવી થાક્યાં સઘળા લોક,
ચિત્ત ન ચોંટે ક્યાંય
હવે તો રહ્યું સહ્યું ન જાય,
અમોને નજરું લાગી !"

ભુવો 'નજર આકરી કોક' કહીને પોતાની અસમર્થતા બતાવે છે. નાયિકાએ તરહ તરહના ટુચકા અપનાવી જોયા, છતાં એનું ચિત્ત પણ ક્યાંય ચોંટતું નથી. નથી ક્યાંય રહેવાતું કે નથી કાંઈ સહેવાતું. આવી સ્થિતિમાં 'કોક' એની વ્હારે આવે છે ને કહે છે :

" 'લ્યો, નજરું વાળી લઉં પાછી' એમ કહી કો આવ્યું
નજરું પાછી નહીં મળે આ દરદ હવે મનભાવ્યું

હવે નજરનો ભાર
જીવનનો થઈ બેઠો આધાર,
અમોને નજરું લાગી.''

'કો'ક' એટલે કોણ ? નાયિકા માટે એ 'કો'ક' હવે 'કો'ક' રહેતો નથી. 'નજરું ઉતારી લઉં પાછી' એમ કહેનારને નાયિકા નજરું પાછી આપવાની ફટ્ ના પાડી દે છે. નજરું પાછી આપવી હવે નાયિકા માટે શક્ય નથી. નજરુંના વળવણ વિના એને અધૂરપનો અહેસાસ થવા લાગશે એવી બીકને કારણે 'નજરું પાછી' આપવા સ્પષ્ટ નન્નો ભણે છે. કારણકે, આ મીઠી મૂંજવણને - વેદનાને એણે સામે ચાલીને સ્વીકારી લીધી છે. કારણકે, આ 'દરદ હવે મનભાવ્યું' એ તો હવે જીવન જીવવાનો આધાર બની બેઠી છે. નાયકની નજરુંને આંખોમાં કેદ કરી લેવાની નાયિકાની સ્પષ્ટતા હરીન્દ્ર દવેએ કુશળતાથી આલેખી છે.

શ્રી રાજેન્દ્ર શાહની કન્યકા પણ કાંટાની પીડા દૂર કરવા ભૂવાનો સહારો લે છે. એ કહે છે :

''તાવ હોય જો કડો ટાઢિયો
કવાથ કૂલડી ભરીએ,
વાતરિયો વળગાડ હોય તો
ભૂવો કરી મંતરીએ
રૂંવે રૂંવે પીડ જેની એ તો જડે નહિ કહીં ભાંગ્યો રે.
કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે.''

જો કોઈપણ પ્રકારનો તાવ હોત તો એને એકવાર તો ઉતારી દેત, જો કોઈ વાંતરિયો વળગાડ હોત તો કોઈ ભૂવો એને જંતર-મંતરથી વાળી લેત, પણ આ તો 'રૂંવે રૂંવે પીડ' વ્યાપી ગઈ એવો



પ્રણયનો સૂક્ષ્મ કાંટો છે. ભલા કઈ રીતે નીકળે ! લય અને ઢાળ તેમજ એમાં અંકુરાઈ રહેલાં પ્રેમભાવને કારણે રાજેન્દ્રશાહનું આ ગીત એક નોંધનીય રચના બને છે. કવિએ અહીં ગામડા-ગામની કોઈ ષોડશી કોમળને મુગ્ધ મનોગતને કુશળતાથી આલેખ્યું છે. રઘુવીર ચૌધરી રાજેન્દ્ર શાહ માટે નોંધે છે -

''શાન્ત રસથી જુદી પડતી કવિતા વનવાસીનાં ગીતોમાં અહીં તોફાની, રંગીન પ્રણયભાવ આલેખાયો છે. પર અનુભવક્ષેત્રને અપર, આત્માસાત્ કરી શકે તેવું સંવેદનપટુ ઉપર અને કથ્યને અભિરામ આકૃતિ આપી શકે તેવી કલાસૂઝ રાજેન્દ્ર શાહે ગીતોમાં બતાવી છે.''

(અદ્યતન કવિતા - પૃ.૨૧)

પ્રદ્યુમ્ન તન્નાના ગીતમાં પણ અંતે એ જ બને છે. સ્ત્રીની આસપાસ ફરતો પેલો ભમરો ખુદ કાવ્યનાયક જ છે. આ કાવ્યનાયકના પાગલપન - આવારાપનથી નાયિકા ઢળી મરે છે ને કહે છે :

''ફટ્ ભૂંડી ! હું છળી મરું ને તમી હસો ફરી આડું !
બ'ઈ! આ ભમરાને ક્યમ કાઢું ?!''

'ફટ્ ભૂંડી' કહીને નાયિકા પોતાની સખીને હસવા પર વાર કરે છે ખરેખર તો આ નાયક પ્રતિનો એમનો મનગમતો હકારનો ઉદ્ગાર છે. આખા ગીતમાંથી પસાર થતાં એટલું ચોક્કસ ફલિત થાય છે કે. આ ગીતમાં કોઈ ભમરાની વાત નથી, આ તો પ્રણયની મીઠી મૂંજવણની વાત છે. અહીં પ્રદ્યુમ્ન તન્નાએ નાયિકાની મીઠી મૂંજવણને કુશળતાથી આલેખી છે. શ્રી સુરેશ દલાલ પ્રદ્યુમ્ન તન્ના

વિશે નોંધે છે :

"અહીં ગીતોમાં છોળ છે.ભલે પ્રદ્યુમ્ને ક્યારે અછાંદસ કાવ્યો લખ્યાં હોય, પણ એમને ફૂટી છે ગીતીનો છોળ."

પ્રસ્તુત ત્રણેયે રચનાઓમાં આપણાં લોકગીતો અને લોકસંસ્કૃતિની પરંપરાનો સ્પષ્ટ આભાસ જોવા માળે છે. અહીં નજરું, કાંસા, વાટકા, ભૂવો, કેરથોર, કવાથ ફૂલડી, વાંતરિયો, વળગાડ, બ'ઈ, ફટુભૂડી, ક્યમ - જેવા લોકબોલીના શબ્દોએ આ ગીતોને માધુર્ય બક્ષ્યું છે. એ કારણે આ ગીતોનું કલાવિધાન અદકેરું ઉપસે છે. પ્રણભાવની અભિવ્યક્તિ માટે લોકબોલી, ગ્રામ પરિવેશ ભાવકના મનને-હૃદયને તર-બ-તર કરી દે છે. 'નજરું લાગી', 'કેવડિયાનો કાંટો' અને 'ભમરો' ત્રણેય ગીત વારંવાર અવલોકવા ગમે તેવા છે. અંતે રાજેન્દ્ર શાહ માટે પ્રસાદ બ્રહ્મભટ્ટે કરેલા વિધાનને ટાંકું તો -

"ઊર્મિકવિતાનું અત્યંત મહત્વું લક્ષણ - લિરિસિઝમ એમની કવિતામાં નૂતનતા અને તાજપ સાથે અભિવ્યક્તિ થાય છે. એમની કવિતા સૌન્દર્યનુભૂતિની પીઠિકા પર આસ્વાદી શકાય છે એનું કારણ છે એમની અપૂર્વ સંવેદનક્ષમતા. કવિમાં સૂક્ષ્મ સંવેદનશક્તિ પણ છે. આ બે શક્તિઓનું રસાયણ રચાતા કવિતામાં ભાવસૌન્દર્ય પ્રગટી ઊઠે છે."

(રાજેન્દ્ર શાહના ૧૧૧ કાવ્યો, પૃ. ૫૬)

- અસ્તુ -



## ૩. ત્રણ ઋતુ કાવ્યો - આસ્વાદ

પ્રકૃતિ સ્વયં પરિવર્તનશીલ છે ને છતાં શાશ્વત છે. પ્રકૃતિને મનુષ્ય સાથે સીધો નાતો રહ્યો છે. લાખો વરસથી મનુષ્ય પ્રકૃતિના ખોળે ખેલી રહ્યો છે. પ્રકૃતિના સાનિન્ધ્યમાં જ એનો ક્રમિક વિકાસ સધાયો છે. પ્રકૃતિના અનેક ભાવસંવેદનો, એની ઋતુગત્ વિધ્ વિધ્ અવસ્થાઓ માનવચિત્ત ઉપર સારી-માઠી અસર નિપજાવે છે. કહીએ કે, મનુષ્યના સર્વ સુખ-દુઃખની પ્રકૃતિ અધિષ્ઠાન છે. પ્રકૃતિના કોમળ-કરાલ, લલિત-ભવ્ય એવાં અનેક નિત નિરાળાંરૂપો માનવમનને જાણે-અજાણ્યે સ્પર્શી જાય છે. આજનો માનવ ભલે ટૅકનોલોજીને વિજ્ઞાનના યુગમાં ચંદ્ર લગી પહોંચી ગયો હોય છતાં, એ પ્રકૃતિથી પૂર્ણતઃ કક્ષાએ વિમુખ થયો નથી; થઈ પણ શકે નહીં. આ અવિનશ્વર પ્રકૃતિના વિવિધરૂપોની મહત્તા અનેક કલાકારોની કૃતિનું ભાનજ બની રહે છે.

અહીં પ્રજારામ રાવળકૃત 'શિશિર', મનોજ ખંડેરિયા કૃત 'રસ્તા વસંતના' અને નિરંજન ભગતકૃત 'આષાઢ' ત્રણ કાવ્યરચનાઓ તપાસવાનો યત્ન કર્યો છે. 'શિશિર', 'વસંત' અને 'વર્ષા' જેવી ત્રણ ઋતુઓની આપણાં ચિત્ત તેમજ પ્રકૃતિના પરિવેશનાં કેવાં કેવાં રૂપો સર્જાય છે તેનું અહીં સુદર આલેખન થયું છે. આ પ્રકૃતિ આપણાં પરિચિત છતાં અપરિચિત એવા આપણા અનુભવ-પ્રદેશનો જે ઉઘાડ કરે છે તેને તપાસવાનો અહીં ઉપક્રમ સેવ્યો છે. ત્રણે કૃતિઓનું ભાવન ક્રમશઃ આ પ્રમાણે કરું છું.

## (૧) શિશિર

ખરખર ખરે
પાનખર પર્ણ
ઝરમર ઝરે.
શિશિરની શીત લહરજરી વાય,
વૃક્ષની કાય
જીર્ણ અતિ, પત્ર પત્ર થર્થરે !
પીત અતિ શુષ્ક
ખડખડે, રુક્ષ
વૃક્ષથી ખરે,
હવામાં તરે,
ધીમેથી ધરતી પર ઊતરે;
એક પછી એક
ઝરંત અનેક
પત્રનો તંત
વહંત અનંત
ઊઘડે તરુવર કેરી કાય,
ચીવરે પીત ધરા ઢંકાય;
વૃક્ષ નિજ રૂપ ધરંતુ નગ્ન,
પીત ચીવરમાં ધરતી મગ્ન;
બેઉ તપ તપે,
પંખી પંખીની સોડે લખે.

- પ્રજારામ રાવળ (પદ્મા)



પ્રજારામ રાવળ પાસેથી ‘પદ્મા’ અને ‘નાન્દી’ જેવા કાવ્યસંગ્રહો મળે છે. શ્રી અરવિંદના પૂર્ણયોગથી પ્રભાવિત થયેલા આ કવિ માટે સાધના જ જીવન અને કવનનો વિષય બન્યો લાગે છે. છતાં ‘અંધકાર મહેકે છે’, ‘શિશિર’ જેવી કેટલીક સુંદર પ્રકૃતિ કવિતાઓ તેમની પાસેથી મળી છે. કાન્તની પરંપરાના લાગતા આ કવિ પાસે ભલે કવિતાનું વૈપુલ્ય નથી છતાં, એમની કેટલીક સુંદર કવિતાઓ ગુજરાતી કવિતાની સંપતિ બને છે એ નોંધવું ઘટે છે.

પ્રજારામ રાવળ કૃત ‘શિશિર’ કાવ્યમાં ઈન્દ્રિયગમ્યતાનો સાક્ષાત્કાર થતો પમાય છે. આપણી પંચેન્દ્રિય ઉપર પ્રકૃતિની અસર તો થવાની જ. કવિએ કાવ્યની શરૂઆતથી જ આપણી ઈન્દ્રિયોને સતેજ કરી દીધી છે. આપણે અજ્ઞાનપણે (છતાંયે સભાન) બેઠાં હોઈએ કે કોઈ રસ્તે જતાં હોઈએ ત્યાં અચાનક જ કર્ણપટ પર કોઈ અવાજ અથડાય ને આપણે એ અવાજ ભણી નજર કરીએ છીએ. પ્રજારામ કાવ્યની શરૂઆત જુઓ કેવી ઈન્દ્રિયગમ્ય કરે છે.

“ખરખર ખરે
પાનખર પર્ણ
ઝરમર ઝરે.”

‘ખરખર ખરતાં પર્ણ’ નો અવાજ આપણી શ્રવણેન્દ્રિયને સ્પર્શે છે. વૃક્ષો પરથી પર્ણો ખરી રહ્યાં છે આ ખરતાં પાંદડાંની શૃષ્કતાનો રુક્ષ અવાજ કર્ણપટ પર આથડે ન આથડે ત્યાં તરત જ ‘પર્ણ ઝરમર ઝરે’ કવિ પાંદડાંના ખરવાના અવાજમાં રહેલી સંગીતમયતાનો અનુભવ કરાવીને ઝરમર ઝરતા પર્ણોનું દશ્ય ચક્ષુ સમક્ષ ખડું કરી દશ્યેન્દ્રિયને સતેજ કરે છે. અહીં કવિએ

ઈન્દ્રિયગોચતાનું સુંદર આલેખન કર્યું છે. કવિ હેમન્ત દેસાઈની વર્ષા નિમિત્તે લખાયેલી પંક્તિઓમાં ઈન્દ્રિયગમ્યતાનો અનુભવ ટાંકવા મન લલચાય છે :

"આ શ્રાવણિયાંના જલ વરસે
ઝરકાર ઝરમરતાં ફોરા રે,
કોઈ વીંઝોળે નભ બોરડી
દડ દડ દડદડતા બોરાં રે. !"

પ્રજારામ રાવળ 'શિશિર' કાવ્યમાં પ્રથમ કાન, આંખ અને પછી તરત જ સ્પર્શેન્દ્રિયનો અનુભવ કરાવતાં કહે છે.

"શિશિરની શીત લહર જરી વાય,
વૃક્ષની કાય
જીર્ણ અતિ, પત્ર પત્ર થર્થરે
પીત અતિ શૃષ્ક."

કવિએ શિશિરની શીત લહરીનો સ્પર્શ કરાવ્યો. આ શીતલહેર માત્ર વૃક્ષને જ સ્પર્શે છે એવું નથી. આપણે પણ તેનો ઈન્દ્રિયગમ્યતાનો અનુભવ કરી શકીએ છીએ. કાવ્યની પ્રથમ પંક્તિમાં પર્ણના ખરવાનો અવાજ કર્ણપટ ઉપર આથડે છે, ત્રીજી પંક્તિમાં આ ખરતાં પર્ણનું દશ્ય આંખ સમક્ષ સળવળે. જાણે વૃક્ષોના પર્ણો વર્ષાની જેમ ઝરમર ઝરી રહ્યાં હોય એવું દશ્ય આંખ સામે ઊઘડે છે ત્યાં ચોથી પંક્તિમાં શિશિરની શીત લહરીનો સ્પર્શ થાય છે. દશ્ય, શ્રવણ અને સ્પર્શ ત્રણેય ઈન્દ્રિયોને કવિએ સહજભાવે આલેખી પોતાના કવિકર્મનું ઉત્તમ દષ્ટાંત આલેખ્યું છે. કવિએ અહીં શીત લહેરીને કારણે વૃક્ષમાં વ્યાપ્ત જીર્ણતાને પ્રકટ કરી છે. અતિ શુષ્ક એવા પર્ણો - રુક્ષ થયેલા પર્ણો વૃક્ષોમાંથી હવામાં તરતા તરતા



જાણે ધીમે ધીમે ધરતી ઉપર ઊતરી રહ્યાં છે તેનું દશ્ય કંડારતાં કવિ આગળ કહે છે :

"જીર્ણ અતિ, પત્ર પત્ર થર્થરે !
પીત અતિ શુષ્ક
ખડખડે, રુક્ષ
વૃક્ષથી ખરે,
હવામાં તરે,
ધીમેથી ધરતી પર ઊતરે,
એક પછી એક
ઝરંત અનેક
પત્રનો તંત
વહંત અનંત."

વૃક્ષ પરથી એક પછી એક પર્ણના તંત અનંત વહી રહ્યાનું સંવેદન કવિએ ઘણું સજીવ બનાવ્યું છે. એક આંચકા સાથે ખરતું પર્ણ જાણે વૃક્ષની છત્રછાયા છોડીને ધરતી ખોળે જઈ પડે છે. અહીં ખરતાં પર્ણની હળવાશમાં કવિએ કુશળ કવિ કર્મ દાખવ્યું છે. આ ત્રણેય ઈન્દ્રિયોનો સંતપર્ક અનુભવ ભાવકના ચિત્તમાં અનેરો રોમાંચ સર્જે છે. જીર્ણતાસૂચક પીળા પડી ગયેલાં રંગ જેવા ખરતા પાંદડાનો રુક્ષ અવાજ પણ અનેરું પરિમાણ રચે છે. કવિ આ સંવેદનને વિસ્તારથી આલેખતાં કહે છે :

"ઊઘડે તરુવર કેરી કાય,
ચીવરે પીત ધરા ઢંકાય;
વૃક્ષ નિજ રૂપ ધરંતુ નગ્ન,
પીત ચીવરમાં ધરતી મગ્ન."

કવિ ઝરતાં પર્ણો આલેખી વળી એક નવું રહસ્ય પ્રગટ કરે છે - વૃક્ષોની નિરાવરણતાનું. વૃક્ષોએ ધારણ કરેલા વસ્ત્રો જાણે ઊતરી ગયા છે ને એ જ વસ્ત્રો ધરતી પર પથરાય ગયા છે. એ જ વસ્ત્રો હવે ધરતીએ ધારણ કર્યા છે. એનો પીળો રંગ કવિને કોઈ બૌધ્ધ શ્રમણના પીળાં 'ચીવર'ની યાદ અપાવે છે. અહીં કવિએ બૌધ્ધ શ્રમણની જેમ આ વૃક્ષો પણ જાણે તપશ્ચર્યા કરી રહ્યાં છે તેની સરસ કલ્પના કરી છે. તપસ્યાનો એક અર્થ એ પણ છે કે, કશુંક પામવું. કશુંક મેળવવા માટે તપશ્ચર્યા કરવી. વૃક્ષો પણ તપસ્યા કરી રહ્યાં છે એ વસંતાગમનને ભેટવા માટેની જ છે.

કાવ્યાંતે પહોંચતા કવિ સુંદર ઉપમા પ્રયોજતાં કહે છે :-

"બેઉ તપ તપે,
પંખી પંખીની સોડે લખે."

વૃક્ષો તો તપ કરે જ છે પણ ધરતી પણ તપ કરી રહી છે. આ શિશિરની શીતલહરીમાં પંખી પણ હૂંફને શોધી રહ્યાં છે. આ અંગે ડૉ. સુરેશ જોષી નોંધે છે :-

"કાવ્યની છેલ્લી પંક્તિમાં કવિએ અણધારી ઉપમા પ્રયોજી દીધી છે. વૃક્ષ અને ધરતી તપ તપે છે. એ તપ જ બંનેને નિકટ લાવે છે. શિશિરની શીનો કમ્પ જ આપણા એકાકીપણાનું ભાન કરાવીને કોઈની સોડની હૂંફ શોધવા પ્રેરે છે. આ નિકટતાનું સુન્દર પ્રતીક તે પંખીની સોડમાં હૂંફ પામવા લપાતું પંખી. આ પ્રતીક યોજનાથી નિકટતાની અનુભૂતિ સુરેખ આકાર ધારણ કરી રહે છે........... ........... ......... કાવ્યમાં ખરતા પાંદડાના લયને પણ કવિ પકડી શક્યા છે. એ હવામાં જે રીતે સેલારા લેતું, તરતું તરતું નીચે ઊતરે છે તે લયને અનુરૂપ કાવ્યમાં એમણે લય યજ્યો છે."

(ગુજરાતી કવિતાનો આસ્વાદ. પૃ.૯૦)



### (૨) રસ્તા વસંતના

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતના
મલયાનિલોની પીંછીને રંગો ફૂલોના લૈ,
દોરી રહ્યું છે કોણ આ નકશો વસંતના.
આ એક તારા અંગેને બીજો ચમન મહીં,
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના.
મ્હેકી રહી છે મંજરી એકેક આંસુમાં,
મ્હાર્યા છે આજ આંખમાં આંબા વસંતના.
ફાંટુ ભરીને સોનું સૂરજનું ભરો હવે,
પાછા ફરી ન આવશે તડકા વસંતના.

- મનોજ ખંડેરિયા

મનોજ ખંડેરિયા મારો પ્રિય ગઝલકાર. આ ગઝલકારે આધુનિકતા અને પ્રયોગશીલતા ઊભયને પચાવીને એક ગઝલકાર તરીકે સ્વકીયમુદ્રા ઉપસાવી છે. વ્યવસાયે વકીલ અને ઉદ્યોગપતિ એવા મનોજ ખંડેરિયાએ ગઝલક્ષેત્રે પણ નવા આયામો ઊભા કર્યા છે. કહીએ કે, ગુજરાતી ગઝલની ભીતર પ્રાણવાયુ ફૂક્યો. મનોજ ખંડેરિયાએ ગઝલ ઉપરાંત ગીત, અછાંદસ, દીર્ઘકાવ્યો, અંજની કાવ્યો - વગેરે ઉપર પણ કલમ ચલાવી છે પણ એમનું કવિકર્મ સોળે કળાએ ખીલ્યું હોય તો તે છે તેમની ગઝલો.

ભલે આજે આપણી વચ્ચે મનોજ ખંડેરિયા ઉપસ્થિત નથી, પણ એમનાં કવિકર્મથી ગુજરાતી સાહિત્ય હંમેશાં તેને યાદ કર્યા કરશે.

"શબ્દ અમારી તક્ષશીલાને
કવિતાને સમજ્યા નાલંદા."

કવિ માટે તો શબ્દો જ સર્વસ્વ હોય છે. મનોજે સતત શબ્દનો અને કવિતાનો મહિમા આલેખ્યો છે. જેમને શબ્દોનું જ સાંનિધ્ય - સદ્‌ભાગ્ય સાંપડ્યું હોય એવા કવિને બીજું તે વળી શું જોઈએ ? મનોજનો સતત મનમાં રમ્યાં કરતો શે'ર જુઓ -

"રીસમ અહીંની જુદી, નિયમ સાવ નોખા
અમારે તો શબ્દો જ કંકુ ને ચોખા."

શબ્દની આરાધના કરનારા આ કવિની કવિતા પ્રત્યેની પ્રેમાળવૃત્તિ કહીએ કે કવિતા પ્રત્યેનો પક્ષપાત એમની અનેક રચનાઓમાં પામી શકાય છે. એમનો આ શે'ર આલેખવાનો મોહ છોડી શકાતો નથી -

"કવિતા તો છે કેસર વાલમ !
ઘોળો સોના - વાટકડીમાં."

'રસ્તા વસંતના' મનોજ ખંડેરિયાની યશોદાયી કૃતિ છે. છ શે'રની બનેલી આ ગઝલ ગુજરાતી કવિતામાં ઘણી લોકપ્રિય બની છે. અહીં કવિએ 'વસંતના' જેવા રદીફની પસંદગી કરીને ભાવ અને વિચારનું ઐક્ય સાધીને કેટલાક નૂતન પરિમાણો ખડા કર્યાં છે. કવિએ ગઝલની શરૂઆત ખુબ જ આકર્ષણ જન્માવે એવા અંદાજથી કરી છે. એમની મનોરમ કલ્પના કેવું હૃદયંગમ રૂપ ઉપસાવે છે તેનું પ્રથમ શે'રથી જ આલેખન ભાવકચિત્તને સ્પર્શી જાય છે.



જુઓ એનો ઉઘાડ-

"આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતના."

આ ચિત્રાંકનમાં કવિની પ્રકૃતિપ્રીતિ સુપેરે ઉદ્‌ઘાટિત થાય છે. અહીં માત્ર કોઈ એક ડાળ નહીં પણ 'ડાળ-ડાળ' - એકાએક ડાળ - પ્રત્યેક ડાળમાં મહોરેલાં ફૂલો, એની વાંકી-ચૂકી લીલીછમ્મ ડાળી, એની સંગંધ આ સૌ શું છ ? - કવિએ એની અનન્ય કલ્પના કરી છે, એ નો વસંત પસાર થઈ રહી છે એનાં પગલાં છે. કવિ માત્ર ફૂલો ને ડાળીની વાત કરી અટકી જતાં નથી પણ આ પ્રકૃતિની માનવમન પર થતી પ્રબળ અસરને પણ આલેખે છે. મનોજ ખંડેરિયાએ અહીં વસંતદેવીનું સુંદર શબ્દચિત્ર દોર્યું છે. કહીએ કે, વસંતના પડેલા રંગભર્યા, સુગંધભર્યાં પગલાં દ્વારા કવિએ અનોખું કવિકર્મ સર્જ્યું છે.

અહીં કવિએ વસંતના સૈન્દર્યને આલેખી તેનાંથી માનવમનમાં જાગેલાં સંચલનો - ભાવસંવેદનોને આલેખી વસંતના ઉન્માદની પ્રભાવક્તાનો નિર્દેશ કર્યો છે. આ ગઝલને બીજો શે'ર પણ એટલો જ પ્રભાવક બન્યો છે -

'મલયાનિલોની પીંછી ને રંગો ફૈલોના લૈ,
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના.'

મલયાનિલની વાત તો અનેક કવિઓએ રજૂ કરી છે. મલયાનિલ એટલે પુષ્પોના પહાડ મલ્ય પરથી આવતો સુગંધિત પવન. આ કવિની એક ઈન્દ્રિયગમ્ય કલ્પના છે. ફૂલોમાં ઉપસેલી વિવિધભાત, ધીમે ધીમે વહી રહેલો સુગંધિત પવન આ શું છે ?- પ્રત્યુત્તર પણ કવિ જ આપે છે - નકશા વસંતના. 'વસંત વિજય'

કાવ્યમાં પણ કવિ કાન્તે વસંતની માદકતાને આલેખતાં કુસુમરજ લઈને વાતો - ડોલતા વાયુની સુંદર કલ્પના કરી છે 'કાન્ત' કહે છે :

"ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય,
ચોપાસે વલ્લિઓથી પરિમલ પ્રસરે, નેત્રને તૃપ્તિ થાય;
બેસીને કોણ જાણે ક્યહિં પર ભૃતિકા ગાન સ્વર્ગીયગાય,
ગાળી નાખે હલાવી રસિક હૃદયને, વૃત્તિથી દાબ જાય."

કાન્તની જેમ મનોજ ખંડેરિયાએ પણ વસંતના ઉન્માદપ્રેરક વાતાવરણને એની પરાકાષ્ઠાએ આલેખ્યું છે. કવિએ અહીં આ ચિત્રનો દોરનાર કોણ? એ અધ્યાહારમાં મૂક્યો છે પણ ભાવકને તે તરત જ સમજાય જાય છે.

વૃક્ષોની વાંકી-ચૂકી ડાળો, એનાં પર મધમધતા પુષ્પો, એની સંગંધ- આ સૌ માનવના હૃદયને આકળ-વિકળ બનાવી મૂકે છે. એમનાં હૃદયમાં ઉદ્‌ભવેલાં સૌન્દર્યના ઉન્માદને આલેખતાં ત્રીજા શે'રમાં કહે છે :

"આ એક તારા અંગે ને બીજો ચમન મહીં,
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના."

અહીં કવિએ આત્મલક્ષી ઉદ્‌ગારોને પણ વાચા આપી છે. પોતાની પ્રિયતમાને પણ આ વસંતના સૌન્દર્યમહીં કવિએ સાંકળી દીધી છે. આ વસંતનો પ્રભાવ તો પોતાની પ્રિયતમા ઉપર કળી શકાય છે. કવિને અહીં બે ફાંટાં પડી જતાં હોવાની સુખદ અનુભતિ થાય છે. એક ફાંટો એટલે આ વસંત ખુદ.વૃક્ષોની ડાળીઓ, ફૂલો, સુગંધ વગેરે. જ્યારે બીજો ફાંટો કવિએ જરાપણ છોછ રાખ્યા વિના બતાવ્યો છે એ છે - પ્રિયતમાનું સૌન્દર્ય. આજનો વસંતનો આહ્‌લાદ



જ એવો છે કે, એનાથી એમની પ્રિયતમા પણ બાકાત રહી શકતી નથી. અહીં કવિએ વસંત અને તેમની પ્રિયતમા ઉભયના સૌન્દર્યને હૃદયંગમ રીતે કથ્યું છે. અહીં પોતાની પ્રિયતમાની જ વાત અભિપ્રેત નથી આ વસંતની પ્રભાવક્તાની વ્યાપક અસર તો દરેક મનુષ્યના હૃદય-મનમાં અનેક સંચલનો-વૃત્તિઓ જગાડે છે તેનું રમ્યચિત્ર અહીં ખડું થયા વિના રહેતું નથી.

ગઝલના ચોથા મુકામે વસંતઋતુનો પ્રભાવ કેવો દુઃખમાંથી સુખ ભણી ખેંચી જાય તેનું આલેખ કરે છે કવિ કહે છે તેમ -

"મ્હેકી રહી છે મજરી એકેક આંસુમાં,
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના."

સુખ અને દુઃખ, હર્ષ અને શોક એ તો જીવનની ન ટાળી શકાય એવી ઘટનાઓ છે. 'આંસુ' જેવા શબ્દ આપણને સામાન્ય રીતે તો દુઃખનો જ અહેસાસ કરાવે છે. પણ અહીં કવિએ 'આંસુ'ને દર્દનું પરિચાયક નહીં પણ સુખદ ગણાવ્યાં છે. આ આંસુ હર્ષના આંસુ છે. આંખોમાં મંજરી મહેક-મહેંક થતી હોવાનું જણાવી કવિએ આંસુ વસતના પ્રભાવને કારણે મહેકી રહ્યાં છે એની સુખદ અનુભૂતિ કરાવી છે. આંખો હર્ષઘેલી બની ગઈ ને પરિપાકે આંસુ ટપકી પડ્યાં છે. વસંતનો પ્રભાવ જ એવો છે કે, દુઃખ જાણે અદશ્ય થઈ ગયું. હવે તો મ્હોરે છે નવમંજરીઓથી લથબથ મહેંકતા આંબાના વૃક્ષો.

આ ગઝલનો પાંચમો શે'ર પણ ઘણો હૃદયસ્પર્શી બન્યો છે; જેઓ :

"ઊડી રહ્યાં છે યાદનાં અબીલ ને ગુલાલ,
હૈયે થયાં છે આજ તો છાંટા વસંતના."

આ ગઝલના બીજા શે'ર સાથે એમનું અનુસંધાન રચાયું છે. અહીં વસંતરૂપી આનંદોત્સવ ઉજવાઈ રહ્યો છે. ત્યારે હૃદયની અંદર પણ આ વસંતનો મીઠો સ્પર્શ જાણે પ્રિયતમાના સંસ્મરણોના અબીલ-ગુલાલ ઊડાડી રહ્યો છે. અબીલ-ગુલાલએ ઉલ્લાસને વ્યક્ત કરતાં માંગલિક સંકેતો છે. અહીં પ્રિય વ્યક્તિની સ્મૃતિ કવિના હૃદયમાં છલકી રહી છે-ઊડી રહી છે એનું કુશળ આલેખન કવિએ સહજતાથી કર્યું છે. આમ તો, પ્રિયજનની ગેરહાજરીમાં વસંતની પ્રભાવકતા માનવીના હૃદયને કોરી ખાય છે, ચિત્તને વ્યથિત કરી મૂકનાર છે. પણ અહીં વસંતનો અસબાબ-એનો છાંટો એવો તો ઊડ્યો કે, ચિત્તમાં જાગેલાં સંસ્મરણો અબીલ-ગુલાલની અનુભૂતિ કરાવી જાય છે. રંગ અને સુગંધથી કવિચિત્ત તર-બ-તર થઈ ઊઠે છે. તે પ્રિયાના સ્પર્શનો કવિને જાણે રોમાન્ચ કરાવી જાય છે. અહીં એમનો એક ઈન્દ્રિયસંવેદ્ય શે'ર યાદ આવે છે :

''વીત્યાં છે વર્ષ પ્હેલા સ્પર્શની પૂનમને જીલ્યાને-
છતાં ભરતી હજી ક્યાં ઓસરે છે આંગળીમાંથી.''

આ ગઝલનો અંતિમ શે'ર આખી ગઝલને એની પરાકાષ્ઠાએ પહોંચાડે છેઃ

''ફાંટું ભરીને સોનું સૂરજનું ભરો હવે,
પાછા ફરી ન આવશે તડકા વસંતના.''

સૂરજના વિવિધ તડકા વિશે અનેક કવિઓએ કાવ્યો રચ્યાં છે એમાંયે શિયાળાનો ફૂલ-ગુલાબી, તાજગીભર્યા તડકો તો અબાલ-વૃદ્ધ સૌને આકર્ષે છે. અહીં કવિએ વસંતના તડકાનો મહિમા ભરપૂર ગાયો છે. કારણકે, આ વસંતનો તડકો માત્ર આગને જ નહીં પણ



ફાગને પણ પ્રકૃતિના ખોળે ઠાલવે છે - ઢોળે છે - વેહે છે. એ પણ થોડી માત્રા તો નહીં કવિ કહે છે તેમ 'ફાંટું' ભરીને. ને એય વળી સોનાનો. કવિ આ વસંતરૂપી સોનું આજે ઠલવાયું છે તેને મનભરીને માણી લેવા સૌને જાણે ઈજન આપે છે. વસંતનો વૈભય અને તેની સમૃદ્ધિના કવિએ અહી સુરેખ ચિત્રો આલેખ્યાં છે. આ વસંતમાં ઉદાસી તો પાલવે જ શી રીતે ? વસંતના સોનેરી વૈભવનો રોમાંચ માણવાનું કવિ એટલા માટે કહે છે કારણકે, ફરીથી પાછા આવા તડકા નહીં જ મળે. મનોજ ખંડેરિયાએ પ્રકૃતિના રમ્ય તત્ત્વને આલેખી તેના ઉન્માદપણાને ઉત્કટતાને સુંદર રીતે ઉદ્‌ઘાટિત કરી છે. અંતે ડૉ. નીતિન વડગામાના શબ્દો ટાંકું તો -

''મનોજ ખંડેરિયાનાં ગીત, અંજની ગીત, ગઝલ કે છાંદસ-અછાંદસ કાવ્યોમાંથી પ્રગટ થતાં રમણીય રૂપો કવિને, એક નિતાંત સૌન્દર્યરાગી કવિ તરીકેની પ્રતિષ્ઠા અપાવે છે. એમનાં કાવ્યોમાંની સૂક્ષ્મ સંવેદનશીલતા અને શુદ્ધ સૌન્દર્યાભિમુખતા, ઈન્દ્રિયગ્રાહ્યતા-કલ્પનરાગિતા અને પ્રતીકાત્મકતા કવિની નિજી વ્યક્તિતા ઉપસાવે છે. એમાંયે સૌન્દર્ય - સુકૌમાર્યના ગુણથી સોહતી એમની ગઝલો વિશેષ સ્પૃહણીય બને છે. પીછા સમી મૃદુ અને કમળતંતુ સમી મુલાયમ ગઝલોથી ગઝલ-કવિતાને રળિયાત કરતા મનોજ ખંડેરિયા, ગુજરાત ગઝલનું નાજુક - નમણું સીમાચિહ્ન બની રહે છે અવશ્ય.''

(એમ પણ બને'- પૃ. ૩૬)

## (૩) આષાઢ આયો

રે આજ આષાઢ આયો,
મેં નેણના નીરમાં મનનો તે માઢ ગાયો!
દૂરને દખ્ખણ મીટ માંડીને,
મોરલે નાખી ટ્હેલ,
વાદળી સાગરસેજ છાંડીને
વરસી હેતની હેલ;
એમાં મનભરીને મતવાલો મોર ન્હાયો!
મેઘવીણાને કોમલ તારે
મેલ્યાં વીજલ નૂર,
મેહુલાએ ત્યાં જલનીધારે
રેલ્યા મલ્હારસૂર;
એથી ધરતીને અંગ રંગઉમંગ ન માયો!
જનમાં મનમાં આષાઢ મ્હાલ્યો
સંસાર મ્હાલ્યો સંગ,
અલકાથી હું દૂર, તે સાલ્યો
મને, ન લાગ્યો રંગ;
એ સૌને ભાયો ને શીતલ છાંયશો છાયો!
આપણે રે પ્રિય, સામસામે તીર,
ક્યારેય નહીં મિલાપ,
ગાશે જીવનજમુનાનાં નીર
વિરહનો જ વિલાપ?
રે આયો આષાઢ ને વાયરે તો યે વૈશાખ વાયો!



બિરહમાં બાઢ લાયો'શ
રે આજ આષાઢ આયો!

- નિરંજન ભગત

સ્પંદનમાં છંદને લોહીમાં લય લઈને આ કવિએ ગુજરાતી કવિતામાં એક આગવી ઓળખ ઊભી કરી છે. નિરંજન ભગત માત્ર આધુનિકતાનું આંધળું અનુકરણ કરનારાં કે પરંપરાના પાંગળા પૂજારી નથી,એમણે સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતામાં પ્રાણવાયુ ફૂંક્યો છે. નગર સંસ્કૃતિની કવિતા એમની આગવી ઓળખ છે છતાં એમની પાસેથી પ્રણય, પ્રકૃતિને ચિંતનાદિ કવિતા પણ એટલી જ ઉત્કૃષ્ઠ કક્ષાની મળે છે. કોઈકે એમનાં વિશે એવું વિધાન કર્યું છે કે, 'પ્રેમ કવિતાના આકર્ષણ અને નગર જીવનના કોલાહલમાં નિરંજનની પ્રકૃતિ કવિતા મહદ્અંશે ઢંકાઈ ગઈ છે'- આ વિધાન સાથે પૂર્ણતઃ હું સહમત થતો નથી. કારણકે, નિરંજનના પ્રકૃતિકાવ્યોમાં પ્રકૃતિના અનેકવિધ તત્તવોનું કલાત્મક સર્જન કળાય છે. પ્રકૃતિમાં રહેલી ચેતનાનો આ કવિએ વિધ્ વિધ્ પ્રકારનો આહ્લાદક સ્પર્શ કરાવ્યો છે - એ ભૂલવું ન જોઈએ. એમની પાસેથી 'આષાઢ આયો', 'મન', 'મોર', 'તડકો', 'તરલી', 'પારેવાં', 'જાગૃતિ', 'અનિદ્રનયને' જેવા પ્રકૃતિકાવ્યો મળે છે. એટલું જ નહીં નિરંજને રસસૌન્દર્યના નિષ્પાદક જીવંતતત્ત્વ તરીકે પ્રકૃતિને આલેખી એના નિતાંત સૌન્દર્યનો મહિમા આંક્યો છે.

'આષાઢ આયો'માં કવિએ પ્રકૃતિને માનવભાવના ઉદ્દીપન તરીકે વિનિયોજી છે - જે બેનમૂન છે. 'વસંત'ને ઋતુઓનો 'રાજા' કહેવામાં આવે તો 'વર્ષા'ને ઋતુઓની રાણી કહેવામાં આવે છે.

વર્ષાથી ભરપૂર એવો આષાઢ તો વિરહીજનો માટે આશા ને ઉમંગનો મહિનો છે. આ કાવ્યનો ઉઘાડ કવિએ કાવ્યનાયકની સંગોપાયેલી વેદનાથી કર્યો છે :

"આજ આષાઢ આયો,
મેં નેણના નીરમાં મનનો તે માઢ ગાયો !"

આષાઢમાં હર કોઈને મલ્હારના મધુરા સૂર છેડવાના અભરખા હોય, પણ અહીં, કાવ્યનાયક માટે તો એ અશ્રુધારામાં વેદનાનો-વ્યથાનો પરિચાયક બની રહે છે. આષાઢ આવ્યો તો ખરો પણ કાવ્યનાયક માટે કોઈ મૂક વેદનાના નીર લઈને આવ્યો છે. આષાઢના અનરાધાર વરસાદમાં નદી-નાળા, સરોવર છલકાય જાય છે, એમાં ઘોડાપૂર ઉમટી પડે છે, જ્યારે નાયક માટે સ્થિતિ સુખદ નથી એના વિરહીહૃદયમાં વિરહની 'બાઢ' વિરહનું પૂર લઈને આવે છે. અહીં કાવ્યનાયકના ભીતરમાંથી આષાઢી પૂર ઊમટી પડ્યાં છે. એકાકી એવા નાયકની મનઃસ્થિતિને પ્રકૃતિના વિનિયોગથી કવિએ કુશળતાથી આલેખી છે. કવિ કહે છે :

"દૂરને દખ્ખણ મીટ માંડીને,
મોરલે નાખી ટ્હેલ,
વાદળી સાગરસેજ છાંડીને
વરસી હેતની હેલ;
એમાં મનભરીને મતવાલો મોર ન્હાયો!"

પ્રકૃતિની પશ્ચાદ્‌ભૂમાં વિરહાવસ્થાનું ગાન કરતાં કવિ એનું કારણ આપે છે. ગીતમાં ઉમંગની વાદળીઓ જે અમૃતધારા વરસાવી રહી છે, વળી તો દૂર-સુદૂર દક્ષિણ દિશાઓમાં નજર નાખીને મોર ગ્હેંકી રહ્યાં છે, તેને કારણે વાતાવરણમાં એક પ્રકારનો ઉમંગ વ્યાપી



ગયો છે - જે આ એકાકી એવા નાયકના ચિત્તની વેદનાને વધારી મૂકે છે. આષાઢની આ હેતભરી હેલી કાવ્યનાયકને ખુબ પીડે છે - દઝાડે છે. ચોમેર આષાઢી વૈભવ પથરાયો છતાં કાવ્યનાયકને એનાં વૈભવ રંગ પીડે છે. આ આષાઢી માહોલને કવિ વધુ પ્રભાવક બનાવતાં કહે છે -

"મેઘવીણા કોમલ તારે
મેલ્યાં વીજલ નૂર,
મેહુલાએ ત્યાં જલનીધારે
રેલ્યાં મલ્હાર સૂર;
એથી ધરતીને અંગ રંગઉમંગ ન માયો!"

મેઘરૂપી વીણાના કોમલ તાર ઝંકૃત થયાં. એમાં ઝબૂકતી વીજળીના ચમકાર, જલની પડતી ધારા, એમાં રેલાતાં મલ્હાર સૂર - આ સૌને કારણે ધરતીના અંગ અંગમાં રંગને ઉમંગ ક્યાંય સમાતો નથી. કવિએ અહીં મેઘરૂપીવીણાની સુંદર કલ્પના કરી છે. ચોમેર વ્યાપેલી આ શીતલતા નાયક માટે તો વેદનાનું કારણ થઈ પડે છે. કવિ વર્ષાના પ્રભાવને આલેખતાં કહે છે :

"જનમાં મનમાં આષાઢ મ્હાલ્યો
સંસાર મ્હાલ્યો સંગ,
અલકાથી હું દૂર, તે સાલ્યો
મને, ન લાગ્યો રંગ;
એ સૌને ભાયો ને શીતલ છાંયશો છાયો!"

અહીં કાલીદાસના 'મેઘદૂત'ના અલકાપુરીથી દૂર એવા યક્ષી યાદ તાજી થઈ જાય છે. આ યક્ષ માટે તો સમયાવધિનો જ શાપ હતો. જ્યારે આ નાયક માટે ? માત્ર વિરહ-વ્યથા જ છે.

જનમાં, સૌના મનમાં મ્હાલ્યો એવો આ આષાઢે તો આખી સૃષ્ટિ ઉપર પોતાનો જાદુ ચલાવ્યો છે. સર્વત્ર આનંદોલ્લાસના છાંટા ઊડી રહ્યાં છે, એ જ આનંદની ઘડીને કવિએ અહીં દુઃખદાયક બનતી આલેખી છે.

કાવ્યાંતમાં કવિએ વર્ષાના અનુસંગે નાયકના ચિત્તમાં ઉમટેલા વિરહના 'બાઢ'ને આલેખતાં કહે છે :

"આપણે રે પ્રિય, સામસામે તીર,
ક્યારેય નહીં મિલાપ,
ગાશે જીવનજમુનાનાં નીર
વિરહનો જ વિલાપ?
રે આયો આષાઢ ને વાયરે તો યે વૈશાખ વાયો!
બિરહમાં બાઢ લાયો'શ
રે આજ આષાઢ આયો!"

પ્રિયતમથી સુદૂર એકાકી એવા નાયકને આષાઢીરંગ ચડતો નથી. આષાઢ આમ તો શીતલ છાંયડો છે છતાં નાયક માટે એ ચિરશાપ બનીને આવ્યો છે. કવિએ અહીં નાયિકા તેમજ નાયકને નદીના સામસામેના તીર કહ્યાં છે. બન્ને વચ્ચે નદીમાં ખળખળ વહેતો પ્રવાહને કારણે મિલનની કોઈ જ શક્યતાઓ નથી. આવે ટાણે નાયક જાણે નાયિકાને પ્રશ્ન કરે છે પ્રિય, આપણે સામસામેના તીર છે ક્યારેય આપણું મિલન શક્ય નથી. આપણે ભાગે તો જીવનરૂપી જમુનાનાં નીર, વિરહનો જ વિલાપ લેખાયો છે. શું આ નીર કાયમ માટે વિરહની જ કથા જ ગાયા કરશે ? જમુનાના નીરની સાથે રાધાકૃષ્ણના ચિર વિરહની પણ અહીં ઝાંખી થાય છે. અહીં કવિએ આશ્ચર્ય અને પ્રશ્નાર્થ બન્નેમાં વિરહાવસ્થાની બેવડી કરુણાને



આલેખી છે.

'રે આયો આષાઢ ને વાયરે તો યે વૈશાખ વાયો!'

કહીને કવિએ આષાઢનું આલેખન કરી કાવ્યનાયકની એકલતાનું દર્શન કરાવ્યું છે. આષાઢ નાયક માટે તો હજી દઝાડતા વૈશાખી વાયરા સમાન જ છે. જે માત્ર 'બિરહની બાઢ' લઈને આવ્યો છે.

પ્રસ્તુત કાવ્યમાં નિરંજન ભગતે પ્રેમજનની વિરહાવસ્થાને પ્રકૃતિના તત્ત્વોની સાથે સંગોપીને કલાત્મક રીતે આલેખી છે. કવિએ વાત તો કરી છે આષાઢના પૂરની પણ, કાવ્યનાયકના હૃદયમાં આવેલા વિરહના-વેદનાના પૂરની વાતને એમણે પ્રકૃતિની પશ્ચાદ્‌ભૂમા પ્રગટ કરી છે. અંતમાં ડૉ. રમેશ ત્રિવેદીના શબ્દો ટાંકું તો -

"કવિ નિરંજન ભગત માનવતાપ્રેમી છે, સાહિત્યના અધ્યાપક છે, ઋજુ ભાવોના ગાયક છે, લીલીછમ સંસ્કારિતા ધરાવતા સારસ્વત છે. સુઘડ સુગંધિત બની; છંદ, લય ઓ પ્રાસનું ઉચિત સંમેલન, કવિકર્મની સભાનતા, કાવ્યભાષાને તેમણે આપેલા અવનવા વળાંકો, શબ્દપસંદગીને શબ્દવિન્યાસ, પ્રતીકો-કલ્પનોનો સૂઝપૂર્વકનો ઉપયોગ આ કવિની કવિતાને ચિરંજીવ બનાવે છે."

(અર્વાચીન ગુજરાતી સહિત્યનો ઈતિહાસ - પૃ. ૨૩૪)

## (૪) ભયને ઓળંગી નિર્ભય બનેલી અવસ્થાનું ગીત-'બીક ના બતાવો'

### બીક ના બતાવો

મારી કોઈ ડાળખીમાં પાંદડાં નથી,
મને પાનખરની બીક ના બતાવો !

પંખી સહિત હવા ચાતરીને જાય,
એવું આષાઢી દિવસોમાં લાગે.

આંબાનું સાવ ભલે લાકડું કહેવાઉં,
પણ મારામાં ઝાડ હજી જાગે.

માળામાં ગોઠવેલી સળી હું નથી,
મને વીજળીની બીક ના બતાવો !

એકેય ડાળીથી હવે જીલ્યો ન જાય,
કોઈ રાતી કીડીનોયે ભાર.

એક પછી એક ડાળ ખરતી જોઈને પૂછું:
પડવાને કેટલી છે વાર ?

હું બરફમાં ગોઠવેલું પાણી નથી,
મને સૂરજની બીક ના બતાવો !

મારી કોઈ ડાળખીમાં પાંદડાં નથી,
મને પાનખરની બીક ના બતાવો !

- અનિલ જોશી



અનિલ જોશી અને રમેશ પારેખ બે એવા નામ છે - જેણે ગુજરાતી કવિતાને અનેરાં લાડ લડાવી, નિત નવાં સ્થિત્યંતરો સર્જ્યાં છે. આ બન્ને કવિઓ માટે 'લયના કામાતૂર રાજવી' એવું વિશેષણ વાપરવામાં આવ્યું છે. આ કવિ બેલડીએ ગુજરાતી કવિતામાં અને લોકપ્રિય રચનાઓ આપીને ગુજરાતી કવિતાને ધન્ય ધન્ય કરી મૂકી છે.

અનિલ જોશી પાસેથી અનેક ઉત્કૃષ્ટ કાવ્યરચનાઓ મળે છે તેમાં 'કન્યા વિદાય' જેવું ગીત તો ગુજરાતી કવિતાના નાકનો શણગાર છે. તો 'બીક ના બતાવો' ગીત રચના પણ એટલી જ લોકપ્રિયને લોકભોગ્ય બની છે.

'બીક ના બતાવો'માં અનિલ જોશીએ જીવનને જોવાની-મૂલવવાની નવી જ દૃષ્ટિ આપી છે. તેમાં એમનાં નિજી વ્યક્તિત્વનો પણ સુપેરે પરિચય થાય છે. જિંદગીને જોવાનો - પામવાનો-મેળવવાનો કવિનો અભિગમ નોખો ને નિરાળો છે. મનના મિજાજીપણાંને કવિએ સ્વસ્થચિત્તે આલેખ્યું છે. જીવન એટલે શું ? જીવનનો અર્થ શો ? જીવન કઈ રીતે જીવવું ? એવો પ્રશ્નોનો પ્રત્યુત્તર કવિએ વધુ બોલકા બન્યાં વિના આપ્યો છે. આ ગીતમાં જીવનની નિર્ભયતાને આલેખીને અનિલ જોશીએ એક નવું પરિમાણ રચ્યું છે. માણસ કેવું જીવે છે ? ક્યાંક તો ભૂતકાળમાં - અતીતમાં રાચતો હોઈ અથવા આવનારા સમયના રંગીન સ્વપ્ન ગૂંથીને એને તેને સાકારિત કરવા મથે છે. નિયતિ બળવાન છે. એ કોઈ કાળે બદલી ન શકાય. કવિએ અહીં નિયતિનો સહર્ષ સ્વીકાર કર્યો છે. જે વસ્તુ - જીવન કોઈ કાળે બદલી ન શકાય તો પછી તેનો ડર શા કામનો ? બિલકુલ સાચી વાત છે આ. ડર તેનો હોય જે છે તે લુંટાઈ જતું હોય

તેનો, ને એયે એકવાર લુંટાઈ ગયું પછી ડર શેનો ? જો કોઈ એ ડરનો નીડર બની સામનો કરે તો એ કહેવાતો ભય રહે જ નહીં. માણસ હતાશાની વેદનાને એકવાર આળંગી સ્વસ્થા ધારણ કરે પછી એમનો ભય સ્વયમ્ ગાયબ થઈ જાય. આ છે ગીતનો કેન્દ્રવર્તી વિચાર. જુઓ કવિના શબ્દો -

"મારી કોઈ ડાળખીમાં પાંદડાં નથી,
મને પાનખરની બીક ના બતાવો !"

આ જ તો છે જીવનની સચ્ચાઈ. માણસ કાલ્પનિક ભયથી એની ભયાનકતા વિશેષપણે અનુભવે છે. ને વળી જેનું પાછું કોઈક કારણ જ નથી. ડર તો એ ડાળીને હોય જેને લીલાછમ્મ અંકુરો - પર્ણો ફૂટ્યાં હોય. પણ જે ડાળીમાં પાંદડાં જ નથી એને તે વળી પાનખરનો ડર શો ? કવિએ અહીં નિર્ભયતાને કળાત્મક રૂપ આપીને અનેરું કાવ્યવિ સિદ્ધ કર્યું છે. જે ડાળીને પાંદડાં નથી એને વસંત હોઈ કે પછી પાનખર, કોઈ જ ફેર પડતો નથી.

કવિશ્રી અનિલ જોશી ડરને વધુ ભયાનક બનાવ્યા વગર ભયના કારણને જ દૂર કરવા મથે છે. કવિ કહે છે :

"પંખી સહિત હવા ચાતરીને જાય,
એવું આષાઢી દિવસોમાં લાગે.
આંબાનું સાવ ભલે લાકડું કહેવાઉં,
પણ મારામાં ઝાડ હજી જાગે.
માળામાં ગોઠવેલી સળી હું નથી,
મને વીજળીની બીક ના બતાવો !"

જિવાતી જિંદગીમાં પણ આ વાત બિલકુલ સાચી ઠરે છે. એક પત્તું જુદું નીકળે તો આખી બાજી પલટાય જાય. અહીં જીવનમાં



પણ પાનખરનો અનુભવ થાય જે, એ કવિએ ગર્ભિત રીતે સૂચિત કર્યુ છે. જ્યારે પાનખરનો પ્રવેશ થાય ત્યારે ઝાડ માત્ર વૃક્ષ માટે માત્ર પાંદડાનું ને હોવું ન હોવું એટલું જ નહીં પણ, ડાળી, એનાં ઉપરના માળા, માળામાં થતો કલબલાટ - આ સૌ એની પાસેથી ઝૂટવાય જાય છે. પંખી તો ઠીક પણ હવા પણ ચાતરીને જતી હોવાની અનુભૂતિ વૃક્ષને થાય છે. આષાઢી દિવસોમાં પણ રહેલું ખાલીપણું આ વૃક્ષને અવશ્ય સાલે છે. પણ જ્યાં કાંઈ જ બાકી રહ્યું જ નથી ત્યાં આષાઢ શું ને ભાદરવો શું ? - એને તો બધાં જ માસ સરખા. 'રાંડીને વળી રવિવાર શું ને મંગળવાર શું?' છતાં અસ્તિત્વ તો છે જ. ઝાડ ભાલે 'આંબાનું સાવ ભલે લાકડું કહેવાઉં, પણ મારામાં ઝાડ હજી જાગે.' ની અંતરમાં રહેલી ચેતના એની વેદના વ્યક્ત કરવા માટે પર્યાપ્ત તો ખરી જ. ઝાડમાં રહેલી ચેતનાને કવિએ અહીં ઠાવકાઈથી આલેખી છે. આ ઝાડને હવે વીજળીનો નથી રહ્યો કારણકે, કવિ જાણે છે કે, 'માળામાં ગોઠવેલી સળી હુંનથી, મને વીજળીની બીક ના બતાવો.' સાવ સુક્કી-નિર્જન સળી હોય એને બળી જવાની બીક લાગે. એનામાં તો ઊંડે ઊંડે ઝાડ હજુ જાગે છે. અહીં ગોઠવાયેલા જીવન લાગણીને કવિએ કુશળતાથી કંડારી છે. આમ જોવા જઈએ તો પાંદડાં, ફૂલ, પંખી, માળા વિના ઝાડ લાકડું જ કહેવાય છતાં આ સુક્કુ લાકડું નથી. કારણકે, ચેતના હજુ તેનામાં જીવંત છે. પણ છે એવું કે, હવે આ ઝાડથી રાતીકીડીનો ભાર પણ સહી શકાય એમ નથી. કવિ કહે છે તેમ -

"એકેય ડાળીથી હવે જીલ્યો ન જાય,
કોઈ રાતી કીડીનોયે ભાર.
એક પછી એક ડાળ ખરતી જોઈને પૂછું:

પડવાને કેટલી છે વાર ?
હું બરફમાં ગોઠવેલું પાણી નથી,
મને સૂરજની બીક ના બતાવો !
મારી કોઈ ડાળખીમાં પાંદડાં નથી,
મને પાનખરની બીક ના બતાવો !''

એક પછી એક પર્ણો ખરતાં ડાળ-પાંદ વિનાના ઝાડમાં હજુયે ઝંખનાઓ તો જાગે જ છે. પણ હવે એનાથી નાની સરખી કીડીનો ભાર પણ અસહ્ય બને છે. 'એક પછી એક ડાળ ખરતી જોઈને પૂછું: પડવાને કેટલી છે વાર?'- આ ઉત્તેજના ઝાડને જાગે છે. શ્રી અનિલ જોશી એક પછી એક ઈન્દ્રિયોને ઓજલ થતી હોય ત્યારે જીવને નિજ ઘરે જવાની કેટલી ઉત્કંઠા હોય - તાલાવેલી હોય તેનો અણસાર આપીને ખસી ગયા છે. પાણીને સૂરજનો શો હોય ! 'હું બરફમાં ગોઠવેલું પાણી નથી, મને સૂરજની બીક ના બતાવો.' અહીં બરફ જ નથી તેને ઓગળવાનો શો ડર.' આ એક નિર્ભીકતાની અવસ્થા છે.

'મારી કોઈ ડાળખીમાં પાંદડાં નથી' કહીને કવિએ ગીતને એક ગતિ આપી છે. પોતાની પાસે કશું જ નથીએ નિર્ભયતાની અવસ્થા છે. જેની પાસે કંઈક છે તેને લુંટાઈ જવાનો કોઈ ભય રહેતો નથી. આધ્યાત્મિક પરિભાષામાં કહેવું હોય તો કવિએ અહીં 'આંતરવૈભવ'ની અસ્તિત્વની વાત કરી છે. આંતરવૈભવ જેનો છલોછલ હોય તેને બાહ્ય અસ્તિત્વના ફેરફારથી કાંઈ ખાસ ફરક પડતો નથી. એક વૃક્ષની વાત હોય કે પછી વ્યક્તિની, એની ઈન્દ્રિયો સાવ નિષ્પ્રાણ બનવા માડે કે એક પછી એક ડાળી તૂટવા માંડે છેલ્લામાં છેલ્લા શ્વાસ-ડાળી ખરે નહીં ત્યાં લગી એનું અસ્તિત્વ તો છે જ છે. એનો નકાર કરી શકાય નહીં. કવિ અહીં બરફના ઓગળવાની



વાતને મૂકીને દુન્યવી ભયની અવસ્થાને ઓળંગી ગયા છે તેનું આ ગીતામાં ઉત્કૃષ્ઠ આલેખન થયું છે.

'બીક ના બતાવો' કાવ્ય માત્ર અનિલ જોશીનું જ નહીં પણ સમગ્ર ગુજરાતી કવિતામાં એનાં ભાવ, લય, ચિંતન - આદિને કારણે એક ઊંચી માંગ મુકાવે તેવું ગીત છે. અંતે સુરેશ દલાલે 'હું બરફમાં ગોઠવેલું પાણી નથી, મને સૂરજની બીકના બતાવો' અંગે નોંધ્યું છે :

> 'બરફમાં ગોઠવેલું પાણી હશે તો એ ક્યાંક વરાળ થઈને પણ ઊડી જશે. પણ હું સૂરજથી ડરું એમ નથી. પાનખરથી ભય પામું એમ નથી. હું વીજળીથી ત્રાસી જાઉં એમ નથી. આ અવસ્થાને, આ ભયની અવસ્થાને હું ક્યારનો ઓળંગી ગયો છું. તેથી હું એક એવી અવસ્થા પર પહોંચ્યો છું કે મને કશાનો ભય નથી. હું નિર્ભય છું.'

(કાવ્ય રસાસ્વાદ- પૃ. ૯૦)

## (૫) બે સૉનેટ : આસ્વાદ

### (૧) જૂનું ઘર ખાલી કરતાં

ફંફોસ્યું સૌ ફરી ફરી અને હાથ લાગ્યુંય ખાસ્સુઃ
જૂનું ઝાડું, ટુથબ્રશ, વળી લક્સ સાબુની ગોટી,
બોખી શીશી, ટિનનું ડબલું, બાલદી કૂખકાણી,
તૂટ્યાં ચશ્માં, ક્લિપ, બટનને ટાંકણી સોય-દોરો!
લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું, જે
મૂકી ઊંઘુ, સુપરત કરી, લારી કીધી વિદાય.

ઊભાં છેલ્લી નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ;
જ્યાં વિતાવ્યો પ્રથમ દસકો મુગ્ધ દાંપત્ય કેરો;
જ્યાં દેવાના પરમ વરશો પુત્ર પામ્યાં પનોતો
ને જ્યાંથી રે કઠણ હૃદયે અગ્નિને અંક સોંપ્યો!
કોલેથી જે નીકળી સહસા ઊઠતો બોલી જાણે:
બા-બાપુ! ના કશુંય ભૂલિયાં; એક ભૂલ્યાં મને કે ?

ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા!
ઉપાડેલાં ડગ ઉપર શા લોહ કેરા મણિકા!

- બાલમુકુન્દ દવે



### (૨) છેલ્લું દર્શન

**(પૃથ્વી)**

ધમાલ ન કરો - જરાય નહિ નેન ભીનાં થશો,-
ઘડી બ ઘડી જે મળી - નયનવારિ થંભો જરા,-
કૃતાર્થ થઈ લો, ફરી નહિ મળે જ સૌદર્ય આ,
સદા જગત જે વડે હતુ હસન્તું માંગલ્ય કો.

ધમાલ ન કરો ધરો બધી સમૃદ્ધિ માંગલ્યની,
ધરો અગરુ દીપ ચંદન ગુલાલ ને કુંકુમ;
ધરો કુસુમ શ્રીફલો ન ફરી જીવને આ થવો
સુયોગ અણમૂલ સુંદર સુહાગી માંગલ્યનો!

ધમાલ ન કરો, ન લો સ્મરણ કાજ ચિહ્નને કશું,
રહ્યું વિકસતું જ અન્ત સુધી જેહ સૌદર્ય, તે
અખંડ જ ભલે રહ્યું, હૃદયસ્થાન તેનું હવે
ન સંસ્મરણ વા ન કો સ્વજન એ કદી પૂરશે.

મળ્યાં તુજ સમીપ અગ્નિ ! તુજ પાસ જૂદાં થિયે;
કહે, અધિક ભવ્ય મંગલ નથી શું એ સુંદરી ?''

- રામનારાયણ પાઠક

ગુજરાતી કવિતામાં બાલમુકુન્દ દવેની કવિતાનો સંબંધ રા.વિ.પાઠકની કેટલીક કવિતા જોડે વિશેષરૂપે સામ્યતા ધરાવે છે. વિષાદ અને વિષાદનો સંયમપૂર્વકનો મુકાબલો કરીને સ્મૃતિઓનું ઉત્કૃષ્ઠ નિરૂપણ કરવામાં આ બન્ને કવિઓમાં ઘણું સામ્ય કળાય છે. 'જૂનું ઘર ખાલી કરતાં' અને 'છેલ્લું દર્શન' બન્ને સૉનેટ ગુજરાતી

સૉનેટ પરંપરામાં ઘણી ધ્યાનાર્હ અને મહત્ત્વની રચનાઓ બની છે. બન્ને મૃત્યુ નિમિત્તક મંગલ કાવ્ય છે. બન્નેની આગવી વિશેષતા છે તેને કારણે જ તે લોકપ્રિય બન્યાં છે.

'છેલ્લું દર્શન' માં કવિએ પ્રિયજન એવી પત્નીના મૃત્યુના કરુણપ્રસંગને સ્વસ્થચિત્તે આલેખ્યો છે. કવિની જીવનદૃષ્ટિ આ મૃત્યુની ઘટનાને મંગલપ્રસંગ બનાવી દે છે. આમ તો પ્રિયજનના મૃત્યુનો પ્રસંગ જ એવો છે કે માનવીનો વ્યક્તિરાગ અત્યંત તીવ્રતાથી જ પ્રગટે. પણ અહીં રા.વિ.પાઠક વ્યક્તિરાગમાં કે અસારવાદમાં અટવાયા વિના એ પ્રસંગને અનિવાર્ય માની એનું માંગલ્યગાન પ્રગટ કરે છે. 'છેલ્લું દર્શન' 'શેષ'નું મૃત્યુનિમિત્તક પણ મંગલ જીવનરસથી છલકતું કાવ્ય છે અહીં જે નષ્ટ થયું તેનો વિષાદ નહીં પણ એની ધન્યતાનો અહેસાસ કાવ્યનો કેન્દ્રવર્તી વિચાર છે.

પોતાની પ્રથમ પત્ની મણિગૌરી પ્રસૂતિ બાદ ઈન્ફ્લ્યુએન્ઝા નામના ચેપી રોગના ભરડામાં સપડાયાને માત્ર ૨૭- વર્ષની વયે અકાળ અવસાન પામ્યાં. રા.વિ.પાઠકનું દામ્પત્યજીવન સુખમયને આનંદથી છલકાતું હતું. તેને કાળની નજર લાગી ગઈ. કવિએ આ ઘટનાને મંગલપ્રસંગ ગણી સ્વસ્થચિત્તે આલેખી છ. જે સુખ હતું તે અલ્પદાયી નીવડ્યું. આ દર્દ તો હરકોઈને આકુળ-વ્યાકુળ કરી મૂકે. પોતાની પ્રાણપ્યારી પત્નીનો નશ્વરદેહ નજર સામે પડ્યો છે. આવી સ્થિતિ અસહ્યને આઘાતજનક જ હોઈ શકે પણ કવિએ પોતાની પ્રાણપ્યારીની અંતિમ ઘડીનું સૌન્દર્ય રોળાઈ ન જાય તે માટે સ્વસ્થ ચિત્તે કહે છે :

"ધમાલ ન કરો - જરાય નહિ નેન ભીનાં થશો-
ઘડી બ ઘડી જે મળી - નયનવારિ થંભો જરા-



કૃતાર્થ થઈ લો, ફરી નહિ મળે જ સૌદર્ય આ
સદા જગત જે વડે હતુ હસન્તું માંગલ્ય કો."

કવિ કાંઈ માનવ લાગણીથી પર તો નથી જ, એની આંખોમાંયે આંસુ ખાળી શકાતા નથી. કવિ એને રોકવા મથામણ કરે છે ને સ્વસ્થતા પ્રાપ્ત કરે છે. કવિ મનને વારે છે તેનો અર્થ એ છે કે કવિ હૃદય પણ અસ્વસ્થ તો બન્યું જ છે. તરત જ સ્વસ્થતા પ્રાપ્ત કરી નિયતિનો સ્વીકાર કરે છે. 'કૃતાર્થ થઈ લો' કહીને કવિ આ પ્રસંગને રોક્કળ કરીને આંસુ વહાવવાનો પ્રસંગ નથી ગણાવતા. આ તો કૃતાર્થના પ્રેરનારો પ્રસંગ છે. અહીં સૌન્દર્ય છે પણ એ સૌદર્ય ઉપભોગનું નથી. એતો આદર ભક્તિનું છે - પૂજનનું છે. કવિને લાગે છે કે જો આંખોમાંથી આંસુ જ સર્યા કરશે તો આ પ્રિયતમાનું છેલ્લું દર્શન હવે પછીથી ક્યારે થશે નહીં આથી કશુંક ગુમાવ્યાને બદલે જે પ્રાપ્ત થયું છે તેની ધન્યતા અનુભવવાનો - કૃતાર્થ થવાનો આ અણમૂલ અવસર છે તેને કેમ જવા દેવો ? કવિ ફરીથી 'ધમાલ ન કરો' એવું સૂચન કરતાં કહે છે :

"ધમાલ ન કરો ધરો બધી સમૃદ્ધિ માંગલ્યની,
ધરો અગરુ દીપ ચંદન ગુલાલ ને કુંકુમ;
ધરો કુસુમ શ્રીફલો ન ફરી જીવને આ થવો
સુયોગ અણમૂલ સુંદર સુહાગી માંગલ્યનો!"

જે ઘટના બની તે તો અસહ્ય છે જ પણ એમાં કેવળ આંસુ સારીને બેસી રહેવાથી એ ટાળી શકાય એમ નથી. કવિ સ્વસ્થ ચિત્તે આ માંગલ્યભર્યા પ્રસંગને વધુ પવિત્રને પૂજનીય ગણી એનો મહિમા ગાય છે. અગરુ, દીપ, ચંદન, ગુલાલ, કુંકુમ, કુસુમ, શ્રીફળ વગેરે ધરીને એને વધુ મંગલમય બનાવવા ચાહે છે. જે પ્રિય-પ્રાણ

પ્યારીનું હૃદયમાં જે સ્થાન છે તે તેનાં સ્મરણચિહ્નો લેવા ઈચ્છતા નથી. કવિને મન એમ કરવાથી એમનું સૌન્દર્ય ખંડિત થવા બરાબર છે. આવા સુયોગ એવો માંગલ્ય અવસર 'ન ફરી જીવને આ થવો' કહીને એનું હૃદયમાં જે સ્થાન છે તે કાયમ માટે અંકિત કરી લેવા ઈચ્છે છે.

રા.વિ. પાઠક પોતાની પ્રિયાના અંગ ઉપરથી કોઈ સંસ્મરણો-ચિહ્નો લેવા નથી માગતાં એમાં પણ કવિના આંતરજગતનો સુપરે પરિચય થયા વિના રહેતો નથી. ત્રીજા ખંડમાં ફરી કવિ કહે છે :

"ધમાલ ન કરો, ન લો સ્મરણ કાજ ચિહ્ને કશું,
રહ્યું વિકસતું જ અન્ત સુધી જેહ સૌંદર્ય, તે
અખંડ જ ભલે રહ્યું, હૃદયસ્થાન તેનું હવે
ન સંસ્મરણ વા ન કો સ્વજન એ કદી પૂરશે."

રા.વિ.પાઠકના શબ્દો માત્ર ઔપચારિક શબ્દો નથી બનતાં એમનાં જીવનમાં સાચે જ એનું પ્રતિપાદન થયું હોય એમ કળાય છે. છેક હીરાબેન પાઠક એમનાં જીવનમાં પ્રવેશે છે ત્યાં સુધી એમણે એકાકી જીવન જ જીવ્યું છે. 'ન સ્મરણ વા ન કરો સ્વજન એ કદી પૂરશે.' એ વાત એમણે સાર્થક જ આલેખી છે. પ્રિયપત્નીનું હૃદયમા જે સ્થાન છે એજ એમના માટે પૂરતુ છે. અહીં કવિનો પત્ની પ્રત્યેનો અપારને અગાધ પ્રેમ છલકાતો જોવા મળે છે. કવિએ મૃત્યુની આ ઘટનાને મંગલ બનાવી દીધી છે. અંતે કવિ ભાવમય બનીને કહે છેઃ

"મળ્યાં તુજ સમીપ અગ્નિ ! તુજ પાસ જૂદાં થિંયે;
કહે, અધિક ભવ્ય મંગલ નથી શું એ સુંદરી ?"

ભારતીય પરંપરામાં ખાસ કરીને હિન્દુ પરંપરામાં અગ્નિનું ખાસ્સું મહત્ત્વ છે. અગ્નિને આપણે 'અગ્નિદેવ' તરીકે પ્રસ્થાપિત



કરી તેની પૂજા કરીએ છીએ. લગ્નનું બંધન અગ્નિની સાક્ષીએ, સમાજની સાક્ષીએ બંધાય છે. કવિ પોતાની પ્રિયતમા સાથે જ્યારે પ્રથમ વખત લગ્નના અતૂટ બંધનથી બંધાયા ત્યારે અગ્ન સાક્ષી હતો. આજે પોતાની પત્નીને અંતિમ વિદાય આપી રહ્યાં છે ત્યારે પણ એ જ અગ્નિદેવ સાક્ષી છે. અગ્નિનું સાક્ષીત્વ એ મંગલતાનું સૂચક પણ છે. અંતિમ સંસ્કારનો અગ્નિ અને લગ્નની ઘડીનો સાક્ષી એવો અગ્નિ ઊભયનું કવિએ સાક્ષીત્વ આલેખી મૃત્યુની આ ઘટનાને પણ જાણે વધુ મહિમાવંત કરી મૂકી છે. કવિએ મૃત પત્નીને 'સુંદરી' કહીને સંબોધતાં કાવ્યમાં સજીવતાનો ભાસ થાય છે.

કાવ્યની ભાષાભિવ્યક્તિ સાદીને સરળ તેમજ સ્વાભાવિકતા ભરી છે. કવિએ કાવ્યમાં ભાવ અને ચિંતનનો સુભગ સમન્વય કર્યો છે. અંતમાં શ્રી જયંત કોઠારીના શબ્દો નોંધું છું :

"કાવ્ય આરંભાયું મનની ભારે અવસ્થતા સૂચનથી. પરંતુ એ લાગણીનો સૂચનરૂપે જ રહી અને કાવ્યમાં વસ્તુતઃ આલેખાયો સૌંદર્યયોગની કૃતાર્થતાનો અને સૌન્દર્યપૂજનનો ભાવ. અંતમાં છે એક ભવ્ય મંગલ ઘટનાના સાક્ષાત્કારનો ચમત્કાર. એટલે સમગ્ર કાવ્ય ભાવમય છે. એ ભાવદશા વિશિષ્ટ છે - મૃત્યુ વિષયક કાવ્યોમાં તો એ વિરલ છે."

(આસ્વાદ અષ્ટાદશી - પૃ. ૯૪-૯૫)

'જૂનું ઘર ખાલી કરતાં' સૉનેટ માત્ર બાલમુકુન્દ દવેનું જ નહીં પણ ગુજરાતી સાહિત્યની સૉનેટ પરંપરામાં એક ઉત્તમ આવિષ્કાર છે. કવિએ અહીં એક બાજુ તુચ્છવસ્તુ અને બીજી બાજુ અત્યંત દુર્લભ એવા રત્નને ખોવાની અનુભૂતિને વિરોધાવીને અનેરું કલાવિભાન રચ્યું છે. પોતાના વહાલસોયા પુત્રને જે ઘરમાં ખોયો

તેની વ્યથા, તેનો વિષાદ આ સૉનેટમાં આલેખાયો છે.

શરૂઆતની છ પંક્તિઓ આમ જોવા જઈએ તો સાવ સામાન્ય વસ્તુઓનું વર્ણન છે જુઓ આ પંકતિઓ''

''ફંફોસ્યું સૌ ફરી ફરી અને હાથ લાગ્યુંય ખાસ્સુઃ
જૂનું ઝાડું, ટુથબ્રશ, વળી લક્સ સાબુની ગોટી,
બોખી શીશી, ટિનનું ડબલું, બાલદી કૂખકાણી,
તૂટ્યાં ચશ્માં, ક્લિપ, બટનને ટાંકણી સોય-દોરો!
લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું, જે
મૂકી ઊંઘુ, સુપરત કરી, લારી કીધી વિદાય.''

સાવ સામાન્ય વસ્તુની કહી શકાય એવી યાદી પણ કાવ્યનો વિષય બની છે. આમ જોવા જઈએ તો એક મધ્યમવર્ગના માણસ પાસે કેટલી દોલત હોય ? દરેક મધ્યમ વર્ગના વ્યક્તિ પાસેથી આવી જ વસ્તુ મળવાની છે. તેને વારંવાર ભાડાના મકાન બદલવા પડે છે - આ ઘટનાઓમાં એક મધ્યમવર્ગના માણસની લાચારી, એની સાચી સ્થિતિનું બયાન મળે છે. મકાન પોતાનું હોય કે ભાડાનું જેમ વર્ષો વિતાવ્યાં હોય તેની સાથે માણસની કેટલીક લાગણીઓ પણ ચોક્કસ ગુંથાયેલી હોવાની જ. ભલે મકાન બદલાવવું પડે પણ એની જોડે ગુંથાયેલ સૂક્ષ્મ લાગણીઓ એને ક્યારેક ભાવવિહ્વળ બનાવી મૂકે છે. કવિ ઘર બદલી રહ્યાં છે. એ ઘર જેમાં તેમણે એક દશકાથી પણ વધુ સમય વિતાવ્યો છે. એ ઘર બદલવું પડે તે એક ઘટના છે. કવિ ઘરમાંની ઝીણામાં ઝીણી વસ્તુઓ હાથ વગી કરીને ભરી લે છે. 'ફંફોસ્યું સૌ ફરી ફરી' કવિએ ફંફોસી ફંફોસીને નાની-મોટી વસ્તુઓ લઈ લીધી. કાવ્યની શરૂઆતમાં ચીજવસ્તુઓની કવિએ એક આખી યાદી આપી છે તેમાં જૂનું ઝાડું, ટુથબ્રશ, લક્સ સાબુની ગોટી, બોખી



શીશી, ટિનનું ડબલું, કાણી બાલદી, તૂટેલાં ચશ્માં, ક્લિપ, બટન, ટાંકણી, સોય-દોરો અને છેલ્લે 'લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયુ'- આખું ઘર ફંફોસીને ઝીણામાં ઝીણી વસ્તુ પણ લઈ લીધીને લારી મૂકી લારીને રવાના કરી દીધી. કવિએ અહીં પોતાના જીવનની દોલતની આપણી સામે રજૂ કરીને પોતાન સ્થિતિનું સચોટ બયાન આલેખ્યું છે. અહીં કવિ જાણે મધ્યમવર્ગના માણસનું પ્રતિનિધિત્વ કરી રહ્યાં હોઈ એની અનુભૂતિ થયા વિના રહેતી નથી. બાલમુકુન્દ દવેએ આખી યાદી માત્ર આપવા ખાતર આપી એને તો કંઈક વાતને એવી રીતે રજૂ કરવી છે, તેનાં ઉપરથી કંઈક સ્પષ્ટ આલેખન પર આવવું છે.

'જૂનું ઘર ખાલી કરતાં 'ની બીજી છ પંક્તિ ઘણી મહત્ત્વની બની રહે છે :

''ઊભાં છેલ્લી નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ;
જ્યાં વિતાવ્યો પ્રથમ દસકો મુગ્ધ દાંપત્ય કેરો;
જ્યાં દેવાના પરમ વરશો પુત્ર પામ્યાં પનોતો
ને જ્યાંથી રે કઠણ હૃદયે અગ્નિને અંક સોંપ્યો!
કોલેથી જે નીકળી સહસા ઊઠતો બોલી જાણેઃ
બા-બાપુજી! ના કશુંય ભૂલિયાં; એક ભૂલ્યાં મને કે ?''

આખું ઘર ફંફોસી વળ્યાં પછી જ્યાં આખો દશકો વીતાવ્યો એ ઘરમાં એક નજર કરી લેવા કવિમન લલચાય છે. અહીં એમનાં જીવનનો અમૂલ્ય સમય વીત્યો છે. આ એ જ ઘર છે ત્યાં દેવના વરદાન સમા પુત્રને ખોયો છે, એની અનુભૂતિ કવિ હૃદયને ઘેરી વળે છે, વિહ્વળ બનાવી મૂકે છે, જ્યાં પગલું ઉપાડવા જાય છે ત્યાં ખૂણાંમાંથી જાણે અવાજ આવે છે : 'બા-બાપુજી ! ના કશુંય

ભૂલિયાં; એક ભૂલ્યાં મને કે ?' આ અવાજથી કવિને વિષાદમાં ઘેરી વળે છે. કવિ હૃદયની અસહ્ય દેવના અને એમાં પ્રગટતો કવિનો સંયમ કાવ્યને પરાકાષ્ઠાએ પહોંચાડે છે.

સૉનેટની અંતિમ બે પંક્તિમાં પણ કવિની મનઃસ્થિતિ સુપેરે પ્રગટે છે:

"ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા!
ઉપાડેલાં ડગ ઉપર શા લોહ કેરા મણિકા!"

આંખમાં જાણે કાચની તીણી કણિકા ખૂપી ગઈ હોય એવી વેદના કવિને જાય છે. આ ઘરમાંથી બહાર જવા ઉપડેલાં પગ ઉપર જાણે લોખંડના મણ મણ જેટલો વજન થઈ જાય એવા ભારેખમ બની જાય છે. સહજને સરળ ઉદ્‌ગાર દ્વારા બાલમુકુન્દ દવેએ વિષાદભરી સ્થિતિને ખૂબ જ સંયમપૂર્વક આલેખી અનેરું કલાવિધાન કંડાર્યું છે. એક બાજુ તુચ્છ વસ્તુઓ છે તેની બીજી બાજુ અત્યંત દુર્લભ એવા રત્નને ખોવાની અનુભૂતિ છે આ બન્ને સ્થિતિને કવિએ અહીં વિરોધાવીને કાવ્યને અનેરું કલાસૌન્દર્ય બક્ષ્યું છે.

'જૂનું ઘર ખાલી કરતાં' અને 'છેલ્લું દર્શન' બન્ને રચનાઓમાં પોતાના પ્રિયજનને ગુમાવ્યાંનો વિષાદ પ્રગટે છે પણ, એમાં આ બન્ને કવિઓની વિશેષતા એ છે કે, બન્નેએ આ વિષાદનો સંયમપૂર્વક મુકાબલો કરીને પ્રિયજનની સ્મૃતિઓને ઉત્કૃષ્ઠ રીતે આલેખી છે.



**(૬) અલ્પ આયુના કવિનું દીર્ઘઆયુ ભોગવતું કાવ્ય : 'બોલ વાલમના'.**

**બોલ વાલમના**

ઊંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના,
ઘરમાં સૂતી સાંભળું રે બોલ વાલમના,
ગામને પાદર ઘૂઘરા વાગે,
ઊંઘમાંથી મારાં સપનાં જાગે,
સપનાં રે લોલ વાલમના.
ઊંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના.

કાલ તો હવે વડલાડાળે ઝૂલશું રે લોલ,
કાલ તો હવે મોરલા સાથે કૂદશું રે લોલ,
ઝૂલતાં ઝોકો લાગશે મને,
કૂદતાં કાંટો વાગશે મને,
વાગશે રે બોલ વાલમના.
ઘરમાં સૂતી સાંભળું રે બોલ વાલમના.

આજની જુદાઈ ગોફણ ઘાલી વીંઝશું રે લોલ,
વાડને વેલે વાલોળપાપડી વીણશું રે લોલ.
વીંઝતાં પવન અડશે મને
વીણતાં ગવન નડશે મને
નડશે રે બોલ વાલમના.
ઊંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના.
ઘરમાં સૂતી સાંભળું રે બોલ વાલમના.

- મણિલાલ દેસાઈ

મણિલાલ એટલે અંધકારના કવિ- રંગ, લયને ગતિના કવિ. રાવજી પટેલ, જગદીશ જોષીની જેમ મણિલાલની કાવ્યરાધના એમનાં મધ્યાહ્નને જ આથમી જતાં ગુજરાતી કવિતાને એમની ભારે ખોટ અનુભવાય છે છતાં ગુજરાતી કવિતાને - ભાવકોને એમનાં સર્જનનો જે જાદુઈ સ્પર્શ થયો તેની તાજગી આજે પણ એવીને એવી તાજી રહી શકી છે.

એક બાજુ આધુનિકતાના પડઘાઓ સતત સંભળાય છે. વ્યક્તિહ્રાસ અને મૂલ્યહ્રાસની વ્યંજના વધુ તીવ્ર અને સૂક્ષ્મરૂપે આલેખાતી હતી તેવા ટાણે મણિલાલ દેસાઈ પોતાના આવવો અવાજ લઈને આવે છે. એકમાત્ર કાવ્યસંગ્રહ દ્વારા તેમણે ગુજરાતી કવિતામાં અનેરા જાદુના કામણ પાથર્યાં છે. પ્રકૃતિની તળપદી સુગંધનો ધબકાર, તેમનાં અછાંદસ ને ગીતોમાં રંગ, લય અને ગતિના ઈન્દ્રિય સંવેદ્ય કલ્પનો દ્વારા અનોખી ભાત રચી છે.

'બોલ વાલમના' મણિલાલની પ્રથિતયશ કૃતિ છે. આ ગીતમાં શબ્દની ચમત્કૃતિ, લયનો હિલ્લોળને અર્થગર્ભતા જેવા તત્ત્વોનો સુભગ સમન્વય સાધીને પ્રણયાભિવ્યક્તિની વિવિધ તાસીરનો અનુભવ કરાવે છે. આવતીકાલે આવનાર પિયુના આગમનની કાગડોળે રાહ જોઈ રહેતી નાયિકાની મનઃસ્થિતિના મનોભાવને કવિએ કુશળતાથી આલેખ્યાં છે. નાયિકાનું ચિત્ત વાલમની સ્મતિઓમાં ખોવાયું છે. આવનારી કાલની ઘડીઓ ગણતી નાયિકના હૃદયમાં થોડાં વિરહના અને મિલનના - ઊભયભાવોની આવન-જાવન થતી અનુભવાય છે. નાયિકના ચિત્તશોકમાં પિયુના સંસ્મરણો છવાય ગયા છે. કવિ એને આલેખતાં કહે છે :



"ઊંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના,
ઘરમાં સૂતી સાંભળું રે બોલ વાલમના,"

અહીં કાવ્યનાયિકાની બે જુદી જુદી સ્થિતિ-અવસ્થા કવિએ આલેખી છે. એક જાગૃતિની અને બીજી છે તંદ્રાની. આવી અવસ્થામાં અજંપાની મધુરાતાને પિયુમિલનની તિતિક્ષા, તેનો તલસાટ મણિલાલ આ ગીતમાં બહુ સુન્દર રીતે કંડાર્યો છે. આ ગીતમાં કાવ્યનાયિકાના હૃદયમાં તો બસ એક જ ઝંખના- ખેવના છે - પિયુ મિલનની. એને ઊઠતાં, બેસતાં, ઊંઘતા-દરેક અવસ્થાએ પિયુનો બોલ સંભળાય છે. ઊંબરે ઊભી હોય કે ઘરમાં સૂતી હોય એને પિયુના બોલ સંભળાય છે. નાયિકાને પ્રત્યેક ક્ષણ પિયુ આગમનના ભણકારા વાગી રહ્યાં છે. એનું ચિત્ત ક્યાંય ઠરીને ઠામ થતું નથી બસ એની એક જ રટણા છે પિયુને મળવું ને એ ઈન્તજાર આવતીકાલે તો પૂર્ણ થશે. કાવ્યનાયિકાની મનઃસ્થિતિને કવિએ અહીં બહુ સુંદર રીતે આલેખી છે. મણિલાલ આગળ કહે છે :,

"ગામને પાદર ઘૂઘરા વાગે,
ઊંઘમાંથી મારાં સપનાં જાગે,
સપનાં રે લોલ વાલમના.
ઊંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના."

ગામના પાદરે થતો ઘૂઘરાનો મધુર રણકાર નાયિકાના ચિત્ત બહેકાવી મૂકે છે, અહીં નાયિકાની ચિત્તમાં નાયકના મધુર સ્પંદનો જાગી ઊઠ્યાં છે. એનું કલાત્મક સૂચન કવિએ સલૂકાઈથી આલેખી દીધું છે. અહીં કવિએ બે જુદાં જુદાં સમયને અનંતતાનું પરિમાણ અર્પ્યું છે. ગામને પાદર ઘૂઘરા વાગે છે ને પ્રિયતમાના સૂતાં શમણાં

જાગી ઊઠે છે. આ આનંદઘન ક્ષણ એવી તો અસ્તિત્વમાં વિસ્તરી ગઈ છે કે ઘૂઘરા વાગવાનો તથા શમણા આવવાનો સમય એક જ થઈ ગયો છે - જુદો નથી. મણિલાલે આ ગીતમાં 'બોલ વાલમના', 'રે લોલ!' જેવા કર્ણમંજુલ રવને મોહક બનાવીને એમનાં કવિકર્મનો પરિચય કરાવ્યો છે. 'બોલ વાલમ'ના શબ્દ મૂકીને કવિએ એની મીઠાશને લય - નાદ દ્વારા હૃદયસંવેદ્ય બનાવી છે.

આવતી કાલે આવનાર પિયુની સંગાથે નાયિકાને ઘણી જગ્યાએ મ્હાલવાના કોડ જાગ્યા છે. આ મુગ્ધાના હૃદયમાં જાગેલાં ઓરતા તો જુઓ,-

"કાલ તો હવે વડલાડાળે ઝૂલશું રે લોલ,
કાલ તો હવે મોરલા સાથે કૂદશું રે લોલ,
ઝૂલતાં ઝોકો લાગશે મને,
કૂદતાં કાંટો વાગશે મને,
વાગશે રે બોલ વાલમના.
ઘરમાં સૂતી સાંભળું રે બોલ વાલમના."

આ ષોડ-શીને તો પિયુની સંગ વડલાડાળે ઝૂલવાના તેમજ મોરલા સાથે કૂદવાના અભરખા છે. વડલા ડાળે ઝૂલતાં પોતાનો ભવ્ય ભૂતકાળ ઝૂમી ઊઠશે તો મોરલા સાથે કૂદતાં એનાં હૃદયમાં ઊર્મિઓના ઉછાળ સર્જાશે - હૈયું થનગની ઊઠશે. આ મુગ્ધાની મુગ્ધ ને વિસ્મયભરી બાલ્યસહજ ઝંખના હજુ એવી ને એવી જ છે. વડલાડાળે ઝૂલવાનું અને મોરલા સાથે કૂદવાનું આ નાયિકાને એવુંને એવું જ આકર્ષણ છે. પછી ઝૂલતા ઝોંકો વાગે કે કૂદતાં કાંટો વાગે એની કોઈ સાડાબારી આ નાયિકાને નથી જ નથી. કારણકે, તોયે



વાલમના બોલ એની પાસે જે છે - રહેશે. કવિએ અહીં આપણા ગ્રામજીવનના પ્રતીકોને લઈને નારીસહજ લાગણીઓને કુમાશથી આલેખી છે. અહીં ગ્રામપરિવેશને તળપદી સુગંધ પ્રણયસંવેદનને ઘેરું બનાવે છે. કવિ કાવ્યનાયિકાની મનઃસ્થિતિને વધુ સ્પષ્ટ કરતાં કહે છે :

"આજની જુદાઈ ગોફણ ઘાલી વીંઝશું રે લોલ,
વાડને વેલે વાલોળપાપડી વીણશું રે લોલ.
વીંઝતાં પવન અડશે મને
વીણતાં ગવન નડશે મને
નડશે રે બોલ વાલમના.
ઊંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના.
ઘરમાં સૂતી સાંભળું રે બોલ વાલમના."

પિયુ સાથે હોઈ તો પછી બીજી કોઈ બાબત નાયિકા માટે મહત્ત્વની રહેતી નથી. નાયિકા વિરહને ગોફણમાં ઘાલીને દૂર દૂર ફંગોળી દેવા ઈચ્છે છે. વિરહને ગોફણમાં ઘાલીને દૂર ફંગોળવાની વૃત્તિમાં નાયિકાની અલ્લડતાનાને જાનપદા પરિવેશની તાજગીના સંસ્કારો સુપેરે પ્રગટે છે. પ્રિયતમ સાથે વાડની ડાળે વાલોળપાપડી વીણવાની આ નાયિકાને જે ખેવના છે તેની પાછળ નાયિકાનો હેતુ નાયક જોડે ખુલ્લા મને વાતો કરવાનો છે. ગામમાં સંયુક્ત કુટુંબમાં નવવરવધૂને ખુલ્લા મને વાતો કરવાનો અવસર ખુબ જ ઓછો મળે છે. નાયિકા એકાંતને ઝંખે છે. તે નાયક જોડે મોકળા મને પ્રણયગોષ્ઠી કરવા ઈચ્છે છે. માનો કે આવી ક્ષણોમાં પવન કે ગવન નડે તો એને કોઈ પરવા નથી. એને તો 'બોલ વાલમ'નાં જ ખપે છે. નાયિકાને

તો 'નડશે રે બોલ વાલમ'માં જ અનેરો આનંદ આવશે. અહીં કવિએ 'વીંઝતાં પવન અડશે મને' અને 'વીણતાં ગવન નડશે મને' માં કેવો સેન્દ્રિયસ્પર્શ કરાવ્યો છે.

'બોલ વાલમના' માં મણિલાલે નારી હૃદયની નજાકત, લાગણીની સુકુમાતા, વિરહની-મિલનની તેમજ જાગૃતિ-નિદ્રંની અનેક ભાવસ્થિતિઓને મણિલાલે અહીં કુશળતાથી આલેખીને અનેરું કવિકર્મ બજાવ્યું છે. ગીતનો કર્ણમંજુલ રવ, એનો લય અને એમાં રહેલું સંગીતતત્ત્વ એવું તો આહ્‌લાદક ને આસ્વાદ્ય બન્યું છે કે ગુજરાતી ભાવકોના હૃદયમાં એનો નાદ સદા ગુંજ્યા કરશે. મણિલાલે ભલે અલ્પઆયુષ્ય ભોગવ્યું પણ 'બોલ વાલમનાં' ગુજરાતી કવિતામાં દીર્ઘઆયુ બનીને ચિરકાળ વંચાતું રહેશે - ગવાતું રહેશે.



## (૭) મુગ્ધભાવો આલેખતી બે રચના

### (૧) હવે આંખોનું નામ નહીં ખાંઓ

સખીરી, હવે આંખોનું નામ નહીં આંખો
આંખો તો મોગરાની ડાળીનું નામ
એને શમણું જોયાનું ફૂલ ઝૂલે,
રૂંવેરૂંવામાં પડે મ્હેકતી સવાર
જ્યારે પાંપણની પાંદડીઓ ખૂલે
હાથમાંથી સરકીને વહી જાતાં ભાનસાન
વીંઝ રે દૂર દૂર પાંખો
સખીરી, હવે આંખોનું નામ નહીં આંખો.

દીધું ન જાય કોઈ પંખીનું નામ
એવી હોઠોમાં ઊપડતી ગ્હેક,
જાણે બધું નજરાઈ જાતું ન હોય
એમ-જેને જોઉં તે મ્હેકમ્હેક!
એટલું ય ઓછું જ હોય એમ ફળિયામાં
આંબાની લૂમઝૂમ સાખો
સખીરી, હવે આંખોનું નામ નહીં આંખો.

- રમેશ પારેખ

### (૨) એ સોળ વરસની છોરી

એ સોળ વરસની છોરી
સરવરિયેથી જલને ભરતી તોયે એની મટકી રહેતી કોરી

એ સોળ.....
ગગનભર્યા ઘનશ્યામ અષાઢી વાદળ કેરું એ તો અંજન આંજે,
મઘમઘ મ્હેકયાં ડોલરના કૈં ફૂલ સરીખાં ગાલે ખંજન રાજે;
જેની હલકે માયા ઢળ કે એવી છાયા ઢાળે નેણ બિલોરી.
એ સોળ.....
મહી વલોવે રણકે સોનલ કંકણ જેના મલકે મીઠા સૂર,
ગોરાં ગોરાં ચરણે એનાં ઘુઘરિયાળાં રૂપાનાં નૂપુર;
કંઠ સુહાગે સાગરનાં મધુ મોતી રમતાં બાંધ્યા રેશમ-દોરી,
એ સોળ.....
એનાં પગલે પગલે પ્રગટે ધરતી-ધૂળમાં કંકુની શી રેલ,
એના શ્વાસેશ્વાસે ફૂટે ઘૂમરાતા આ વાયરામાં વેલ;
એના બીડ્યા હોઠ મહીં તો આગ ભરેલા ફાગણ ગાતો હોરી.
એ સોળ.....

- પ્રિયકાન્ત મણિયાર

રમેશ પારેખ અને પ્રિયકાન્ત મણિયાર બન્ને એવી કવિપ્રતિભા છે કે જેનાથી ગુજરાતી કવિતા લીલીછમ્મ બની છે. આ બન્ને કવિઓએ શબ્દોને રીતસરના રમાડ્યાં છે. - તેને લાડ લડાવ્યાં છે. લયવિધાન અને શબ્દવિધાન દ્વારા પોતિકા સંવેદનોને આ બન્નેએ સુખદ ચમત્કારોથી મઢ્યાં છે. - જાણે આસમાની રંગની ચૂંદડીમાં શબ્દરૂપી તારલા ટાંક્યાં છે. એક 'લયનો કામાતુર કવિ', 'લોકકવિ'નું બિરૂદ પામ્યો છે તેણે શબ્દો વાવીને કવિતા ઉગાડી છે.તો બીજો છે 'ફૂલોનો કવિ', જે હાથીદાંતથી ચૂડલીઓ પર કોતરણ કરતા કરતા કાવ્યરૂપી ચૂડલીઓમાં ઝીણું ઝીણું નકશીકામ કરે છે. રમેશ પારેખ તો



'સદાબહાર કવિ' છે. ભાવોને અનુભૂતિજન્ય બનાવી સ્પર્શક્ષમ મૂર્તતા અર્પવાનું આ કવિ માટે ખુબ સહજ છે. એમની વિશેષતા મુખ્યતઃ કાવ્યના લયસંયોજનમાં રહેલી છે, એટલી જ ભાવસંયોજનમાંયે ખરી સાઈ મકરન્દ દવે નોંધે છે :

''રમેશની વાણીએ ગુજરાતની આંખો ભીની કરી છે. હોઠ ઉપર હાસ્ય ફરક્યું છે. હૃદયને ભીંજવ્યું છે, કટાક્ષની ધારથી મનને ફટકાર્યું છે અને પ્રાણને તેજ પાયું છે. રમેશ ગુજરા પર અમૃતમેઘ બની વરસ્યો છે, વિદ્યુત બન ચમક્યો છે અને દુધીયા વાદળ સમો વિહર્યો છે. અત્યંત કુમાશી માંડી કૌવત સુધી તેની વાણી વિસ્તરી છે.''

(પૃ.૧૧૧, સદાબહાર કવિ : રમેશ પારેખ)

તો પ્રિયકાન્ત મણિયાર વિશે ડૉ. ચંદ્રકાન્ત શેઠ નોંધે છે :

''પ્રિયકાન્તે સ્નેહને માટે શબ્દની શોધ આદરી અને શબ્દ એમને એવો તો પ્રત્યક્ષ થયો કે એ પોતે તો ન્યાલ થયા ને સૌનેય ન્યાલ કર્યા. ('શબ્દો') પ્રિયકાન્તને વિહંગની ચાંચ જેવી એક નહીં, અનેક પંક્તિઓ ફૂટતી હતી અને તેથી તેઓ નમણાંમીઠાં અનેક ગીત આપી શક્યા. 'વાયુના શિલ્પી' એવા પ્રિયકાન્ત તો ગીતને વાયરામાં વાવીને અણધાર્યા - ઉતાવળે ચાલી નીકળ્યા, પણ એમના ગીતના પડછંદ ગુજરાના કાવ્યકાશમાં સતત સંભળાતા રહેશે એમ શ્રદ્ધાપૂર્વક કહી શકાય.''

રમેશ પારેખ તો લયસાગરનો મરજીવો હતો. તેણે નિત નવાં લયઆવર્તનોથી અનેકવિધ્ પરિમાણો રચ્યાં છે.''હવે આંખોનું

નામ નહીં આંખો''- ગીત એણું લોકપ્રિય બન્યું છે. આ ગીતમાં એમનું કવિત્વ ફાટફાટ થતું કળાય છે. લયનો અને મુગ્ધપ્રણયનો છાક ભાવકને રસતરબોળ કરી મૂકે છે. 'સખીરી' જેવા સંબોધનથી કાવ્યનો ઉઘાડ થતા એમાંથી લાલિત્યની મીઠી મ્હેંક પ્રસરવા લાગે છે. આ ગીતની અભિવ્યક્તિમાં કવિની લીલીછમ્મ લાગણી એવી તો છલકે છે કે કાવ્યમાં મુગ્ધાવસ્થાને ઉંબરે ઊભેલી નાયિકા પોતાની ભીતરના સંવેદનને પોતાની સખી સાથે સેર કરતાં કહે છેઃ

''સખીરી, હવે આંખોનું નામ નહીં આંખો
આંખો તો મોગરાની ડાળીનું નામ
એને શમણું જોયાનું ફૂલ ઝૂલે,
રૂંવેરૂંવામાં પડે મ્હેકતી સવાર
જ્યારે પાંપણની પાંદડીઓ ખૂલે
હાથમાંથી સરકીને વહી જાતાં ભાનસાન
વીંઝ રે દૂર દૂર પાંખો
સખીરી, હવે આંખોનું નામ નહીં આંખો.

આપણને પણ પ્રશ્ન થાય કે આંખોને આંખો ન કહીએ તો શું કહેવાય? કાવ્યનાયિકા પાસે તેનો પ્રત્યુત્તર છે. ''આંખો તો 'મોગરાની ડાળી'નું નામ.'' 'આંખો'નો નિષેધ કરીને આ કવિએ એને 'મોગરાની ડાળી'માં રૂપાંતરિત કરી છે. નાયિકાની આંખોમાં તો આજ લગી સુક્કો ઉઘાડ હતો, તેની જગ્યાએ આ સુક્કાપનમાં કોઈ શમણાંરૂપી લીલાશ વ્યાપી જાય છે. એ આંખોમાં કોઈનું પ્રતિબિંબ ઝિલાયું છે. આંખો જો કોરીકટ્ટ હોત તો એને 'આંખો' કહેવામાં હરકત ન્હોતી; પણ હવે ? એ આંખોમાં તો કોઈની ઝંખના છે - પ્રતીક્ષા છે -



પિયુના શમણા - ની. આ મુગ્ધાને તો પ્રેમ થયો છે પ્રેમ. એમની આંખોમાં હવે પ્રેમરૂપી પુષ્પો પાંગરવા માંડ્યા છે, એનાં રોમરોમમાં મ્હેંકતી સવાર જેવી ખુશ્બુ વ્યાપી છે. આ મુગ્ધાને હવે દૂર દૂર શમણાંરૂપી પાંખો વિંઝાતી હોવાની અનુભૂતિ થઈ રહી છે. અહીં આંખોનો નિષેધ કરી, મોગરાની ડાળમાં રૂપાંતરિત કરવાની રમેશ પારેખની મૌલિકતા નવું જ પરિમાણ રચે છે.

પ્રિયકાન્ત મણિયાર 'સોળ વરસની છોરી' ગીતરચનામાં મુગ્ધાવસ્થાની વયે પહોંચેલી એક મુગ્ધાના મુગ્ધકર ભાવોને આલેખીને અનેરું કવિત્વસિદ્ધ કરે છે. પ્રિયકાન્ત મણિયારે આખા કાવ્યમાં કલ્પનશીલતાનો અનોખો આવિર્ભાવ રચ્યો છે. સોળ વરસની મુગ્ધાનું રમણીય ચિત્ર આલેખતાં કવિ કહે છે :

''એ સોળ વરસની છોરી
સરવરિયેથી જલને ભરતી તોયે એની મટકી રહેતી કોરી
એ સોળ વરસની છોરી.''

જેમ કાલિદાસ 'અભિજ્ઞાન શાકુન્તલમ્' માં શકુન્તલાના રૂપ-સૌદર્યને ભાવક સમક્ષ આલેખી 'અનાઘ્રાતં પુષ્પમ્'ની અનુભૂતિ કરાવે છે તેમ પ્રિયકાન્ત મણિયાર અહીં સોળ વરસની મુગ્ધાનું મુગ્ધકર ચિત્ર ભાવક સમક્ષ આલેખે છે. 'ફૂલોના કવિ' તરીકે જાણીતા થયેલા શ્રી મણિયાર પાસેથી મુગ્ધ ષોડશીના રૂપવર્ણનનું અવિસ્મરણીય ચિત્ર મળે છે. કવિએ વિવિધ કલ્પન-અલંકાર દ્વારા ઈન્દ્રિયગમ્ય બનાવવા યત્ન કર્યો છે. સોળ વરસની છોરી સરવરિયેથી મટુકીમાં પાણી ભરી રહી છે ને છતાં એની મટુકી તો કોરી છે. અહીં 'કોરી મટકી' કન્યાનું પ્રતીક બની તેની અભોગ્ય

મુગ્ધાવસ્થાનો નિર્દેશ કરે છે. એથીયે વિશેષ કહેવું હોય તો 'કોરી મટકી'માં આ ષોડશીના કુંવારા તન-મનનો નિર્દેશ એ અનાઘ્રાતં પુપની પ્રતીતિ કરાવે છે. એની યૌવન હજુ અણબોટ્યું છે તેનું સરળ કલ્પન કવિએ અહીં અસરકારક રીતે આલેખ્યું છે. પ્રિયકાન્ત મણિયાર એનું રૂપવર્ણન કરતાં આગળ કહે છે :

"ગગનભર્યા ઘનશ્યામ અષાઢી વાદળ કેરું એ તો અંજન આંજે,
મઘમઘ મ્હેકયાં ડોલરના કૈં ફૂલ સરીખાં ગાલે ખંજન રાજે;
જેની હલકે માયા ઢળ કે એવી છાયા ઢાળે નેણ બિલોરી.
એ સોળ વરસની છોરી."

આ મુગ્ધાએ આંખોમાં કાજળરૂપી અંજન આજ્યું નથી પણ ઘનશ્યામ (કાળાવાદળ નહીં કૃષ્ણ) રૂપી અંજન આંજ્યું છે. આ મુગ્ધાને કૃષ્ણ-ઘનશ્યામની આરઝુ છે - ઝંખના છે. એમને એવા મનના માણિગરની ઝંખના છે જે હજુ ફળી નથી. સોળ સોળ વરસના વહાણલા વા'યા છતાં આંખો હજી કોરીચટ્ટાક છે. આ આંખને કવિ 'નેણબિલોરી' કહે છે. નાયિકાના મુગ્ધરૂપને વધુ લચક આપવા કવિ એનાં ગાલમાં પડતાં ખાડા માટે 'મઘમઘ મ્હેક્યાં ડોલરના કૈં ફૂલ સરીખા ગાલે ખંજન રાજે' કહીને નવું જ પરિમાણ પ્રગટાવે છે. પ્રિયકાન્ત મણિયારે આ કાવ્યમાં કલ્પનને અલંકારનો ઉચિત વિનિયોગ કરીને કવિએ રોમેન્ટિક ઉદ્રેકને ઉત્કટ રીતે પ્રગટાવ્યો છે. મુગ્ધાની આંખોમાં જે નિરામય તાજગી તરી રહી છે તેનું મુગ્ધકર ચિત્ર અહીં કવિએ આલેખ્યું છે.

સોળમાં વરસમાં પગરવ કરનારી નાયિકાના હૈયાના મનોગતભાવને રમેશ પારેખે પોતિકી રીતે આલેખ્યાં છે. એક ગીતમાં



રમેશ પારેખ મુગ્ધાની મીઠી મૂંઝવણ આલેખતાં કહે છે :

"આંખોને કાળમીંઢ કોણે ઘડી છે,
મને કંઈ તો જોયાનું સુખ આપો."

રમેશની નાયિકના હૃદયમાં મીઠી જલન છે તો આંખોમાં મીઠી પ્રેમ અગન છે. એનું હૃદય ફાટફાટ થતું ભિંસાય છે. કંઠ ખાલી છે, પ્રણય નથી ને પ્રીતમ પણ નથી, આ તે વળી કેવી સ્થિતિ ?

"દીધું ન જાય કોઈ પંખીનું નામ
એવી હોઠોમાં ઊપડતી ગ્હેક,
જાણે બધું નજરાઈ જાતું ન હોય
એમ-જેને જોઉં તે મ્હેકમ્હેક!
એટલું ય ઓછું જ હોય એમ ફળિયામાં
આંબાની લૂમઝૂમ સાખો
સખીરી, હવે આંખોનું નામ નહીં આંખો."

હૈયામાં પ્રેમની મીઠી તડપન છે. હોઠો પર એ પ્રેમ પંખીની મીઠી મહેક ઊપડી છે. એ જ સ્તો છે પ્રેમની મીઠી મૂંજવણ. રમેશની કવિતામાં કેટલાય પંખીઓના મધુર ટહુકાઓ છે. કહીએ કે, રમેશની કવિતાને કલરવની ભીડ વળગેલી છે. આ મુગ્ધાને જે મીઠી જલન વ્યાપી છે તેને કારણે જાણે એમનું આખું જીવન જ નજરાઈ ગયું હોય એવી એને અનુભૂતિ થઈ રહી છે. સર્વત્ર મહેંક મહેંક થઈ રહ્યું છે અધૂરામાં પૂરું ફળિયામાં આંબાની લૂમઝૂમ સાખો ફૂટી છે. અહીં 'આંબાની લૂમઝૂમ સાખો' કહીન, રમેશે ગોપિત સંવેદન સખીને કાવ્યાંત વધુ પ્રભાવક બનાવ્યો છે. શ્રી લાભશંકર ઠાકર તેમનાં

વિશે નોંધે છે :

> ''ગીતોની પરંપરામાં કદી ન આવ્યા હોય એવા શબ્દો રમેશના ગીતોમાં સળવળીને ઝૂલતા લયના તાર પર, ઝૂલતા અનુભવવાનો આનંદ મેં હંમેશા (હા, હંમેશા) અનુભવ્યો છે.
>
> (પૃ. ૫૫, સદાબહાર કવિ : રમેશ પારેખ)

રમેશ પારેખની કવિતામાં વિપુલતાની સાથે સાથે વૈવિધ્ય અને મૌલિકતા ભારોભાર પડી છે. 'હવે આંખોનું નામ નહીં આંખો'- એ માત્ર રમેશ પારેખનું જ નહીં પણ સમગ્ર ગુજરાતી ઊર્મિકવિતામાં ઊંચી માંગ મુકાવે તેવું કાવ્ય છે.

પ્રિયકાન્ત મણિયારના કવિતાવૈભવને વિષયવૈવિધ્યની દૃષ્ટિએ કવિ બાલમુકુન્દ દવે 'જનરલ ડિપાર્ટમેન્ટલ સ્ટોર' જેવો કહે છે. તેમણે નારીસૌન્દર્ય અને હૃદયના ભીતરના ભાવોને કુશળતાથી ગૂંથ્યા છે. કવિનો વિષય પરત્વેનો અભિગમ વિશેષતઃ સૌન્દર્યલક્ષી રહ્યો છે. 'એ સોળ વરસની છોરી' ગીત તેનો ઉત્તમ નમૂનો છે. કવિએ નારીની નાજુક રૂમઝુમ પગલી પાડતી પાનીને તેમજ તેમના ઉજ્જલ ભાલપ્રદેશને આલેખતાં કવિ કહે છે :

''મહી વલોવે રણકે સોનલ કંકણ જેના મલકે મીઠા સૂર,
ગોરાં ગોરાં ચરણે એનાં ઘુઘરિયાળાં રૂપાનાં નૂપુર;
કંઠ સુહાગે સાગરનાં મધુ મોતી રમતાં બાંધ્યા રેશમ-દોરી,
એ સોળ વરસની છોરી.
એનાં પગલે પગલે પ્રગટે ધરતી-ધૂળમાં કંકુની શી રેલ,
એના શ્વાસેશ્વાસે ફૂટે ઘૂમરાતા આ વાયરામાં વેલ;



એના બીડ્યા હોઠ મહીં તો આગ ભરેલા ફાગણ ગાતો હોરી.
એ સોળ વરસની છોરી.''

મહી વલોવતાં આ મુગ્ધાના કંકણમાંથી યૌવનનો ઉન્માદ રણકી રહ્યો છે ને મુખમાંથી ગીતોનો રણકાર. એના પગલાં જ્યાં જ્યાં પડે છે ત્યાં કંકુની રેલમછેલ થઈ જાય છે. પ્રિયકાન્ત મણિયારે આ મુગ્ધાની નાજુક પગલીએ ચિત્રિત કરી છે. એના બીડેલાં હોઠ જાણે ફાગણની હોરી ગાતો પમાય છે. પ્રિયકાન્ત મણિયારે મુગ્ધાના દેહ સૌન્દર્યને સુભગ કલ્પનાશીલતાથી દોર્યું છે. તેને પ્રત્યક્ષ કરાવવા કવિએ કલ્પન, રૂપક ને ઉપમાને રંગદર્શી બાનીમાં આલેખી અનેરું કાવ્યત્વ સિદ્ધ કર્યું છે.

રમેશ પારેખ અને પ્રિયકાન્ત મણિયાર ઊભય ગુજરાતી કવિતાને સૌન્દર્યલક્ષીતાનો અનુભવ કરાવે છે. રમેશ પારેખ માટે શ્રી વિનુ મહેતાએ ટાંકેલા શબ્દો નોંધું તો -

> ''શબ્દો વાવી જેણે કવિતા ઊગાડી છે, આંખોના પાણી સીંચીને અને હૃદયના લોહીથી એ કવિતાના પિંડમાં જેણે રખોપાં કર્યા છે. એ આપણો, અમારો (હા, મારો પોતાનો) કવિ- મુઠ્ઠી ઊંચેરો કવિ એટલે રમેશ પારેખ !''
>
> (પૃ. ૧૦૯ સદાબહાર કવિ : રમેશ પારેખ)

## (૮) 'સાગર અને શશી'- આનંદોલ્લાસની પરાકાષ્ઠા

આજ મહારાજ ! જલ પર ઉદય જોઈને
ચન્દ્રનો હૃદયમાં હર્ષ જામે,
સ્નેહધન કુસુમવન વિમલ પરિમલ ગહન
નિજ ગગન માંહિ ઉત્કર્ષ પામે;
પિતા ! કાલના સર્વ સંતાપ શામે !

નવલ રસ ધવલ તવ નેત્ર સામે !
પિતા ! કાલના સર્વ સંતાપ શામે !

જલધિલજલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માંહિ સરતી;
કામિની કોકિલા કેલિ કૂંજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી;
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !

તરલ તરણી સમી સરલ તરતી !
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !

- કાન્ત

કાન્ત એક ઊંડા ચિંતનશીલ, સત્યાન્વેષી, વિચારક ને મહામંથનનિમગ્ન સર્જક - કવિ હતાં. આ જગતની રચના પાછળ રહેલાં તત્ત્વસંબંધમાં પ્રચંડ મનોમંથનો તેમણે અનુભવ્યાં, એ જ એમની કવિતા માટેનું કારણ બને છે. કાન્ત પાસેથી કેવળ પ્રકૃતિવર્ણનના કાવ્યો જ નથી મળતા પણ એ પ્રકૃતિના અનંસંગે તેમણે માનવભાવને



વધુ અસરકારક રીતે આલેખવા તેમણે પ્રકૃતિતત્ત્વનો વિનિયોગ કર્યો છે. કાન્તે પ્રકૃતિ પાસેથી ધાર્યું કામ કઢાવ્યું છે એમ કહેવામાંયે જરાયે અત્યુક્તિ તો નથી જ.

'સાગર અને શશી' કાન્તનું બહુ વખણાયેલું પ્રકૃતિવર્ણનથી સભર કાવ્ય છે. સાગર ઉપર ચંદ્રનો ઉદય કવિ જે હર્ષ ને પછી શાંતિનો જે અનુભવ કરે છે તેને કવિએ હૃદયંગમ બનાવ્યો છે. કાન્તે અહીં સાગર અને શશીના એક નવા રૂપનો ભાવકોને સાક્ષાત્કાર કરાવ્યો છે. સાગર અને શશીનું એક નવું જ રૂપ અહીં કલાત્મક રીતે આલેખાયું છે - ને અનન્ય છે. કવિના કૃદયમાં જે હર્ષોલ્લાસ વ્યાપી ગયો છે તેને વ્યક્ત કરતાં કવિ કહે છે :

"આજ મહારાજ ! જલ પર ઉદય જોઈને
ચન્દ્રનો હૃદયમાં હર્ષ જામ."

ચંદ્રના અનેકરૂપો છે. આ ચંદ્ર આપણાં અનેક કલાકારોની કલાનું ભાજન બન્યો છે. એનાં અનેક વિધ્રૂપોના નોખાંને નિરાળાં અનેક સ્થિત્યંતરો આપણી કવિતામાં પામી શકાય છે. કવિએ આજ સાગર તટે ચંદ્રોદય જોયો અને એનો ઉલ્લાસ કવિના ચિત્તમાં સાગર જેવી ભરતી લાવે છે. જલ પર ચંદ્રનો ઉદય જોઈ કવિના હૃદયમાં પણ ભરતી જેવો ઉલ્લાસ વ્યાપી જાય છે. અહીં 'જામે' ક્રિયાપદ વાપરીને ઉલ્લાસની વધતી માત્રાને કાન્તે બહુ સલૂકાઈથી સૂચવી દીધી છે. ત્રીજી પંક્તિથી કવિ પોતાના હૃદયમાં જાગેલા ઉલ્લાસને વ્યક્ત કરતાં કહે છે :

"સ્નેહધન કુસુમવન વિમલ પરિમલ
ગહન

નિજ ગગન માંહિ ઉત્કર્ષ પામે;
પિતા ! કાલના સર્વ સંતાપ શામે !
નવલ રસ ધવલ તવ નેત્ર સામે !
પિતા ! કાલના સર્વ સંતાપ શામે !''

સાગર ઉપર ચંદ્રનો ઉદય થતાં હૃદયમાં જે ઉલ્લાસ પ્રગટ્યો તેને પરિણામે જાણે બધું જ બદલાઈ ગયું. કવિ કહે છે જાણે સ્નેહના વાદળ ઉમટી પડ્યાં. આ વાદળો ન તો દુઃખ-દર્દના છે કે ના તો ઘનશ્યામ. આ તો શરદ્‌ના અહૈતુક યદચ્છાવિહારી વાદળો છે. એનાંથી તો કવિનું કુસુમવન મહેંકવા લાગે છે. કોઈ મનવાંછિત-અકળ એવી મીઠી સુગંધથી ચિત્ત તર-બ-તર થઈ જાય છે. આ સમૃદ્ધિથી કાન્ત હૃદયમાં કૃતાર્થતાનો ભાવ અનુભવી રહ્યાં છે. માત્ર સ્નેહઘન વાદળો જ નહીં પણ વાદળોની સાથે સુચવાતો કુસુમોનું પુંજ આખાયે વાતાવરણને આકાશને ભરી દે છે. આ કુસુમવનની સાથે લહેરાતો કવિનો અનુભવ એની સાથે સંકળાયેલી કોઈ સુવાસની-સ્મૃતિની અનુભૂતિ કરે છે. કાન્તનો આ અનુભવ ગહનને અકળ છે. કવિએ અહીં જે દૃષ્ટિગોચર હતું તેને બદલીને ઘ્રાણેન્દ્રિયના પરિમાણમાં મૂકી આપ્યું છે. અનુભૂતિને વ્યાપક બનાવવા માટે કાન્તે અહીં ઈન્દ્રિયોનાં પરિમાણોને કુશળતાથી બદલીને એને વિસ્તાર્યું છે. સાગર પર ચંદ્રનું ઊગવું એ દૃષ્ટિગોચર છે. 'સ્નેહઘન કુસુમવન વિમલ પરિમલ ગહન' કહીને તેને ઘ્રાણેન્દ્રિય ગોચર બનાવવું એ કવિકસબનું એક જમા પાસુ બને છે. આ અનુભવ માત્ર કવિ મર્યાદિત જ બની ન રહેતા સાથે ભાવકના ચિત્તમાં પણ પરિમલની વ્યાપનશીલ ગહનતા વિકસવા લાગે છે. કવિ કહી ઊઠે છે - 'પિતા ! કાલના સર્વ સંતાપ



શામે!' આ એક અદ્વિતીય અનુભવ છે સીમાઓની સંકુચિતતામાંથી છૂટીને વ્યાપનશીલ ચિત્તમાં થયેલો સંતાપ અહીં શમી જાય છે. કાન્ત વાત્સલ્યમય પિતાના ધવલનેત્રરૂપ આ ચંદ્રના રૂપને કૃતાર્થતાથી ઘૂંટીને એને આનંદનો પુટ આપે છે.

''નવલ રસ ધવલ તવ નેત્ર સામે
પિતા ! કાલના સર્વ સંતાપ શામે !''

આકાશમાં સોળે કળાએ ખીલેલા શશીને જોતા સમુદ્રની જેમ કવિહૃદયમાં પણ ભરતી વ્યાપી છે, આ ભરતી ઉલ્લાસની છે. કવિ પોતાના સંવેદનને વિસ્તારતા કહે છે -

''જલધિલજલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માંહિ સરતી;
કામિની કોકિલા કેલિ કૂંજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી;
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !''

અદ્‌ભુત દૃશ્ય કંડાર્યું છે. કવિએ અહીં સોળે કળાએ ચંદ્ર જે રીતે આકાશમાં પ્રકાશી રહ્યો છે તે વ્યોમસર પણ નિશ્ચલ છે તેને કારણે જ તો સમુદ્રની ઉછળતી ભરતી પર ચાંદની ચમકી રહી છે, ચાંદની પણ કેવી ? વીજળીના ચમકારા જેવી 'જલધિજલદલ ઉપર દામિની દમકતી' કહી કવિ એના ભાવને તીવ્રતાથી પ્રકટ કરી આપે છે. અફાટ પાણીના ઉર્મિઉછાળને કારણે તેના અનેક ખંડોમાં રેલાતી ચાંદનીનો રોમાંચ કવિચિત્તમાં ભવોર્મિનો ઉભાર લાવે છે. કાનન્તે અહીં સરોવરના જલની નિશ્ચલતા પણ સૂચવી દીધી છે.

એ નિશ્ચલતાના પાત્રમાં હર્ષોર્મિની સભરતાના સાર્થક ઉદાહરણરૂપ કામિની કોકિલાનું કૂંજન મહેંકી ઊઠ્યું છે. સમગ્ર સૃષ્ટિનો પરિવેશ ઉલ્લાસમય બન્યો છે એવી સાગરની ભવ્ય ભરતીને કવિએ આલેખી પોતાના આનંદના ઉદ્‌ગારરૂપે પ્રકટ કરી છે. મન હળવુ ફૂલ બની ગયું છે સામે છલકાતા હર્ષના - ઉલલાસના સમન્દરમાં હળવી-શી હોડીની જેમ સમગ્ર સૃષ્ટિ તરી રહી છે, એનું તરવું પણ કેવું સરળ ને સ્વાભાવિક છે ! સાગરમાં ભરતીના મોજાંનો જે ઉછાળ છે એવો જ ઉછાળ કવિના હૃદયમાં વ્યાપ્યો છે. કાન્ત કહે છે તેમ -

"તરલ તરણી સમી સરલ તરતી !
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !"

આ છે અસ્સલ આનંદનું કારણ ને આ છે અનંદોદ્‌ગારની પરાકાષ્ઠા. છલકતી ચાંદનીને સમુદ્રની ભરતીમાં થતો કવિનો આનંદ એવો તો સંગીતમય બનતો જણાય છે કે, ભાવકનું હૃદય પણ નવપલ્લવિત થઈ આનંદમાં નાચવા માંડે છે.

કાન્તે અહીં ચંદ્ર અને સાગર બન્નેના રૂપોને એની પરાકાષ્ઠાએ આલેખી આનંદાનુભૂતિ માટે નિમિત્ત બનાવ્યાં છે. આકારમાં ઊગેલો ચંદ્ર વ્યોમસરમાં નિશ્ચલ છે તેટલાં જ ને તે જ કારણે સાગરમાં આવેલી ભવ્ય ભરતી પણ. એમાં કોકિલનું થતું મધુર કૂંજન કવિ માટે આનંદોત્સવ બની જાય છે. ભાવની મૂર્તતા અને ઈન્દ્રિયસન્તપર્કપણાને કારણે આ કાવ્ય ઘણું ધ્યાનાકર્ષક બન્યું છે. દૃષ્ટિ, શ્રવણ અને સ્પર્શેન્દ્રિયની આહ્‌લાદક અભિવ્યક્તિ તેમજ આકારની સુરેખતાની સૂક્ષ્મસૂઝ કાન્તની કાવ્યકલાનો ઉત્તમ ઉન્મેષ સમાન છે. ચિત્તમાં જે કૃતાર્થતા ઉલ્લાસ વહ્યાં તેનું કાન્તે જે રીતે આલેખન કર્યું તેમાંથી



નવીન ભાત ઉપસી આવે છે. ઉલ્લાસથી છલકતનું કવિહૃદય ભાવકને પણ ઉલ્લાસમયતાનો આસ્વાદ કરાવી શકે છે. શ્રી સુરેશ જોષીએ આ અંગે નોધ્યું છે -

> ".... પણ કાન્તને આપણે કવિ તરીકે સદા સ્મરીશું તે એમના ભાવની મૂર્તતા તથા એમની કવિતાના ઈન્દ્રિયસન્તપર્કતાના ગુણને કારણે. આ કાવ્યમાં પણ એમણે દૃષ્ટિ, શ્રવણ, સ્પર્શ - આ ઈન્દ્રિયોને કેવી તો તરપી છે ! ઉલ્લાસના સાગરમાં સરલ સરી જતી સૃષ્ટિના જેવી અનાયાસ રચાઈ જતી યમક તથા પ્રાસયુક્ત ભાવાનું ફળ પદાવલીના સ્ત્રોતમાં ભાવકનું ચિત્ત પણ સરલ વહ્યું જાય છે - ગહનતાની દિશમાં."
>
> (ગુજરાતી કવિતાનો આસ્વાદ - પૃ. ૩૨)

## (૯) 'નયણાં'- વેણીભાઈના કવિકર્મનો ઉત્તમ ઉન્મેષ

ઊનાં રે પાણીનાં અદ્‌ભુત માછલાં -
એમાં આસમાની ભેજ,
એમા આતમાનાં તેજઃ
સાચાં તો યે કાચાં જાણે કાચનાં બે કાચલાઃ
ઊનાં રે પાણીનાં અદ્‌ભુત માછલાં.

સાતે રે સમદર એના પેટમાં,
છાની વડવાનલની આગ,
અને પોતે છીછરાં અતાગઃ
સપનાં આળોટે એમાં છોરુ થઈને ચાગલાંઃ

જલના દીવાને જલમાં ઝળહળે,
કોઈ દિન રંગને વિલાસ,
કોઈ દિન પ્રભુ ! તારી પ્યાસ,
ઝેર ને અમરત એમાં આગલાં ને પાછલાં :
ઊનાં રે પાણીનાં અદ્‌ભુત માછલાં.

- વેણીભાઈ પુરોહિત

- - - - - - - - - - - - - - -

"હું મારામાં અસીમ - સીમીત
અવિરત ચંચલ,
અકલિત એકાકારઃ
**नित्य शिवोऽहम् नित्य जीवोऽहम**
હું પોતે મારામાં મલકું
પંચતત્ત્વનો પુલકિત પારાવાર'



એવું કહી તેમણે તત્ત્વસમૃદ્ધિ અને સત્ત્વસંપન્નતાની મીમાંસા કરીને 'પારાવાર' જેવા કાવ્યમાં ઉચ્ચકાવ્યત્વ સિદ્ધ કરનારા વેણીભાઈ પુરોહિતે -

'તારી આંખોનો અફીણી
તારા બોલનો બંધાણી
તારા રૂપની પૂનમનો પાગલ એકલો'

કહી 'પાનીને પગરસ્તે' જેવા લોકપ્રિયને લોકભોગ્ય ગીતમાં પ્રેમનું ધીંગુ ગાન કર્યું જે દરેક સહૃદયને મમરાવવું ગમે તેવું છે. 'તેડાં', 'વરસાદ', 'તારા નામ પર', 'સાંજો શમિયાણો', 'માયાપાશ', 'અમલ કટોરી', 'પૂનમનો નોક'- જેવી ઉત્તમ રચનાઓ જોતા એમ અવશ્ય કહી શકાય કે, વેણીભાઈ પુરોહિતના કાવ્યરાશિમાં વિપુલતા અને વૈવિધ્ય ઊભય પમાય છે. પ્રાસાદિકતા, માધુર્ય અને લય - આદિને કારણે તેમની કવિતા લોકપ્રિય બની છે.

'નયણાં' વેણીભાઈ પુરોહિતની પ્રથિતયશ કૃતિ છે. એમનાં કવિકર્મનો એમાં સોળે કળાએ ઉઘાડ પમાય છે. 'નયણાં' જેવી સર્વાંગસુન્દરને અદ્‌ભુત રચના વિશે અગાઉ પણ રસાસ્વાદ થયાં છે. 'નયણાં' રચના વારંવાર મનને લલચાવે છે હું પણ મારી સમજ પ્રમાણે તેનો આસ્વાદ કરવા યત્ન કરીશ.

'નયણાં' કાવ્યકૃતિ વેણીભાઈ પુરોહિતના કવિકર્મનું એકલપંડે પ્રતિનિધિત્વ કરી શકે એવી સક્ષમ રચના છે. અહીં કાવ્યમાં ધ્વનિ અને ધ્વનિમાં કાવ્યનો ઘાટ સર્જાયો છે. અહીં કવિની વિશેષતા એ છે કે નયણાં - આંખ માટે લખાયેલાં કાવ્યમાં ક્યાંય નયન માટે એકેય શબ્દ વપરાયો નથી. 'નયણાં' દ્વારા કવિએ મનુષ્યના હર્ષ-શોક, આનંદ-વિષાદ-વેદનાને આસ્વાદ્ય બનાવે છે. સમગ્ર કૃતિની

માંડણી મૂળે તો વિરોધામૂલક સાદૃશ્ય પર થયેલી છે. મનુષ્યની સુખદુઃખ સંમિશ્રિત ભાવોને-લાગણીને આ ગીતમાં વિરોધાવી મૂકી આપ્યાં છે. વેણીભાઈ શરૂઆતથી જ કહે છેઃ

'ઊનાં રે પાણીનાં અદ્‌ભુત માછલાં-
એમાં આસમાની ભેજ,
એમાં આતમાના તેજઃ
સાચાં તો યે કાચાં જાણે કાચનાં બે કાચલાઃ
ઊનાં રે પાણીના અદ્‌ભુત માછલાં.'''

કાવ્યની શરૂઆત જ જિજ્ઞાસામય છે. જે ભાવકને સતત જકડી રાખી, એની જિજ્ઞાસાને વધુ ઉત્તેજે છે. એક ક્ષણે તો એમ પણ થાય કે આ કેવાં અદ્‌ભુત માછલાં ? ને વળી એમાં 'આસમાની ભેજ' અને 'એમાં આતમાનાં તેજ' કવિ શું કહેવા ધારે છે ? વાચ્યાર્થ દ્વારા તો તેનો અર્થબોધ થઈ શકે એમ નથી જ નથી. ભાવકે કંઈક આગળ શોધ આદરવી ઘટે. અહીં 'માછલાં'ના પ્રતીક દ્વારા આંખોની વિવિધ ગતિવિધિઓ અને માનવીની સુખ-દુઃખમિશ્રિત લાગણીઓને સુપેરે આલેખી એક નૂતન પરિમાણ રચાય છે. 'ઊનાં રે પાણીના અદ્‌ભુત માછલાં' માં રહેલું પ્રતીકાત્મકપણું વેણીભાઈના સુકવિકર્મનો એક ઉત્તમ ઉત્મેષ છે. કવિને જે પ્રતિપાદિત કરવાનું છે તે એક જ વસ્તુને વિરોધાવીને જુદી જુદી રીતે કરે છે. માછલી જેમ પાણીમાં રહે છે તેમ આંખો પણ ઊનાં અશ્રૃસાગરની નિવાસી છે. કવિનું સર્જકત્વ આટલું કહીને અટકી જતું નથી આ માછલાંની અદ્‌ભુતતના સમજાવતાં કહે છે -

'એમાં આસમાની ભેજ,
એમા આતમાનાં તેજઃ'



આસમાનમાં રહેલો ભેજ શું આંખોમાં નથી હોતો ? આંખો આપણાં આત્માનો સાચો આયનો છે. ઘણીવાર વાત વાતમાં આપણે કહીએ છીએ કે, 'તું ખોટું બોલે છે, તારી આંખો કંઈક જુંદું જ કહે છે.' બિલકુલ ખરી વાત છે, આંખો દ્વારા આપણા ભીતરની આરસી ઉપસે છે. તેમાં આતમાનું તેજ નીખરે છે. આપણે કાળઝાળ ઊનાળામાં અનુભવીએ છીએ કે પાણી બાષ્પિભવન થઈને ભેજમાં રૂપાંતરિત થાય છે જ્યાં તેજ ત્યાં ભેજ નહીં. જ્યારે આપણી આંખોમાં તેજ અને ભેજ બેઉની ઉપસ્થિતિ છે. આંખમાં તેજ અને ભેજનું હોવું એ સજીવતાની નિશાની છે. જે આંખોમાં તેજ નથી તે આંખો ક્યાંક તો અંધ છે અથવા તો મૃત છે. જેને જગતનો સાક્ષાત્કાર થતો નથી તેનાં માટે આ જગત, ધરા, આસમાન, રંગ, રૂપ - બધું વ્યર્થ છે. 'ભેજ' માટે પણ કવિએ અહીં 'આસમાની' શબ્દ પ્રયોજી આંખોમાં રહેલ આકાશ જેટલી વિશાળતા - આકાશતુલ્ય અપરિમેયનું કુશળતાથી આલેખન કર્યું છે. એમાં 'આતમાના તેજ' દ્વારા પણ કવિએ આત્માની ઉપસ્થિતિ છે ત્યાં લગી જ તેમાં તેજ પ્રગટતું રહે છે તેની પ્રતિતી કરાવી છે. આંખો ખુલ્લી હોય કે બંધ તેને આ જગતનો સાક્ષાત્કાર થતો જ રહે છે. આંખો ખુલ્લી છે ત્યારે આ દૃશ્ય જગતનો પ્રત્યક્ષ અનુભવ થાય છે પણ જ્યારે આંખો બંધ હોય ત્યારે એ તેજ ભીતરની સૃષ્ટિને અજવાળે છે. વેણીભાઈ પુરોહિતે અહીં 'તેજ' અને 'ભેજ' દ્વારા 'નયણાં' કાવ્યમાં આંખોની મહત્તાને પ્રસ્થાપિત કરી છે. કવિ માત્ર એટલું કહીને જ અટકી ગયા નથી - 'સાચાં તો યે કાચાં જાણે કાચનાં બે કાચલાં' કહીને એમની તથા જીવનની ક્ષણભંગુરતાને સલુકાઈથી આલેખી છે. મનુષ્યના જીવનની ક્ષણભંગુરતાને ઓળખવા કવિએ 'કાચના બે કાચલાં'ની

ઉત્પ્રેક્ષા યોજીને ઉચ્ચ કવિકર્મ નિર્મ્યું છે.

'નયણાં' કાવ્યમાં કવિએ આંખોની અગાધતાને આલેખતાં કહ્યું-

"સાતે રે સમદર એના પેટમાં,
છાની વડવાનલની આગ,
અને પોતે છીછરાં અતાગઃ
સપનાં આળોટે એમાં છોરુ થઈને ચાગલાંઃ"

આ નયણા પણ કેવા અતલ ને અગાધ ? એનાં ઊંડાણમાં તો સાત સમુદ્રનો ઘૂઘવાટ છે. કવિએ અહીં સાત સમન્દરની ઊંડી અગાધતા ને વિશાળતાને આલેખી છે. માનવીને મળેલી વેદના અશ્રૂના સમન્દર થઈને આંખો ભીતર ઝમતા હોય છે. સમુદ્રના પેટાળમાં જેટલો વડવાનલ - અગ્નિ ભરેલો છે તેમ મનુષ્યની આંખોના ઊંડાણમાં પણ એટલો જ અગ્નિ વડવાનલ ભરેલો છે. જેમાં સાત સમંદરના વડવાનલની આગ છુપાયા છે એ નયણાં સ્વયં તો છીછરા છે. કવિએ અહીં 'છીછરાં' અને 'અતાગ' કહીને એક વિરોધાભાસ ઊભા કર્યો છે. આંખો આમ તો છીછરી છે ને તેમ છતાં અતલ ને અગાધ છે.

વેણીભાઈ પુરોહિત આંખોની ઊંડી અગાધતાન. છાની દાહકતાથી વાતને મૂકીને એક નવ્ય પરિમાણ આલેખે છે. એમાં -

"સપનાં આળોટે એમાં છોરુ થઈને ચાગલાંઃ"

આ છે કવિનો તળપદો તડાકો. કવિએ સપનાં પણ લડવૈયા બાળકની જેમ ઓળોટતાં આલેખ્યાં છે. જ્યાં દાહકતા છે - વડવાનલની આગ છે - વિશાળતા છે ત્યાં વળી છીછરાપણું ને તેમ છતાં તેમાં સપનું લાડપૂર્વક - વિશ્રમ્ભકપૂર્વક રમે છે. અહીં કવિએ



એમાં રહેલી મૂર્ખતાને, નિર્દોષતાને, રમતિયાળપણાંને સહજભાવે આલેખી જુદી જ અર્થછાયા પ્રગટાવી છે. કવિએ અહીં સોરઠીબાનીના 'છોરું', 'ચાગલાં', 'આળોટે'- જેવા શબ્દોને પ્રયોજી કાવ્યને માધુર્ય બક્ષ્યું છે.

વેણીભાઈ પુરોહિતે ભેજ અને તેજની વાતને અત્યંત સમર્થ એવા કલ્પન દ્વારા મૂર્ત કરતાં કહે છેઃ

'જળના દીવાને જળમાં ઝળહળે.'

આ છે કવિના અસાધારણ કવિકર્મનો ઉત્તમ આવિષ્કાર. 'જ' અને 'ઝ'ના આવર્તનોથી પૂર્ણ જળરંગી ઝળહળાટનો અનુભવ ભાવક ભાવ તરબોળ બનાવે છે. 'જળના દીવા' કહીને કવિએ આગળની વાતનો જ રેફરન્સ આપ્યો છે, પણ જુદી રીતે. આ 'નયણાં' ને 'માછલાં' તરીકે સંબોધનારા કવિ એટલું તો અવશ્ય જાણે છે કે, માછલાં જળમાં રહે છે. 'આંખો' પણ ઊના અશ્રુમિશ્રિત જળમાં જ રહે છે ને ! કવિ આગળ કહે છે :

"કોઈ દિન રંગને વિલાસ,
કોઈ દિન પ્રભુ ! તારી પ્યાસ."

માનવીના રંગવિલાસીપણાંને - તેની મસ્તીને તથા પ્રભુની પ્યાસ બન્ને કવિએ આંખોમાં દર્શાવી છે. માનવી ક્યારેક રંગને વિલાસ અનુભવે છે એજ માનવીને - આંખોને પ્રભુની પણ તીવ્ર પ્યાસ હોય છે. ઈશ્વરને પામવાની તાલાવેલી પણ એ જ આંખોને જાગે છે જેમાં અગાવ ભોગ-વિલાસ એની પરાકાષ્ઠાએ ઉલાળાં મારતો હતો. એક એવો અર્થ પણ કાઢી શકાય કે શરૂઆતમાં રાગ-દ્વેષ, હર્ષ-શોક, આનંદ-મસ્તી ધીમે-ધીમે પ્રેમ-આનંદને અમૃતથી છલકાવા લાગે છે. કવિ વળી કવિ એક નવો આયાસ ખડો કરે છે.

'ઝેર ને અમરત એમાં આગલાં ને પાછલાં :
ઊનાં રે પાણીનાં અદ્‌ભુત માછલાં.'

આ નયણામાં અમૃત અને પ્રેમ છે એ જ આંખોમાં ઝેર - દ્વેષ - પણ એટલો જ ભરપૂર છે. ને છતાં બન્નેને એ જીરવે છે. આપણે ત્યાં ઝેરને પચાવનારાંને 'નિલકંઠ' કહીએ છીએ - 'શિવ' કહીએ છીએ. કવિએ કુશળ કવિકર્મ દ્વારા આપણામાં રહેલાં શિવતત્ત્વને ઉદ્‌ઘાટિત કર્યું છે. આ નયણાંમાં તો કોઈના માટે પ્રેમ પણ પ્રગટે છે ને કોઈ માટે ધિક્કાર પણ પ્રગટે છે.

વેણીભાઈ પુરોહિતે નયણાં જેમ છીછરાંને અતાગ કહે છે તેમ ઝેર અને અમૃતને પચાવનારાં પણ કહ્યાં છે. અહીં વિરોધમૂલક સાદશ્યો રચીને કવિએ ગુજરાતી કવિતામાં અનોખું સ્થિત્યંતર સર્જ્યું છે. આંખના ગુણધર્મની અને ગતિવિધિની સાથે માનવીના જીવનની વાતને પણ કવિએ કુશળતાથી ગૂંથી છે. અંતમાં શ્રી સુરેશ જોષીના શબ્દો ટાંકું તો -

"....તળપદાપણું, સરળતા જાળવીને વ્યંજકતા અને સુઘઢ પોત સિદ્ધ કરતાંકવિને ફાવ્યું છે. આકારશૈથિલ્ય, ધૂંધળી અમૂર્તતા, લાગણીનીતરથી ભેજવાળી બાની અહીં નથી. વસ્તુને એની સામે છેડેના ધ્રુવ સુધી વિસ્તારીને આંબવામાં આપોઆપ એક પ્રકારનું બળ ઊપજે છે. એ બળ યાથાર્થ્યને સમગ્રતયા ગ્રહવામાં મદદ કરે છે ને સાથે સાથે રચનાની સંગીનતા અને સુઘઢતામાં પણ ઉપયોગી થઈ પડે છે. કવિએ એ આ કાવ્યમાં અકૃત્રિમતાથી અનાયાસે સિદ્ધ કર્યું છે; એ આપણા કાવ્યસાહિત્યની એક સુખદ ઘટના છે."

('ગુજરાતી કવિતાનો આસ્વાદ - પૃ. ૮૦)



## (૧૦) 'મુક્તિ'- એક આસ્વાદ

### મુક્તિ

મુક્તિ મળી તે દિનને સાથી
બેસી રહો ના ઉત્સવ માનીઃ
બની અડીખમ પ્રહરી દોસ્તો!
આઝાદી છે સાચવવાની.
સળગી જ્યારે રહે સીમાડા,
સરહદ પર શત્રુનાં ધાડાં;
તો યે ન ફરકે કેમ રૂંવાડાં?
હોતી હે, ચલતી હે, બંધુ!
આ નિરાંત ભારે પડવાની-
બની...

જીવન કેરા તેલ સીંચીને
પેટાવી છે દીપક-વાટ,
અખંડ એને જાળવવાનો
હરદમ હૈયે હોય ઉચાટ.
સ્વાધીનતા આવી તે સાથે
વીતી રત નીંદર કરવાની.
બની...

મહેફિલ આજ ભલે લો માણી,
ઘડી જ આવે પસ્તાવાની
તજવી પડશે રસમ પુરાણ
હર ભ્રાંતિની, હર ભ્રમણાની
ભારે કિંમત ચૂકવવાની.
બની...

મુક્તિનાં મોંઘાં વરદાનો,
સાચવાવાં સહેલાં ન જાણો;
આઝાદીનાં મૂલ્ય પિછાનો
અવિશ્રાંત રહી જાગ્રત સાથી!
જયોત અનુપમ જાળવવાની
બની...
- નાથાલાલ દવે

શ્રી નાથાલાલ દવે ભલે સાહિત્યમાં એટલું મોટું નામ ન હોય, ભલે કવિ તરીકે સુખ્યાત નહોય તોયે એમની કેટલીક રચનાઓ ધ્યાનાર્હ બની છે. 'મુક્તિ' જેવા કાવ્યમાં કવિએ દેશને સ્વતંત્રતા મળી, એ પછીની વાસ્તવિક સ્થિતિનું કુશળતાથી આલેખન કર્યું છે. કવિની આ રચના જોતાંની સાથે જ કવિ પ્રદીપની પેલી જાણિતી પંક્તિઓ તરત મનમાં સ્ફૂરે છે :

"હમ લાયે હૈ તુફાન સે કસ્તી નિકાલકે,
ઈસ દેશકો રખના મેરે બચ્ચોં સંભાલ કે."

કોઈ વસ્તુને પામવાની જે જિજીવિષા હોય એ વસ્તુ પ્રાપ્ત થતાં એનું મૂલ્ય શું બદલાય જાય ? આપણે દેશને આઝાદી મળે તે માટે અનેક સંઘર્ષો કર્યા, લાખો સ્વાતંત્રસેનાનીઓ પોતાની જિંદગીને દાવ પર લગાવી દીધી, કેટલાંયે નિર્દોષોએ બલિદાન હસતાં મુખે આપ્યાં, ને દેશને ગુલામીની બેડીમાંથી મુક્ત કરાવ્યાં. આજે આપણે આઝાદીના મૂલ્યને કેટલું સમજીએ છીએ ?

નાથાલાલ દવે કૃત 'મુક્તિ' કાવ્ય વાંચતાં એવું ચોક્કસ પ્રતીત થાય કે, કવિ ભવિષ્યને જોઈ શકતાં હતાં. જે આજે વર્તમાનમાં પણ એટલાં જ સાર્થક ઠરે છે. અહીં કવિએ આ કાવ્યરચનાની તારીખ



આપી નથી પણ કવિ હૃદયની અકળામણને એમની મનઃસ્થિતિ આઝાદી મળ્યાં પછી ભારત માતાની જે સ્થિતિ સર્જાઈ છે તે જોતાં આ કાવ્ય આઝાદી મળ્યાં પછી લખાયું છે. આજે રાષ્ટ્ર પ્રત્યેની ભાવના - દેશદાઝ કેટલા દેશવાસીઓના હૈયાંમાં છે ?

થોડાં વર્ષ પહેલાં આપણે આઝાદીની સુવર્ણજયંતી હરખભેર ઊજવી. ત્યારે આપને પ્રશ્ન અવશ્ય થાય કે, ખરેખર પ્રત્યેક ભારતીયના હૃદયમાં દેશ પ્રત્યેની સાચી પ્રીતિ છે ખરી ? કવિ વાસ્તવિક સ્થિતિને જુએ છે આથી જ તો તે ચૂપ રહી શકતાં નથી અને કહે છે :

"મુક્તિ મળી તે દિનને સાથી
બેસી રહો ના ઉત્સવ માનીઃ
બની અડીખમ પ્રહરી દોસ્તો!
આઝાદી છે સાચવવાની."

આ આઝાદીનું જતન કરવાની આપણી સૌની સહિયારી ફરજ છે. મુક્તિ તો મળતાં મળી ગઈ, પણ એનાં ઉત્સવનો માત્ર ઉજવણી કરીને બેસી રહેવાનો આ અવસર નથી, અડીખમ પ્રહરી બનીને એ આઝાદીને જીવના જતને સાચવવાની છે.

કહેવાય છે કે, ભારતીય પ્રજા ઉદાર અને સહનશીલ છે. એનો અર્થ એવો નથી કે, આપણે સાવ નિષ્ક્રીય બની જવાનું છે. આપણી નજર સામે જ આપણું ઘર લુંટાતું હોય, ફુંકાતું હોય એવી સ્થિતિ કવિને હરગીજ માન્ય નથી. કવિ જાણે આક્રોશ વ્યક્ત કરતાં હોય એમ કહે છે :

"સળગી જ્યારે રહે સીમાડા,
સરહદ પર શત્રુનાં ધાડાં;

તો યે ન ફરકે કેમ રૂંવાડાં?
હોતી હે, ચલતી હે, બંધુ!
આ નિરાંત ભારે પડવાની.''

દેશની સરહદો પર શત્રુઓના ધાડા ઉતર્યા છે ત્યારે હે ભારતવાસી, તારું એકેય રૂંવાડું કેમ ફરકતું નથી ? 'કયુ થમકર બૈઠે હો?' અન હાં, આ દેશમાં તો આવું ચાલ્યાં જ કરે, ચાલતું જ રહેશે. મારે શું ? હે બાંધવ ! આ તારી નરી મૂર્ખામી છે. તારી પણ દેશ માટેની કંઈક ફરજ છે એને અદા કરવી જ રહી. નહીંતર તારી આ મૂર્ખામી તને જ ભારે પડશે, એમાં કોઈ બે-મત નથી. આ દેશ કોઈ આલી-મવાલીનો તો નથી કવિ ઈકબાલ છે તેમ :

''સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા
હમ બુલબુલે હૈં ઉસકી, વહ ગુલિસ્તાં હમારાં....
સારે જહાંસે....''

જો એમ ગાતો હોય તો હવેથી એ ગાવાનો તને કોઈ હક્ક રહેતો નથી. કારણ તું તારી ફરજ ચૂક્યો છે. માટે હે બંધુ, આ આળસ ત્યાગ, ઊભો થા, મા ભોમ તને રક્ષા કાજે પોકારી રહી છે, તેને બચાવ. બાલકવિ વૈરાગી કહે છે તેમ -

''નૌ જવાન આઓ રે, નૌજવાન ગાઓ રે,
લો કદમ મિલાઓ રે, લો કલમ બઢાઓ રે.''

તું પણ આગળ વધ ને દેશને શત્રુઓથી બચાવ શ્રી નાથાલાલ દવે આળસુ દેશવાસીઓને ઠપકારે છે. આ આઝાદી મેળવવા માટે કેટલાં જીવનદીપક બુઝાયા હશે, ત્યારે આ અમર જ્યોત પ્રગટી તેની તને ખબર છે ? કવિ પ્રમાદી ભારતવાસીને ઢંઢોળતા કહે છે :



''જીવન કેરા તેલ સીંચીને
પેટાવી છે દીપક-વાટ,
અખંડ એને જાળવવાનો
હરદમ હૈયે હોય ઉચાટ.
સ્વાધીનતા આવી તે સાથે
વીતી રત નીંદર કરવાની.''

આજે સ્વતંત્ર-આઝાદ આકાશમાં તું જે વિહાર કરી રહ્યો છે, તેને મુક્તિ અપાવવામાં કેટલાં શહીદોએ પોતાના પ્રાણરૂપી તેલ નું સિંચન કર્યું તેનું તને ભાન છે? આજે જે આઝાદીની જ્યોત જલે છે તેની પાછળ કેટલીય કુરબાનીની કથાઓ સંકળાયેલી છે. કેટલાંય નવજાત શિશુઓએ પિતૃછાયા ગુમાવી હશે, કેટલીય નવવધૂઓના કોડ આથમ્યાં હશે, કેટલાંય મા-બાપે પોતાના લાડકવાયાઓ ગુમાવ્યાં હશે, કેટલીય બહેનોએ પોતાના જળતલિયા ગુમાવ્યાં હશે. જેનો કોઈ હિસાબ નથી. આપણે ભારતમાતના સંતાન છીએ. મા ભોમની રક્ષા કરવી એ આપણી પ્રથમ શરત છે. આ આઝાદીની જ્યોતને સદા પ્રજવલ્લિત રાખવી એ આપણી નૈતિક જવાબદારી છે. નાથાલાલ દવેની અન્ય એક રચનામાં પણ આ પડઘા સંભળાય છે :

''નિરમે તું આજ, રાષ્ટ્રની એવી રચાશે કાલ,
સંસ્કારની તુ જ હાથમાં જલતી રહો મશાલ.
જલતી રહો મશાલ.''

કવિ હઠાગ્રહી કે મતાગ્રહી નથી. તે જાણે કે યૌવન મળ્યું છે તેને પણ માણવું જોઈએ પણ યૌવનના ઉન્માદમાં એની દેશ માટેની જે જવાબદારી છે તે યે નિભાવવી જ રહી. આ દેશ યુવાનોના

હાથમાં છે. યુવાનો દેશની સેવા કરશે નહીં તો શું બાળકો-બુઢ્ઢાઓ સેવા કરવા જશે ? યૌવનના ઘસમસતા પુરમાં જો આ વાત ભૂલી ગયા તો પસ્તાયા સિવાય કોઈ વિકલ્પ રહેશે નહીં આથી કવિ ફરી વિનંતી કરતાં કહે છે.

"મુક્તિનાં મોંઘાં વરદાનો,
સાચવાવાં સહેલાં ન જાણો;
આઝાદીનાં મૂલ્ય પિછાનો
અવિશ્રાંત રહી જાગ્રત સાથી!
જ્યોત અનુપમ જાળવવાની"

અનેક સંઘર્ષો પછી મળી છે આ આઝાદી, આઝાદીનું જતન કરવું કાંઈ ખાવાના ખેલ નથી. હે બાંધવ, તું અવિશ્રાંત રહી આ અનુપમ જ્યોતને જાળવવા - અખંડ રાખવા કટિબધ્ધ રહેજે. કવિ દુખાઈલે ગાયું છે તેમ -

"શાંતિ કે સિપાહી ચલે, ક્રાંતિ કે સિપાહી ચલે,
લે કે ખૈર ખ્વાહી ચલે, રોકને તબાહી ચલે."

કવિશ્રી નાથાલાલ દવે એક જાગ્રત કવિ છે. તેમની જાગદષ્ટિને પૂરોપૂરો નિચોડ આ કૃતિમાં પ્રગટે છે. સાદી, સરળ બાનીમાં કવિએ આપણને મળેલી આઝાદીનું જતન કરવા સૌ ભારતવાસીઓને હાકલ કરી છે. કાવ્યમાં રહેલું સરળત્વ કવિની આગવી વિશેષતા બને છે, તેને કારણે સામાન્ય ભાવક પણ તેનો આસ્વાદ કરી શકે છે.આપણે સૌ પણ દેશની રક્ષા કાજે તન મન ધન સૌ અર્પીએ અને ગાઈએ -

"વિજયી વિશ્વ તિરંગા પ્યારા
ઝંડા ઉંચા રહે હમારા."



## (૧૧) ઉનાળાનાં બે મનોરમ ગીત.

### (૧) વૈશાખીલાલ આયોજી.

આયો જી વૈશાખલાલ, આયો જી રે,
આયો જી વૈશાખલાલ,
આયો જી રે.
ટૂંકી એની પોતડીને લાંબી એની ચાલ,
અંગરખું નહીં પ્હેરિયું......
ઉપરણે ઓઢી રે એણે અંદાવાદી શાલ;
આયો જી વૈશાખલાલ, આયો જી રે.
જંગલનો રે'નાર જોગી, લોચન એનાં લાલ,
રાખે રગદોળ્યું છતાં...
સો સૂરજના તેજે એનું ઝળકી ઊઠે ભાલ;
આયો જી વૈશાખલાલ, આયો જી રે.
ભોળો રે મા'દેવ આયો બમ્ બમ્ બોલે ગાલ,
પાછળ અંબા આવતી.....
વાગે છે એના રથની યે ઝાઝી ઘૂઘરમાળ,
આયો જી વૈશાખલાલ, આયો જી રે.

- રાજેન્દ્ર શાહ

### (૨) ઉનાળો

રે આવ્યો કાળ ઉનાળો
અવની અખાડે, અંગ ઉઘાડે, અવધૂત ઝાળ જટાળો.
- રે. આવ્યો.

એના શ્વાસે શ્વાસે સળગે
ધરતી કેરી કાયા,
એના પગલે પગલે ઢળતા
પ્રલય તણા પડછાયા.
ભરતો ભૈરવ ફાળો.
- રે આવ્યો.
એના સૂકા હોઠ પલકમાં
સાત સમુન્દર પીતા
એની આંખો સળગે જાણે
સળગે સ્મશાન ચિતા.
સળગે વન તરુ ડાળો.
- રે આવ્યો.
કોપ વરસતો કાળો
રે આવ્યો કાળ ઉનાળો.
- જયંત પાઠક

ગુજરાતી કવિતામાં ઈ.સ. ૧૯૪૦ માં 'બારી બહાર' કાવ્યસંગ્રહથી પ્રહલાદ પારેખ નવી જ આબોહવા ઊભી કરે છે. તેમણે ગુજરાતી કવિતાને સૌન્દર્યાનુભૂતિનો પ્રથમ સાક્ષાત્કાર કરાવ્યો. 'બારી બહાર'માં ભાવની નિર્ભરતા અને રસની ગહનતા જેવા ઉત્કૃષ્ઠ કાવ્યગુણોથી ભરપૂર કાવ્યોનું આંતરિક સૌન્દર્ય ભરપૂર ખીલ્યું છે. શ્રી પારેખની આ કાવ્યપરંપરાને આગળ ધપાવવા તેમજ તેની લોકપ્રિયતાની પરાકાષ્ઠાએ પહોંચાડનાર કવિ એટલે - રાજેન્દ્ર શાહ. રાજેન્દ્ર શાહ તો ગુજરાતી કવિતામાં અનુગાંધીયુગની સૌન્દર્યાન્વિત સંપ્રાપ્તિ છે. ઈ.સ. ૧૯૫૧ માં 'ધ્વનિ' કાવ્યસંગ્રહથી



આરંભાયેલી એમની કવિતાયાત્રા આજપર્યંત ચાલુ છે. તેમની પાસેથી વિપુલ કાવ્યરાશિ પ્રાપ્ત થાય છે. ઈયત્તા અને ગુણવત્તાસભર એમની કવિતા ગુજરાત કવિતાની મોંઘી મૂડી સમાન છે. અનુગાંધીયુગને 'રાજેન્દ્ર-નિરંજનયુગ' એવુ નામાભિધાન એમનાં સાહિત્યસર્જનને કારણે યથાર્થ ઠરે છે.

પ્રકૃતિ, પ્રણય અને અધ્યાત્માનુભૂતિ એમની કવિતાનો મુખ્ય વિષય છે. પ્રકૃતિના સુભગચિત્રો અને પ્રણયભાવની ઉત્કટતાનુભૂતિ રાજેન્દ્રશાહની આગવી વિશેષતા છે. 'શ્રાવણી મધ્યાહ્‌ને', 'વિજન અરણ્યે', 'આજ અષાઢની માઝમરાતે', 'વર્ષા પછી', 'કેવડિયાનો કાંટો', 'ઈંધણાં વીણવા ગૈ'તી', 'ઝરમરિયે મેહુલો', 'શરદની રાત્રિ' જેવા કાવ્યોમાં કવિએ અનેક સુંદર ચિત્રો આલેખ્યાં છે.

'વૈશાખીલાલ આયોજી'માં રાજેન્દ્ર શાહે વૈશાખ મહિનાના અવનવારૂપો આલેખ્યાં છે. અહીં કવિએ મુખ્યત્વે વૈશાખના ત્રણ જુદાં-જુદાં રૂપોને કલ્પયાં છે. વૈશાખ મહિનાની શરૂઆત થતાં જ ગરમીનો પ્રકોપ એની પરાકાષ્ઠાએ પહોંચી જાય છે. એનો પરિતાપ આખા જગતને ત્રાહિમામ્ પોકારાવી દે છે. આ મહિનો આળસ, પ્રમાદીપણું અને કંટાળો માનવીના ચિત્તને બેબાકળો બનાવી મૂકે છે. ગીતની શરૂઆત જુઓ -

"આયો જી વૈશાખલાલ, આયો જી રે,
આયો જી વૈશાખલાલ,
આયો જી રે."

વૈશાખલાલના આગમનને કવિ હેત વધાવે છે. વૈશાખને આદરમાન આપતા કવિ તેને 'વૈશાખલાલ' કહીને સંબોધે છે. જાણે

વૈશાખ માટે આદર-સત્કાર ઓછાં હોય તેમ કવિ તેને 'જી' જેવા લાલિત્યભર્યા શબ્દથી નવાજે છે. 'રે' જેવા સંબોધનથી અહીં કવિએ એનાં પ્રત્યેના આદરભાવને ઉચ્ચ પરાકોટિ બક્ષી છે. અહીં 'રે' જેવા સંબોધન - ઉદ્‌ગારમાં કવિએ લાલિત્યને માધુર્યનો સુભગ સમન્વય કર્યો હોય એવું નથી લખાતું !

રાજેન્દ્ર શહે અહીં વૈશાખના જે ત્રણરૂપો કલ્પ્યાં છે તેમાંનુ પેલું રૂપ આલેખતાં કવિ ગાય છે, -

"ટૂંકી એની પોતડીને લાંબી એની ચાલ,
અંગરખું નહીં પ્હેરિયું......
ઉપરણે ઓઢી રે એણે અંદાવાદી શાલ;
આયો જી વૈશાખલાલ, આયો જી રે."

છે ને ગામડ્યાનો અસ્સલ પરિવેશ. એને ખેડૂના વાઘા પહેરાવીને કવિએ એમાં ગ્રામ્ય પરિવેશનું સુંદર આલેખન કર્યું છે. ખેતરમાં કામ કરતા ખેડૂતનું આ રૂપ ઘણું ધ્યાનાર્હ બને છે. ખેડૂતે ધોતી નહીં પણ ટૂંકી પોતડી પહેરી છે. એમાં પણ કવિએ ઉનાળાની ગરમીનું સૂચન થતું અનુભવાશે. એણે ખમીસ જેવું અંગરખું નહીં પણ અમદાવાદી શાલ જેવું નાનુ અમથું પહેરણ ધારણ કર્યું છે. એ પણ શોભાના ગાઠિયાં જેવું. અમદાવાદી શાલ દ્વારા કવિએ અમદાવાદી પ્રજાની કરકસરયુક્ત જીવનશૈલીને સુપેરે આલેખી છે. ઉનાળામાં આમેયે અંગ ઉપર ટૂંકા વસ્ત્રો જ ધારણ કરવાનું શું આપણને મન થતું નથી ? પ્રથમ કડીમાં રાજેન્દ્ર શાહે ઉનાળાને ટૂંકી પોતડી પહેરી, ગામડિયા ઢબે-ચાલે ચાલતો કલ્પ્યો છે.

બીજી કડીમાં ઉનાળાને કવિએ જોગી સ્વરૂપે કલ્પ્યો છે. જુઓ કવિની આ કલ્પના -



"જંગલનો રે'નાર જોગી, લોચન એનાં લાલ,
રાખે રગદોળ્યું છતાં...
સો સૂરજના તેજે એનું ઝળકી ઊઠે ભાલ;
આયો જી વૈશાખલાલ, આયો જી રે."

પ્રકૃતિની શોભાને અભિવૃદ્ધ કરનારાં અનેક પુષ્પોએ ઉનાળાની રોનક વધારી મૂકી છે, તો તડબૂચ, ટેટી, દ્રાક્ષ અને કેરી જેવા ફળો ઉનાળાને રસવન્તો કરી દે છે. બીજી બાજુ ઉનાળાનો આકરો તાપ સર્વત્ર ત્રાહિમામ્ પોકારાવી દે છે. અસહ્ય ગરમી અને આભમાંથી ફેંકાતી લૂથી આંખોમાં લ્હાય બળે છે ને માથુ ભમવા લાગે છે. કવિએ વૈશાખના ઉનાળાને મહાદેવના ત્રીજા નેત્રની સાથે સરખાવ્યો છે. ત્રીજા નેત્રનો પ્રકોપ કવિએ અહીં અસરકારક બતાવ્યો છે. જંગલમાં રહેનાર જોગી પોતાના તાપસી ને યૌગીક જીવનને કારણે તેમજ ગાંજા જેવા કેફી દ્રવ્યને કારણે જેની આંખો લાલચોળ બની એવો ડરમાણો ચહેરો આજ ઉનાળાએ ધારણ કર્યો છે. શિયાળાના ફૂલગુલાબી તડકાની જગ્યાએ આ ઉનાળાનો તડકો તો જાણે 'સો સૂરજ' સામટા ઊગ્યા હોય એવી અનુભૂતિ કવિને થઈ રહી છે. અહીં રાજેન્દ્ર શાહે વૈશાખના ઉનાળાને જંગલમાં રહેનાર જોગી જેવી સજીવતાથી આલેખ્યો છે. કોઈ જંગલમાં રહેતાં જોગીની કલ્પનામાં કવિનું અનેરું કલાવિધાન પ્રગટે છે. એનું શરીર પણ કેવું લાલચોળ આંખો, શરીરે ભભૂતિ લગાવી હોય જેનું લલાટ તેજથી ઝળહળતું હોય એવા સજીવ આલેખનમાં કવિના સર્જનકર્મનો ઉત્તમ આવિષ્કાર કળાય છે.

ત્રીજી કડીમાં રાજેન્દ્ર શાહે વૈશાખને મહાદેવરૂપે કલ્પ્યો છે. કવિ કહે છે :

"ભોળો રે મા'દેવ આયો બમ્ બમ્ બોલે ગાલ,
પાછળ અંબા આવતી.....
વાગે છે એના રથની યે ઝાઝી ઘૂઘરમાળ,
આયો જી વૈશાખલાલ, આયો જી રે."

લાલચોળ લોચનવાળા, શરીરે ભભૂતિ લગાવી છે જેનું ભાલ તેમથી ઝળહળી રહ્યું છે આટલા સજીવાલેખનથી કવિને જાણે સંતોષ થતો ન હોય એમ ત્રીજી કડીમાં 'ઉનાળા'ને 'મહાદેવ' તરીકે કલ્પે છે. મહાદેવ એટલે ત્રિલોકમાં સૌથી મોટો દેવ. એ રીઝે પણ જલ્દી ને કોપે પણ એટલો જ જલ્દી. મહાદેવ એટલે શિવ અને રુદ્ર પણ. શિવ રૂપ કલ્યાણકારી રૂપ છે, જે જગતનું કલ્યાણ કરે છે. ને રુદ્ર એટલે શિવનું પ્રલયકારી - ભયંકર ક્રોધાયમાનરૂપ. જે જગતમાં વિનાશ નોતરી શકે છે. અહી કવિએ વૈશાખની કાળઝાળ ગરમીને એવી જ પ્રલયકારી ને ભયંકરરૂપે કલ્પી છે. અહીં કવિએ આલેખેલાં બન્ને રૂપો સાર્થક છે. ઉનાળામાં ફૂલ-ફળની મધુરતા અને મીઠાશ તો ખરી જ ખરી પણ, આકાશમાંથી કાળઝાળ વરસતી લૂ આખા જગતને ત્રાહિમામ્ કરી મૂકે છે. અહીં કવિએ ગાલ ફુલાવીને અહાલેક જગાડતાં જોગી જેવું ઉનાળાના પ્રકોપનું ચિત્ર દોર્યું છે. રાજેન્દ્ર શાહ કોઈ શુભ સંકેત આપતાં હોય એમ એની પાછળ અંબાના રથની રૂમઝૂમ વાગતી ઘૂઘરમાળને પણ સલૂકાઈથી આલેખી દીધી છે. લૂ વરસતા વાયરામાં એના જે સૂસવાટા સંભળાય રહ્યાં છે એમાં કવિએ 'બમ્ બમ્ બોલે ગાલ' જેવી અનેરી કલ્પના કરી છે. એની પાછળ આવતી અંબા એટલે ગ્રીષ્મ અને એની પછી આવતી વર્ષા 'શિવ અને શક્તિ', શિવ અને અંબા' માં પાર્વતી પરમેશ્વરની અનુભૂતિ રજૂ થતી અનુભવાય છે.



રાજેન્દ્ર શાહ પાસેથી શુદ્ધ પ્રકૃતિના અનેક કાવ્યો પ્રાપ્ત થયાં છે, તેમણે પ્રકૃતિને મુખ્યત્વે બે પ્રકારે આલેખી છે. (૧) આલંબન વિભાવરૂપે અને (૨) ઉદ્દીપન વિભાવરૂપે. એમનાં પ્રકૃતિ કાવ્યોમાં પ્રકૃતિ ક્યાંક માનવભાવોને પોષક બને છે તો ક્યાંક કાવ્યભાવની પશ્ચાદ્ભૂમિકા રચવા પ્રયોજાઈ છે. અહીં વૈશાખના આગમનના વર્ણનમાં ગ્રીષ્મનું જે કાળઝાળરૂપ અંકિત થયું છે તે અનન્ય છે. ટૂંકી પોતડી એ લાંબી ચાલે ચાલતાં અમદાવાદી શાલ ઓઢીને નીકળેલા કોઈ ગામડા - ગામના માણસ જેવા વૈશાખની અહીં કવિએ સજીવ કલ્પના કરી છે. તો જંગલમાં રહેનારા જોગી જેવા રૂપે કલ્પીને વૈશાખને પ્રત્યક્ષ કરાવ્યો છે. હજુએ કંઈક ખૂટતું હોય તેમ વૈશાખને કવિએ મહાદેવ અને એની પાછળ આવતી અંબાની પણ સુંદર કલ્પના કરી છે. અહીં કવિએ વૈશાખના ત્રણ જુદાં જુદાં રૂપોનો સાક્ષાત્કાર કરાવ્યો છે. એનાં રૂપને ઈન્દ્રિયગમ્ય પણ બનાવ્યાં છે. કવિની શબ્દયોજના અને ચિત્તને-ભાવને અનુકૂળ પદાવલિઓ અનન્યને બેનમૂન છે.

જયંત પાઠક કૃત 'ઉનાળો' કાવ્ય પણ રાજેન્દ્ર શાહના 'આયોજી વૈશાખલાલ...' જેવું અસાધારણ કવિત્વશ્કિતનું ઉત્તમ ઉદાહરણ છે. જયંત પાઠકે અનુગાંધીયુગના રાજેન્દ્ર શાહ, નિરંજન ભગન, ઉશનસ્, નલિન રાવળ, પ્રિયકાન્ત મણિયાર જેવા કવિઓની વચ્ચે રહીને પોતિકી મુદ્રા-આગવી ઓળખ ઊભી કરી છે. એમનાં અનેક કાવ્યોમાં એમની સર્જક મુદ્રા સુપેરે પ્રગટે છે. 'મર્મર', 'સંકેત', 'વિસ્મય', 'સર્ગ', 'અંતરીક્ષ', 'અનુનય' જેવા કાવ્યસંગ્રહો વિષયવૈવિધ્ય અને સ્વરૂપવૈવિધ્યની દષ્ટિએ તપાસવા જેવા છે. જયંત પાઠકની કવિતામાં એમનો સચ્ચાઈનો રણકો બોદો લાગતો નથી,

પણ, સામે રણકે છે. અભિવ્યક્તિની સરળતા, સાદાઈ ને છતાં સચોટતા આ કવિની મુખ્ય વિશેષતાઓ છે. આ કવિની કવિતાની ત્રિજ્યામાં પ્રકૃતિ એક અભિન્ન ભાગ છે - હિસ્સો છે. શૈશવકાળે પંચમહાલના વનાંચલનો અભુભવેલો પરિસર એમનાં સર્જકચિત્તને ઘડવામાં મહત્વનો ભાગ ભજવે છે. પ્રકૃતિ પ્રત્યેનો નિર્વ્યાજ પ્રેમ એમનાં રક્તમાં ભળી ગયો છે. 'થોડો વગડાનો શ્વાસ', 'શરદ', 'ઉનાળો', 'ગ્રીષ્મ', 'સાગરતટે', 'ચાંદની', 'વ્હેલી સવાર', 'રેવાતટે', 'મધ્યાહ્ન-સંધ્યા', 'પહેલો વરસાદ', 'ક્ષિતિજ', 'તડકો', 'સાંજ', 'મહી કાંઠે', 'ચંદ્રોદય' - જેવા અનેક પ્રકૃતિ કાવ્યોમાં એમનું કવિત્ય સોળે કળાએ ખીલ્યું છે.

જયંત પાઠકે 'ઉનાળો' ગીત રચનામાં ઉનાળાને ચિત્રાત્મકશૈલીમાં આલેખે છે. કવિ ઉનાળાને કાળ જેવા ગણાવતાં

"રે આવ્યો કાળ ઉનાળો
અવની અખાડે, અંગ ઉઘાડે, અવધૂત ઝાળ જટાળો.
રે આવ્યો કાળ ઉનાળો."

કવિએ ઉનાળાને કોઈ જટાળા જોગી જેવો કલ્પ્યો છે. અહીં જોગીનું રૌદ્ર-બિહામણારૂપનો કવિએ ઉનાળામાં સાક્ષાત્કાર કરાવ્યો છે. 'અવની અખાડે' ને 'અંગ ઉઘાડે' એવો કોઈ અવધૂત સમાન આ ઉનાળો છે. જયંત પાઠકે અહીં અવધૂત - જોગી - જટાળો જેમ ભયંકર ને રૌદ્ર રૂપે દીસે છે એવો જ આજ ઉનાળો ભયંકરરૂપ ધારણ કરીને જાણે સૌને ડરાવતો હોય એમ લાગી રહ્યું છે. કવિ ઉનાળાના રૂપને હજુ ભયાનક બનાતાં હોય એમ કહે છે :

"એના શ્વાસે શ્વાસે સળગે
ધરતી કેરી કાયા,



એના પગલે પગલે ઢળતા
પ્રલય તણા પડછાયા.
ભરતો ભૈરવ ફાળો.
રે આવ્યો કાળ ઉનાળો."

રાજેન્દ્ર શાહે પણ આ ઉનાળા માટે એવું જ કહ્યું છે.

"જંગલમાં રે'નાર જોગી, લોચન એનાં લાલ,
રાખે રગદોળ્યું છતાં
સો સૂરજના તેજે એનું ઝળકી ઊઠે ભાલ;
આયો જી વૈશાખલાલ, આયો જી રે."

આ ધરતી ઉપર ઉનાળાની હાક પ્રવર્તી રહી છે. ઉઘાડી ધરતી એનાં માટે અખાડા સમાન છે. અખાડા પર ધૂણીધખાવી બેઠેલા આ અવધૂતની આંખો લાલ ચોળ છે, એના શ્વાસે શ્વાસે જાણે આખી ધરતી સમળી રહી છે. કવિએ અહીં સજીવારોપણ અલંકારને આલેખી ઉનાળાનો સાક્ષાત્કાર કરાવ્યો છે એ અવધૂતના પ્રત્યેક શ્વાસથી જાણે ધરતીની કાયા સળગી રહી છે, એના પડતા પગલાંઓ જાણે પ્રલયના ઢળતા પડછાયા જેવા લાગી રહ્યાં છે. એ જાણે કારભૈરવનું ખપ્પર ભરતો હોય એવી કલ્પના કરીને કવિએ અહીં ઉનાળાના રૌદ્ર સ્વરૂપને ભાવક સમક્ષ દૃષ્ટિગોચર કરાવ્યું છે. ઉનાળાનું આગમન કવિને કાળભૈરવ જેવું ભયાનક લાગે છે.

શ્રી જયંત પાઠકે ઉનાળાના પ્રકોપને હજુએ વધુ પ્રભાવક બનાવ્યો છે, આગળ કહે છે :

"એના સૂકા હોઠ પલકમાં
સાત સમુન્દર પીતા

એની આંખો સળગે જાણે
સળગે સ્મશાન ચિતા.
સળગે વન તરુ ડાળો.
રે આવ્યો કાળ ઉનાળો.''

આ અવધૂત સમાન ઉનાળાના હોઠની તરસ એવી છે કે જાણે સાત સમુન્દરનું પાણી પલકવારમાં જ પી જાય. ઉનાળાનો પ્રકોપ વરસતા નદી, નાળા, સરોવર - સૌ ખાલીખમ થઈ જાય - સુકાઈ જાય. ધરતી પર ક્યાંય પાણી રહેતું નથી. પાણી વિના સર્વત્ર ત્રાહિમામ પોકારી ઊઠે છે. એના સુક્કા હોઠમાં સાત સાત સમન્દર પી જવાની ઉત્કંઠા છે, એની સળગી રહી છે જાણે સ્મશાનની ચિતા સળગી ન રહી હોય ! આ ચિતાની જ્વાળામાં વન-તરુની ડાળો પણ સળગી રહી છે. અહીં કવિએ ઉનાળાના કોપ વરસતા તાપની જ્વાળાને એ જોગ જટાળાની આંખોમાં કોઈ ચિતા સળગતી હોય એવું કલ્પ્યું છે. અંતે કવિ કહે છે :

''કોપ વરસતો કાળો
રે આવ્યો કાળ ઉનાળો.''

કવિએ ઉનાળાને કોપ વરસાવતો કલ્પ્યો છે. 'ઝાળ જટાળા અવધૂત' ઉનાળાનું વિકરાળ, દાહકમૂર્ત રૂપ વ્યાપક ફલક પર પ્રગટ્યું છે.

રાજેન્દ્ર શાહ કૃત 'વૈશાખલાલ આયો જી' તથા જયંત પાઠક કૃત 'ઉનાળો' ઊભયકૃતિ ગુજરાતી કવિતામાં એક ઊંચી માગ મુકાવે તેવી રચનાઓ છે. બન્ને કવિઓએ એક જ વાતને ઘૂટીને બીજમાંથી ધીમે ધીમે વૃક્ષ પ્રગટે તેમ કાવ્યનો સૂક્ષ્મ વિકાસ અહી જોઈ શકાય છે.



## (૧૨) મૃત્યુની અનુભૂતિનાં બે કાવ્યો.

### (૧) એક આભાસી મૃત્યુનું ગીત

**"મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં."**

મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં.....
મારી વ્હેલ શંગારો વીરા, શગને સંકોરો
રે અજવાળાં પહેરીને ઊભો શ્વાસ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં.....

પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યાં,
ડૂબ્યાં અલકાતાં રાજ, ડૂબ્યાં મલકાતા કાજ
'રે હણહણતી મેં સાંભળી સુવાસ.'
મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં.....

મને રોકે પંછાયો એક ચૉકમાં
અડધા બોલે ઝાલ્યો, અડધો ઝાંઝરથી ઝાલ્યો,
મને વાગે સજીવી હળવાશ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં.....

- રાવજી પટેલ

### (૨) મૃત્યુ : એક સરરિયલ અનુભવ

ખરી પછાડી પુચ્છ ઉછાળી દોડ્યા
કાળા ડમ્મર ઘોડા ઘોળે ખડકાળે રથ જોડ્યાં.

ભડક્યા સામી છાતી અડધાં કરું બંધ જ્યાં કમાડ
ધડ ધડ ધડ ધડ ધડ આવી સીધા અથડાયા ધાડ

પાંપણ તોડી તોડ્યા ખડકો
ખોપડીઓને ભુક્કે ઊંડે આંખ મહીં જઈ પોઢ્યા

સેળભેળ ભંગાર પડ્યો ત્યાં ગોળ ગોળ હું ફરું
મારી ને ઘોડાઓની ફાટેલી આંખે લળી ડોકિયાં કરું
અંદરથી ત્યાં
ક્યાં ક્યાં ક્યાં ક્યાં
ખરી પછાડી પુચ્છ ઉછાળી દોડ્યા
ડમ્મર, ધોળા ઘોડા, કાળે ખડકાળ રથ જોડ્યા.

- સિતાંશુ યશચંદ્ર મહેતા

રાવજી પટેલ આધુનિક ગુજરાતી કવિતામાં એક શિરમોર કવિ છે. એમની કવિતામાં ખમીર અને ખુમારીનો અનેરો જાદુ છે. એ જાદુ આજેયે ભાવકને એવો જ આહ્‌લાદક ને તાજો લાગે છે. રાવજી પટેલની સંવેદનામાં વૈદગ્ધ્યતા ને સૂક્ષ્મતા છે, ઉપમેય, ઉપમાન ને અસંગતિના ચગડોળે ચડાવી મારવા હોય, ઈન્દ્રિયસંતપર્ક સઘનતા લાવવી હોય, હાસ્યની છોળો ઉડાડીને વ્યંગની ધાર કાઢી આલેખવું હોય - રાવજીની લીલયા આ બધુ સહજતાથી કરી શકે છે. રાવજી પટેલ અંગત અને બિનંગત સીમાઓ વચ્ચે ક્રીડા કરતો આત્મલક્ષી કવિ છે. એક મેજર પોઈટની તમામ લાક્ષણિતા એમનાં કવિકર્મમાં કળી શકાય છે. રાવજીની કવિતામાં પ્રકૃતિ સાર્વત્રિકસત્તા હોવાની અનુભૂતિ કેન્દ્રસ્થાને છે તેટલી જ કેન્દ્રસ્થાને છે. માનવપ્રેમ, સ્વજનો પ્રત્યેની લાગણી, પ્રયસીને ન પામવાની અતૃપ્તિ તેમજ તેને સદેહે પામવાની તીવ્ર કામના. રાવજીની કવિતામાં પરંપરા સાથેનું અનુસંધાન જેટલું જ ઉજ્જવલ છે તેટલું જ કામયાબપણું તેમની



આધુનિકતાનો પરિવેશ આલેખલી - આધુનિક કૃતિઓમાં છે. જેમાં આધુનિકતા - પ્રયોગશીલતાના નવ્ય પરિમાણો રચાયા છે.

“મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં,” માત્ર રાવજી પટેલનું જ નહીં પણ સમગ્ર ગુજરાતી કવિતામાં એક ઉત્તમ આવિષ્કાર સમાન છે. રાવજીએ અહીં પોતાના મૃત્યુના આભાસી પણાનો સાક્ષાત્કાર કરાવ્યો છે. પહેલી પંકતિથી જ કવિએ મૃત્યુના આભાસીપણાનો પ્રબળપણે આલેખ્યું છે. કવિ કહે છે :

“મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં.....”

આ પંક્તિ વાચતાં જ પ્રતીત થાય છે કવિએ અહીં કંકુવરણા સૂરજ આથમ્યાંની વાત કરી છે. અહીં માત્ર સૂરજ આથમવાની વાત નથી, આ તો કોઈ કંકુવરણા સૂરજ આથમ્યાંની વાત છે. ‘સૂરજ આથમ્યો’ એવું કહ્યું હોત તો આ જગતમાં એક જ સૂર્ય છે ને એ આથમી ગયો. પણ રાવજી સૂરજ આથમ્યાં કહીને અનેક સૂર્યની વાત કરે છે. જે દરેક દિવસ - પ્રતિદિન આપણાં માટે સૂર્ય નવો જ ઊગે છે. કવિ પ્રત્યેક દિવસની વાત કરે છે - એ વાત સ્પષ્ટ રીતે મૃત્યુની નિર્દેશક બને છે. પોતાની પત્નીના લલાટ-ભાલ પ્રદેશ પર કંકુવરણો ચાંદલો હવે ધીમેધીમે આથમી રહ્યો હોવાની કવિની અનુભૂતી છે. રાવજીને દૃઢ પ્રતીતિ થઈ ચૂકી હતી કે, એમનાં માટે જીવવા હવે લાંબા દિવસ નથી. આપણી હિન્દુ પરંપરામાં ચાંદલાને સૌભાગ્યવતી માટેનું શુભ-સૌભ્ગ્યચિહ્‌ન ગણવામાં આવે છે. કવિના મૃત્યુ પછી એમની પ્રિયતમાના કપાળમાં આ અખંડ સૌભાગ્યવતીનો ચાંદલો નહીં જ રહે. અલબત્ત, કવિને પોતાનું મૃત્યુ નજીકને સ્પષ્ટ દેખાય રહ્યું છે કવિએ કંકુના સૂર્યના સંકેતથી મૃત્યુના સંકુલ સંવેદનને ઈન્દ્રિયસંવેદ્ય બનાવ્યું છે. કવિ આગળ કહે છે,

"મારી વ્હેલ શંગારો વીરા, શગને સંકોરો
રે અજવાળાં પહેરીને ઊભો શ્વાસ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં....."

રાવજી માટે મૃત્યુ ઢૂંકડું છે - સમીપ છે ને એને રોકી શકાય એમ પણ નથી, આવી વેળાએ આંખોમાં સૂરજ આથમ્યાંની અનુભૂતિ થાય એ રાવજી માટે સ્વાભાવિક છે. કવિ મૃત્યુની આ યાત્રાને પણ દબદબાભરી તૈયારીથી વર્ણવે છે - 'મારી વેલને શણગારો કોઈ નવોઢા સાસરે જતી હોય તે વેળાએ વેલને શણગારીને સાસરે લઈ જવામાં આવે છે. આ જગત પણ કવિ માટે તો 'બાબુલ કા દેશ' છે. પોતાના નિજ ઘરે જવાની કવિની આ તૈયારી છે. વેલને શણગારી કવિ રામણ દિવડાની શગને સંકોરવાનો અનુરોધ કરે છે. હોલવાતો દીવો વધુ ઝબકી લે એમ અજવાળાં પહેરીને શ્વાસ પણ છેલ્લું ઝબકી લેવા તૈયાર છે. અહીં કવિનું આત્મગૌરવ કળાય છે. રાવજીએ આલેખેલો સઘળો પરિવેશ કોઈ નવોઢાની વિદાયનો તેમજ કોઈ આત્માના દેહમાંથી થનારા વિલયનો - એકી સાથે સાયુજ્ય રચીને રાવજીએ અનેરું કલાવિધાન કંડાર્યું છે. કવિએ આ વર્ણનમાં શબ્દના નાદ - સૌન્દર્યયે પૂરો લાભ ઉઠાવ્યો છે; એ રીતે મૃત્યુની આભાસી ક્ષણોને ઉઠાવ આપતા ભાવાનુકૂળ પરિવશેનું કવિએ આકર્ષક નિર્માણ કર્યું છે.

રાવજી મૃત્યુના આભાસીપણાને અસરકારક ઉઠાવ આપતાં કહે છે -

"પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યાં,
ડૂબ્યાં અલકાતાં રાજ, ડૂબ્યાં મલકાતા કાજ



'રે હણહણતી મેં સાંભળી સુવાસ.'
મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં."

પાંદડાં પીળાં પડી જવામાં વૃક્ષમાં પાનખરનું સૂચન છે. એમાં કવિએ પીળાં પાંદડાં પડી જવામાં જીવનના ક્ષયને ચિત્રિત કર્યા છે. લીલા ઘોડા આવેગોની દુર્દમ્યાને સૂચન કરે છે. ઘોડા ડૂબ્યાં પણ એયે કેવા ? 'અલકાતા રાજ, મલકાતાં રાજ' માં કવિએ ભાષાકર્મ દ્વારા એમના સંવેદનને વધુ પ્રભાવક બનાવ્યું છે. 'રે' પણ પૂરું અર્થવ્યંજક બને છે. રાવજીએ 'હણહણતી સુવાસ'માં આખા જગત પ્રત્યેનું અદમ્ય ખેંચાણ કલાત્મક બનાવ્યું છે. અહીં દશ્ય, શ્રાવ્ય ને ઘ્રાણેન્દ્રિયના સંસ્કારોનો વ્યત્યય સિધ્ધ થતો જોવા મળે છે.

રાવજીના આ ગીતમાં એમના કવિકર્મનો અનવદ્ય સંસ્કાર તો આ પંક્તિઓમાં પામી શકાય છે :

"મને રોકે પંછાયો એક ચૉકમાં
અડધા બોલે ઝાલ્યો, અડધો ઝાંઝરથી
ઝાલ્યો,
મને વાગે સજીવી હળવાશ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં....."

મૃત્યુના આભાસનું સંવેદન કવિના ચિત્તને ઘેરી વળે છે. જીવ હવે આ દેહને ટૂંક સમયમાં છોડી પરમાત્માના ધામમાં પહોંચી જશે અડધા શબ્દથી ઝલાયેલા અને અડધા ઝાંઝરથી ઝિલાયેલો જીવાત્મા મૃત્યુને સદ્ય આવકારી ન શકે એ સ્વાભાવિક છે. કવિ પ્રેમને છોડી શકે એ શક્ય નથી. કવિનો શબ્દ અને ઝાંઝર પ્રત્યેનો અનુરાગને વાગતી પેલી 'સજીવી હળવાશ' નૂતન પરિમાણ રચે

છે. આ સજીવી હળવાશ અનુભવાય છે. પોતાની બે-જીવી પત્નીના ભાવિની પણ કવિને કંઈક ચિંતા હોય એનો ભાવ કવિએ કુશળતાથી કંડાર્યો છે. આ પ્રયુક્તિમાં કવિના સહજીવનના ફળદાયી અંશોનું સ્પંદન સુપેરે પ્રગટી જાય છે.

આ ગીત આભાસી મૃત્યુનું ગીત છે. ભલે રાવજી હજી મૃત્યુને ભેટ્યો નથી પણ એમને મૃત્યુનો જે આભાસ થાય છે તે સ્પંદનને કવિએ કુશળતાથી આલેખ્યું છે. રાવજીનો આ ભય પણ ટૂંક સમયમાં સાચો પડે છે. રાવજી પટેલ ખરેખર જન્મજાત કવિ હતો. ઈન્દ્રિયસંવેદ્ય કલ્પનાઓની ભાતીગત સૃષ્ટિ રચીને ઉત્કૃષ્ટ કક્ષાએ અંતિમ ઉદ્‌ગારરૂપે આ ગીત રચીને ગુજરાતી કવિતાને એક સર્વાંગ સુન્દર રચના ભેટ ધરી છે. અનોખા ભાષાકર્મ ને કર્મ કર્મને લીધે આ કૃતિ ગુજરાતી કવિતાનું મહામૂલું ઘરેણું બની ગયું છે - બની રહેશે. રઘુવીર ચૌધરી રાવજી પટેલ માટે નોંધે છે :

> ''રાવજીની કવિતા એના મુખે સાંભળતાં લાગતી હતી એટલી જ તાજી લાગે છે, સાડાત્રણ દાયકા પછી પણ. એમ લાગે છે કે હજી એ ઉત્તરોત્તર વધુને વધુ સ્વીકાર પામશે. કશુક વિરલ છે એની કવિતામાં, મૂંગા વિવેચકોને પણ બોલવા વિવશ કરે એવું.''
>
> (રાવજી પટેલનાં કાવ્યો - પૃ.૭)

સિતાંશુ યશશ્ચંદ્ર મહેતા આપણાં આધુનિક અને પ્રયોગનિષ્ઠ કવિ. એમણે ગુજરાતી કવિતામાં સર્‌રિયાલિઝમ - પરાવાસ્તવવાદની ધ્યાનાર્હ કૃતિઓ આપીને તે અંગેની અનેક નવી દિશાઓ ખોલી આપી - એને પુરસ્કારી. અસંપ્રજ્ઞાત મનની સંપ્રજ્ઞાત સપાટી પર



કેટલીક સ્મૃતિઓના બંધનો વિટળાયેલાં હોય આ બંધનો તોડવાનું કાર્ય પરાવાસ્તવવાદ કરે છે. અસંપ્રજ્ઞાત મનની ભીતર ઉદ્‌ભવેલાં વૈચારિક જગતને શબ્દદેહ આપવા ભારે જહેમત આદરવી પડે. સિતાંશુએ શબ્દ અને લય દ્વારા સંકુલને અટપટા સંવેદનને સુપેરે આલેખ્યાં છે.

મૃત્યુ તો મનુષ્યના લલાટે લખાયેલી અનિચ્છનીય ને છતાં ટાળી ન શકાય એવી ઘટના છે. મૃત્યુના જીવનમાં અનેક ઘાતો ઘટતી હોય પણ મૃત્યુ નામની ઘાત આખરી બની જાય છે; તેને કોઈ ટાળી શકે જ નહીં. મૃત્યુ અનિવાર્ય ઘટના છે.

'મૃત્યુઃ એક સર્‌રિયલ અનુભવ'માં સિતાંશુ મહેતાએ આધુનિક માનવીની સંવેદનાને બળકટપણે આલેખી છે. કાવ્ય નાનું છે છતાં, એમાં મૃત્યુ જેવા ગહન વિષયની વ્યાપકતા ને ગહનતા સુપેરે પ્રગટે છે. 'મૃત્યુ' શબ્દ કાને પડતાં જ ચિત્તમાં મૃત્યુ વિષયક અનેક સંદર્ભો સળવળી ઊઠે છે. સિતાંશુએ મૃત્યુનો દૈહિક નહીં પણ ચૈતસિક અનુભવ આલેખ્યો છે. મૃત્યુનો કોઈ રિયલ અનુભવ હોઈ ન શકે હાં, હોઈ શકે - સર્‌રિયલ અનુભવ. મૃત્યુ પછી કોઈપણ પ્રક્રિયા - ક્રિયા માનવ સ્વયં કરી શકતો નથી. મૃત્યુનો આભાસ થઈ શકે. મૃત્યુ દેખાય છે સામે પણ એનો અનુભવ ઈન્દ્રિયો દ્વારા થઈ શકે. એમાંય આંખ અને કાન દ્વારા સવિશેષ. કવિના મતે મૃત્યુ એટલે અંત નહીં પણ ગતિનું સાતત્ય. મૃત્યુ એ ગતિ છે, એક અવ્યકત્વ અનુભવ છે. આપણી ચેતનાની ભીતર અનંત વિસ્તારો વિસ્તરે છે - ઊઘડે છે. એ અનેક ક્રિયા-પ્રક્રિયા-રૂપે પ્રગટ થતાં હોય છે. સાચેસાચ મરીને એ અનુભવ કહી ન શકાય. સિતાંશુએ અહીં મૃત્યુનો એક સર્‌રિયલ અનુભવ ટાંક્યો છે. એ કહે છે :

"ખરી પછાડી પુચ્છ ઉછાળી દોડ્યા
કાળા ડમ્મર ઘોડા ધોળે ખડકાળે રથ જોડ્યા.

ભડક્યા સામી છાતી અડધાં કરું બંધ જ્યાં કમાડ
ધડ ધડ ધડ ધડ ધડ આવી સીધા અથડાયા ધાડ
પાંપણ તોડી તોડ્યા ખડકો
ખોપડીઓને ભુક્કે ઊંડે આંખ મહીં જઈ પોઢ્યા"

અહીં કાળા ડમ્મર અશ્વની ગતિને ઉઠાવ આપવામાં ઘોડાની ખરીનો ડબ્...ડબ્...ડબ્.... પડછાટ, એની પુચ્છનો ઉછાળ જેમજ કારણભૂત રથ ને તેય પાછો ખડકાળ ધોળો. અશ્વેત તો શ્વેત હોય, કવિ સાથે આપણી જે સંકલ્પના છે તે જુદી પડે છે કારણકે, અહીં તો કાળા ઘોડા છે. કાળરૂપી યમરાજના ઘોડા. જે રાજમાર્ગ પર નહીં પણ ખડકાળ રસ્તે જ ચાલે છે. અહીં કાળા ડમ્મર ઘોડાઓ દેખાય એ પૂર્વ આપણી શ્રવણેન્દ્રિયને સ્પર્શે છે એના ડબ્...ડબ્...ડબ્.... ડાબલાનો અવાજ. કવિ અવાજ દ્વારા ભાવકને કાવ્યાનુભવના પ્રદેશમાં રસપૂર્વક ખેંચી લઈ જાય છે. ચક્ષુઓને પણ ન ભુલાય તેવી રૂપમુદ્રાઓનું દર્શન થતું અનુભવાય છે.

મૃત્યુ અનિવાર્ય ઘટના એ અર્થમાં પણ કે માનવી ગમે તેટલાં ધમપછાડા કરે તો પણ તેને ટાળી શકતો નથી જ નથી. સિતાંશુ મૃત્યુની ગતિને વેધક બનાવતાં કહે છે. 'ધડ ધડ ધડ ધડ ધડ આવી સીધા અથડાયા ધાડ.' મૃત્યુની ઘટના એટલી આકસ્મિક ને સાહજિક છે કે, ક્ષણમાં વ્યક્તિ હતો થઈ જાય છે. મૃત્યુના આગમનની દોડ સત્ય ને અનિવાર્ય ઘટના છે. તે ન આવે એવા દ્વાર આપણે હજુ બનાવી શક્યાં નથી. બનાવેલા દ્વાર તો ધડ ધડ તૂટી જવાના. ગમે



તેવી ને ગમે તેટલી આડશો ધરશું તોયે એ અટકી શકે નહીં જ. મૃત્યુના આગમનની અનુભૂતિ, એનું સંકુલ દર્શનને એ અનુભૂતિનો સાક્ષાત્કાર કરાવવા કવિએ અહીં ભાષાનો ચોક્કસ પ્રપંચ (design) ઊભો કર્યો છે - જે એમના કવિકર્મનો ઉત્તમ નમૂનો પણ બને છે. મૃત્યુના પરિવેશને અહીં તીવ્ર અનુભૂતિવાળો બનાવી સિતાંશુએ અનોખું કવિકર્મ નિર્મ્યું છે. મૃત્યુની ગતિમાં આપણી અનવરોધકતાને કવિએ કુશળતાથી આલેખી છે. કવિએ અહીં અમૂર્ત એવા સંવેદનને મૂર્તરૂપ બક્ષ્યું છે. સિતાંશુ મૃત્યુના સર્‌રિયલ અનુભવને વિસ્તારતા કહે છે :

"સેળભેળ ભંગાર પડ્યો ત્યાં ગોળ ગોળ હું ફરું
મારી ને ઘોડાઓની ફાટેલી આંખે લળી ડોકિયાં કરું
અંદરથી ત્યાં
ક્યાં ક્યાં ક્યાં ક્યાં
ખરી પછાડી પુચ્છ ઉછાળી દોડ્યા
ડમ્મર, ધોળા ઘોડા, કાળે ખડકાળ રથ જોડ્યા."

મનુષ્યની આંખ અને અશ્વની ફાટેલી આંખ વચ્ચે જે એક ચૈતસિક સાતત્યનો મૂળભૂત સંબંધ છે - તેને કવિએ સુપેરે આલેખ્યો છે. 'સેળભેળ ભંગાર'થી આ મૃત્યુના આકસ્મિક આઘાતનું ઊંડો પ્રભાવ પામી શકાય છે. કાવ્યારંભે આવતો 'કાળા ડમ્મર ઘોડા'નું કાવ્યાંતે 'ધોળા ઘોડા' અને 'ધોળે ખડકાળે રથ જોડ્યા'નું 'કાળે ખડકાળે રથ જોડ્યા' માં રૂપાંતર થાય છે. આ માત્ર શબ્દની અદલા-બદલી નથી શબ્દ નો અહીં કોઈ પ્રપંચ પણ નથી. કાળા ડમ્મર ઘોડાને કવિએ ડમ્મર ધોળા ઘોડા બનાવી ધોળા ખડકાળા રથમાં રૂપાંતર કરીને અલૌકિક-ચૈતસિક ક્રિયાની ગતિનો ચમત્કાર સર્જ્યો

છે.

સિતાંશુ મહેતાએ અહીં મૃત્યુના અમૂર્તરૂપને મૂર્તરૂપની ગતિ આપી લય, કલ્પનાદિ દ્વારા તેનો સાક્ષાત્કાર કરાવ્યો છે. કવિના મતે મૃત્યુ એટલે અંત નહીં પણ, ગતિનું સાતત્ય જે અંદર અંદરથી બહાર એક અવિરત ચાલતી પ્રક્રિયા છે, તેને કોઈપણ સંજોગમાં રોકી શકાય નહી. મૃત્ય એ મનુષ્યની ગતિ છે. મર્મ છે, એક અવ્યકત્વ અનુભવ છે. જેમ આપણાં જીવનમાં જિંદગીનું જેટલું મહત્વ છે એટલું મહત્વ આ મૃત્યુનું છે. ડૉ. રમેશ ઓઝા નોંધે છે :

> ''ભાષાની તરકીબો, શૈલીઓ, કલ્પનોના અવળ સવળ જણાતાં અને અરૂઢ સંયોજનો દ્વારા મૃત્યુ નામની વસ્તુના મૂળ સુધી પહોંચવાની આ સર્‌રિયલ હિક્‌મત દાદ માંગી લે તેવી છે.''

(એતદ્‌-સપ્ટે. ૧૯૮૮ - પૃ.૮૫)



## (૧૩) 'પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર'- એક આસ્વાદ

પ્રેમરસ પાને, તું મોરના પિચ્છધર ! તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે;
દૂબળા ઢોરનું કુશકે મન ચળે, ચતુરધા મુક્તિ તેઓ ન માગે.
પ્રેમ રસ પાને...(૧)
પ્રેમની વાત પરીક્ષિત પ્રીછયો નહીં, શુકજીએ સમજીને રસ સંતાડ્યો;
જ્ઞાન-વૈરાગ્યે કરી ગ્રંથ પૂરો કર્યો, મુક્તિનો માર્ગ સુધો દેખાડ્યો.
પ્રેમ રસ પાને...(૨)
મારીને મુક્તિ આપી ઘણા દૈત્યને, જ્ઞાની વૈરાગી, બહુમુનિ રે જોગી;
પ્રેમને વશ થઈ વ્રજ તણી ગોપિકા, અગર વિરલા કોઈ ભક્ત ભોગી.
પ્રેમ રસ પાને...(૩)
પ્રીતની રીત તો પરમ વલ્લભ સત્ર, હેતના જીવ તે હેતે તૂઠે;
જનમોજનમ લીલારસ ગાવતાં લહાણનાં, વહાણ ને દ્વાર છૂટે.
પ્રેમ રસ પાને...(૪)
મેં ગ્રહો હાથ ગોપીનાથ ગરવા તણો, વાત બીજી નવ લાગે મીઠી;
નરસૈંયો જાચે છે રીતિ-મતિ પ્રેમની, જતિ-સતીએ સપને ન દીઠી.
પ્રેમ રસ પાને...(૫)

- નરસિંહ મહેતા

હિન્દુધર્મના મુખ્યત્વે બે વિચારધારા-શાખાઓ પ્રવર્તમાન છે. એમની પેટા શાખાઓ તો અનેક છે, પણ મુખ્ય બે શાખામાં એક તો તત્ત્વજ્ઞાન-વૈરાગ્ય-મોક્ષની વાત કરે છે જ્યારે બીજી શાખામાં વૈરાગ્યને મોક્ષ કરતાં પણ ભક્તિને ઉત્તમ માર્ગ માનવામાં આવી છે. શ્રીમદ્‌ ભાગવતમાં મહર્ષિ વ્યાસે નવધાભક્તિ વિશેનો મહિમા

આલેખ્યો છે.

**"श्रवणं कीर्तन विष्णोः स्मरणं पादसेवनम् ।**
**अचनं वदनं दास्यंः सख्यं आत्मनिवेदनम् ॥"**

નરસિંહ મહેતા ભક્તિની મહત્તા પારખી ગયા છે. નરસિંહ મહેતા પાસેથી જ્ઞાન-વૈરાગ્યના પણ ઘણ નોંધનીય પદો મળે છે ત્યારે આપણને પ્રશ્ન થાય કે નરસિંહ કઈ વિચારધારાનો ? જવાબ આપવા હોય તો-ઊભય. નરસૈયો હાથમાં કરતાલ લઈ હરિજનવાસમાં જઈ ભજન ગાનારો માત્ર કોઈ ભજનિક નથી, એમનું ચિત્ત ભક્ત અને ભગવાનના સંબંધોને ઓળખીને, આ અટપટી ભાતને ઊકેલી જાણે છે. એટલે જ તો તે કહે છે :

"અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તત્ત્વમાં તેજ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદવાસે."

આમ કહેનાર નરસિંહ આખા બ્રહ્માંડની રચનાને અને અકળ વૈવિધ્યને - લીલોને સ્વીકારે છે. આ જાણકાર નરસૈયાં આખરે તો ભક્તિ માર્ગના રૂપ વૈવિધ્યને પુરસ્કાર કરે છે. એમના માટે -

"ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે;
પુણ્ય કરી અમરાવતી પામ્યા, અંતે ચોરાસી માંહી રે."

ભક્તિ પદારથનો મહિમા ગાનારા નરસૈયાને સાચો આનંદ તો ભગવાનની ભક્તિમાં તલ્લીન થઈ જવામાં લાગે છે. નરસિંહના કેટલાય પદોમાં પ્રેમલક્ષણા ભક્તિની નિર્મળ ને પવિત્ર ગંગા વહેતી અનુભવાય છે. નરસિંહે કૃષ્ણ-ગોપીઓનો અખંડ રાસ નિહાળ્યો. પ્રત્યેક ગોપીઓ કૃષ્ણમાં ભક્તિમય જોઈ નરસૈયાને પણ એ જ પ્રેમ



રસ પીવાની ઉત્કંઠા જાગે છે ને આથી જ કહે છે :

"પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર !
તત્ત્વનું ટૂંપણું તૂચ્છ લાગે;
દુબળા ઢોરનું કુશકે મન ચળે,
ચતુરધા મુક્તિ તેઓ ન માગે."

પ્રેમરસનો તરબતર પ્યાલો પિવાનો અવસર મળ્યો છે નરસૈયાને. ને નરસિંહે એને આકંઠ પીધો છે. નરસિંહનું એ સદ્‌ભાગ્ય છે. આ પ્રેમરસની આગળ તત્ત્વજ્ઞાનની અટપટી વાતો ગૂંચળું વળેલી દીઠે છે. જ્ઞાન-વૈરાગ્યને તત્ત્વજ્ઞાનની આંટીઘૂંટીને ન ઉકેલી શકનાર ભક્તિરસનો મજો માણે છે. એકવાર જેમણે તત્ત્વજ્ઞાનને છોડીને પ્રેમરસથી ભરપૂર નાવ પકડી તેનો તો બેડો પાર જ. એકવાર પ્રેમરસભર્યા - હરિરસભર્યા પ્યાલાને જે ગટગટાવી જાય એને પછી બીજું શું જોઈએ ? ચતુર કોણ ? એ પ્રશ્નનો ઉત્તર નરસિંહ 'ચતુરધા મુક્તિ તેઓ ન માગે' - એમ કહી આપે છે. ને આ રસ તો એવો છે કે જેમ જેમ પીવે તેમ તેમ એના પ્રતિની ઉત્કંઠા વધતી જ રહે છે. તત્ત્વજ્ઞાનની પીંજણ આ પ્રેમરસની મીઠાશ આગળ સાવ વામણી લાગે છે. નરસિંહ મહેતાને ધોળે ધરમેયે મુક્તિ ખપતી નથી. નરસિંહ તત્ત્વજ્ઞાન - વૈરાગ્યને પ્રેમરસની સાથે સરખાવતાં જાણે તુચ્છ કુશકા જેવું નિઃસત્ત્વ ગણાવે છે. જે માત્ર નિર્બળને દૂબળા મનના માણસને ભરમાવે છે - લલચાવે છે. નરસિંહ તો કૃષ્ણ પ્રેમના પયાસી છે. એમને મુક્તિ મેળવીને સ્વર્ગમાં રહેવા કરતાં ધરતી ઉપર જન્મોજન્મ અવતરી કૃષ્ણ-પ્રેમનો પ્યાલો પીતા રહેવાની અભીપ્સા છે. નરસૈયાનોપ્રેમરસ એટલે હ્રદયરસ - કૃષ્ણરસ. મંદિરોમાં ઘણીવાર ભક્તજનો ગાતાં હોય છે -

"રામ નામ લાડવા, ગોપાળનામ ઘી
કૃષ્ણનામ ખાંડ-ખીર, ભોળી ભોળી પી."

નરસિંહ મહેતા આ ભૂતળમાં ભક્તિ પદારથને જે મોટામાં મોટું પદારથ માને છે. પ્રેમરસિયા નરસિંહનું મન બીજી કોઈ રીતે ચળી શકે એમ નથી. આ પ્રેમરસ કોઈ જેવો તેવો નથી. સાવ સામાન્ય માણસ એનો મઝો માણી શકે, પણ કોઈ જ્ઞાની-જોગી-જટાળો-યોગીને આ રસ પ્રાપ્ત થઈ ન શકે. નરસિંહ ઉદાહરણ ટાંકતા કહે છે

"પ્રેમની વાત પરીક્ષિત પ્રીછયો નહીં,
શુકજીએ સમજીને રસ સંતાડ્યો;
જ્ઞાન-વૈરાગ્યે કરી ગ્રંથ પૂરો કર્યો,
મુક્તિનો માર્ગ સુધો દેખાડ્યો."

પ્રેમરસ પામવા માટે તો નવનીત સમું ગોપિકાનું હૃદય હોવું જોઈએ. એવું જ હૃદય આ પ્રેમરસને પામી શકે. શુકજીએ રાજા પરીક્ષિતને ભક્તિનો નહીં પણ મુક્તિનો મારગ બતાવ્યો. આ પિચ્છધરના પ્રેમરસને પામવા હૃદયનો અધિકાર કેળવવો પડે. તેના માટે રાજા નહીં પણ વ્રજની ગોપિકા બનવું પડે. કૃષ્ણ તો વ્હાલથી રીઝે છે. ગોપિકા જેવું વ્હાલ હોવું જોઈએ. વ્રજની આ ગોપિકાઓનું ભોળપણ કૃષ્ણને મોહે છે. કૃષ્ણ સ્વયં ભગતની સામે આવી શકે. એના માટેની શરત છે ભોળપણ. એક લોકકવિ કહે છે તેમ -

"ધડધીંગાણે, જેનાં માથા મસાણે એના પાળિયા થૈઈને પુજાવું
ઘડવૈયા મારે ઠાકોરની નથી થાવુ....

-------------------------------------



ભોળા ભગતની ઝૂપડીએ જઈને મારે દાળને રોટલો ખાવો રે.
ઘડવૈયા મારે....."

મુક્તિ તો ઘણાં બધાંને મળી છે. તેમાં દૈત્યોને મુક્તિ મળી છે. તો જ્ઞાની, વૈરાગી, ત્યાગી, ઋષિઓ, મુનિઓ - તપસ્વીઓ - આદિને મુક્તિ મળી છે. મુક્તિના આનંદની આગળ ભક્તિની જ્યોત વધુ તેજવંતી દેખાય છે. ઝુલણાએ ઝૂલતી પ્રેમરસની પ્યાસની ઋજુતા અર્ધપંક્તિથી પિચ્છધર આપણને મંત્રમુગ્ધને લયલીન કરી મૂકે છે. નરસિંહ કહે છે :

"પ્રીતની રીત તો પરમ વલ્લભ સત્ર,
હેતના જીવ તે હેતે તૂઠે;
જનમોજનમ લીલારસ ગાવતાં લહાણનાં,
વહાણ ને દ્વાર છૂટે."

આ તો ગોપીહૃદયની વલ્લભની પ્રીતની રીત છે. કૃષ્ણ પ્રેમથી જ રીઝે, તપ ત્યાગને તત્ત્વજ્ઞાનને ટૂંપવાથી કદાપિ નહીં. શ્રીકૃષ્ણ તો પ્રેમને આ ધરણી પર વહેવડાવનાર અસાધારણ પાત્ર છે. નરસિંહને આ પ્રેમરસને જનમોજનમ ગાવો છે. લીલારસ ગાતાં 'લહાણનાં વહાણ' હૃદયને દ્વાર છૂટે. તો જ એ વાલીડો હૈયાને ભરે. જેણે પ્રેમરસનો સ્વાદ ચાખ્યો તેમને બીજો કોઈ પણ સ્વાદ તુચ્છ જ લાગવાનો. નરસિંહ આથી જ કહે છે :

"મેં ગ્રહો હાથ ગોપીનાથ ગરવા તણો,
વાત બીજી નવ લાગે મીઠી;
નરસૈંયો જાચે છે રીતિ-મતિ પ્રેમની,
જતિ-સતીએ સપને ન દીઠી"

મીરાં પણ એ જ સૂરમાં ગાતી પમાઈ છે.

"પ્રેમની વાત છે ન્યારી ઓધવજી
પ્રેમની વાત છે ન્યારી,
પ્રેમની વાતમાં, ઓધા, તમે શું જાણો?
બીજા શું જાણે સંસારી ?"

નરસૈંયાએ ગોપીભાવે ગરબા ગોપીનાથનો કર ગ્રહ્યો છે પછી એને બીજા કોઈના સહારાની શી જરૂર ? એમને પ્રેમનો-મસ્તીનો-પ્રેમભક્તિનો એવો કેફ ચડ્યો છે કે, હવે જ્ઞાન, વૈરાગ્ય ને મુક્તિની વાત સાવ તુચ્છ લાગે છે. નરસિંહને તો અહર્નિશ આ પ્રેમભક્તિનો રસ જ પીવો છે. નરસિંહ મહેતાને પ્રેમરસ-ભક્તિ વિના કશું જ ખપતું નથી.

મધ્યકાલીન ગુજરાતી કવિઓમાં નરસિંહ એક એવો કવિ છે કે જેમણે જ્ઞાન, વૈરાગ્ય, ઉપવેશ વગેરે કાવ્યોની સાથે-સાથે પ્રેમલક્ષણાભક્તિના પણ અનેક કાવ્યો-પદો રચ્યાં છે. નરસિંહના કેટલાક પદોમાંનો ઉપનિષદોના પડઘો સંભળાતો હોવા છતાં નરસિંહ મુખ્યત્વે પ્રેમલક્ષણાભક્તિની પરંપરાનો મુખ્ય ગુજરાત કવિ છે. નરસિંહની પંક્તિઓ દ્વારા જ આ લેખ પૂર્ણ કરું -

"હરિના જન તો મુક્તિ ન જાચે,,
જાચે જનમોજનમ અવતાર રે;
નિત્ય સેવા, નિત્ય કીર્તન - ઓચ્છવ
નીરખવા નંદકુમાર રે."



## (૧૪) સ્થૂળ શણગારની સામે મીરાંનો સૂક્ષ્મ શણગાર

મુજ અબળાને મોટી મિરાંત, બાઈ,
શામળો ઘરેણું મારે સાચું રે.
વાળી ઘડાવું વિઠ્ઠલવર કેરી, હાર હરિનો મારે હૈયે રે.
ચીનમાળી ચતુર્ભુજ ચૂડલો, શીદ સોની ઘેર જઈએ રે ?
ઝાંઝરિયાં જગજીવન કેરાં, કૃષ્ણજી કલ્લાંને કાંબી રે.
વિછુવા ઘૂઘરા રામનારાયણ, અણવટ અંતરજામી રે.
પેટી ઘડાવું પુરુષોત્તમ કેરી, ત્રિકમ નામનું તાળું રે.
કૂંચી કરાવું કરુણાનંદ કેરી, તેમાં ઘરેણું મારું ઘાલુ રે.
સાસરવાસો સજીને બેઠી હવે નથી કઈ કાચું રે.
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, હરિને ચરણે જાચું રે.
- મીરાંબાઈ

મીરાનું જીવન અને કવન માત્ર મેડતા કે રાજસ્થાન કે ગુજરાતની ભૂમિની જ નહીં પણ જગતની - સંસારનીને જીવનની રંગભૂમિમાં જાણે ધવલોજ્જ્વલ અગ્નિજવાલા છે. મીરાંના ઊર્મિકાવ્યો સાચાં અર્થમાં આત્મલક્ષી છે. જેમાં મીરાં કહે છે તેમ -

"ખૂણે બેસીને મેં તો ઝીલું રે કાત્યું
નથી રાખ્યું કંઈ કાચુ રે."

મીરાંનું એક એક પદ કાવ્યમયતા અને કલામયતાની દૃષ્ટિએ સ્વચ્છ અને સુઘડ છે. એમનાં પદનો આરંભ, એનાં પ્રત્યેક અંતરા, ધ્રુવ પંક્તિઓ, લય અને પ્રાસ સર્વાંગ સુંદર છે. મીરાં પ્રત્યેક પદ પ્રધાનપણે હૃદયનું સર્જન છે, એમાં સહજને સહસા સ્વયંસ્ફુરણા કારણભૂત છે. મીરાંના પદોમાં ભાવ, રસ, ભક્તિ અને અનુભવની

તીવ્રતા તથા ભાવ અને રસની ઉગ્રતા છે. અતલતા ને અગાધતા પણ ખરી જ. મીરાં માટે પરમેશ્વર કોઈ અલગ પાત્ર નથી. મીરાં તો સ્વયં પરમેશ્વર નંદલાલને નયનમાં સમાવવાની - વસાવવાની અભીપ્સા સેવે છે. એથી બીજી મોટી મિરાંત શી હોઈ શકે ?

"મુજ અબળાને મોટી મિરાંત, બાઈ,
શામળો ઘરેણું મારે સાચું રે."

મીરાંબાઈએ પદોનું સર્જન, ધન સત્તા,કે કીર્તિ પામવાની મહત્વકાંક્ષી કર્યું નથી. એમણે તો હૃદયમાં ઉદ્‌ભવતા ભાવોને - લાગણીને પ્રત્યેક પદમાં વાચા આપી છે.

મીરાંની ભક્તિ પ્રધાનપણે મધુરાભક્તિ છે. એમાં કૃષ્ણ પરમેશ્વર છે, એ જ એનો પતિ છે અને પોતે જ એની પત્ની છે. મીરાંના અનેક પદોમાં એનો ધ્વનિ ગૂંજે છે.

"મુખડાની માયા લાગી રે મોહન પ્યારા !
મુખડું મેં જોયું તારું, સર્વ જગ થયું ખારું
મન મારું રહ્યું ન્યારું"

કે પછી -

"ગિરિધરલાલ વિના ઘડી ન ગોઠે
હરિરસ ધોળી ધોળી પીધાં."

- - - - - - - - - -

"ગિરિધર નાગર હું તો ઘડી ન છોડું ભલે નાંખે રે મરાવી,
હરિસંગે લગન લગાવી."

'મેરે તો ગિરિધર ગોપાલ...' કહેનારી મીરાં માટે કૃષ્ણ સિવાય આ જગતમાં કોઈ નથી. મીરાંની કવિતામાં એમની આત્માનુભૂતિ વિશેષ હોવા છતાં પણ એમની કવિતામાં ભારોભાર



કવિત્વ ખીલે છે, ને તેમ છતાંયે મીરાંનો કવિ તરીકેનો કોઈ દાવો નથી. મીરાંના પદોમાં ભક્તિની સુંદર ઉપાસના છે, તેમાંથી પ્રગટતું સૌન્દર્યવિધાન પણ એટલું જ ગહન, માર્મિક, ઉત્કટને ભાવવાહી હોય છે. 'હું તો પરણી મારા પ્રિતમની સંગાથ વહાલમની, બીજાના મીંઢળ નહીં રે બાંધુ"- એમ સ્પષ્ટ કહેનારી મીરાં માટે 'અખંડ વરને વરવું' એ મોટી મિરાંત બને છે. કોઈપણ સ્ત્રીનું સુંદર હોવું એ કુદરતી ઘટના છે - લીલા છે. કોઈ સુન્દર સ્ત્રી વળી શૃંગાર સજે છે ત્યારે એમનું રૂપ સૌંદર્ય - દેહસૌંદર્ય ઑર જ નીખરે છે. મીરાંને પણ શણગાર સજવાનો સ્ત્રી-સહજ અભરખો છે. જુઓ મીરાંનો અનોખો શણગાર -

"વાળી ઘડાયું વિઠ્ઠલવર કેરી, હાર હરિનો મારે હૈયે રે.
ચીનમાળી ચતુર્ભુજ ચૂડલો, શીદ સોની ઘેર જઈએ રે?
ઝાંઝરિયા જગજીવન કેરાં, કૃષ્ણજી કલ્લાંને કાંબી રે.
વિછુવા ઘૂઘરા રામનારાયણ, અણવટ અંતરજામી રે."

'વાળી, હાર ચૂડલો, કલ્લાં, કાંબી, વિછુવા, ઘૂઘરા આદિ શણગારોમાં કૃષ્ણની જ સહજોપસ્થિતિ મીરાં માટે અણમોલ શણગાર છે. કાંબીને કલ્લાં, વિછુવા, તાળાં, કૂંચી જેવા શબ્દોમાં સોરઠીબાની સુવાસ પણ અનેરું આકર્ષણ જન્માવે છે.

આ સંસારરૂપી જંગલમાં મીરાં એકલી અવશ્ય છે પણ અંતરાત્માથી મીરાંએ ક્યારેય એકલપન સ્વીકાર્યું નથી. એતો આઠો પ્રહર પ્રાણવલ્લભ કૃષ્ણની સંગાથે જ રહે છે. એમનાં પ્રત્યેક શણગાર સ્વયં કૃષ્ણ છે પછી બીજાં શૃંગારો સજવાની શી આવશ્કયતા ? મીરાંના મન એમનો સાચો ભરથાર તો નંદલાલ છે. મીરાંને સ્થૂળ સંબંધોમાં રસ જ નથી. એનો કૃષ્ણ સાથેનો સંબંધ તો શાશ્વત છે.

એમને વળી સ્થૂળ ઘરેણાં પહેરવાની કોઈ જિજીવિષા નથી. એક પદમાં મીરાં કહે છે :

"ફૂલનો પછેડો ઓઢું પ્રેમ ઘાટડી રે, બાઈ,
મારો શામળિયો ભરથાર રે,
બીજાને મારી ચુંદડી હો જી."

એમનાં જીવનમાં ભોજરાજ સાથે સત્તર વર્ષની વયે મીરાંનું લગ્ન થયું. મીરાંએ ભોજરાજની ચુંદડી ઓઢવી પડી એ સ્થૂળ ઘટના છે પણ અંતરાત્મા તો શામળિયાને ક્યારનોય ભરથાર માની બેઠો હતો. મીરાંએ એ માટે કદાચ 'ચૂંદડી' શબ્દ વાપર્યો હતો જ્યારે પોતાના પ્રિયતમ શામળિયા માટેનો મીરાં 'પ્રેમઘાટડી' જેવો મહામૂલો શબ્દ વાપરે છે. બહારના શણગારો કદાચ ઝાંખા થઈ શકે, તૂટી શકે, ઘસાઈ શકે પણ ગિરિધરરૂપી જે શણગાર સજ્યો છે તેનો વૈભવ ક્યારેય ઝાંખો પડી ન શકે.

મીરાંએ જે શણગાર સજ્યાં છે તે પોતીકાં છે તેનાં ઉપર બીજા કોઈનોયે હક્ક હોઈ શકે ખરો ? આથી જ તો મીરાં કહે છે :

"પેટી ઘડાવું પુરુષોત્તમ કેરી, ત્રિકમ નામનું તાળું રે,
કૂંચી કરાવું કરુણાનંદ કેરી, તેમાં ઘરેણું મારું ઘાલું રે."

મીરાં પરમેશ્વરમાં અને પરમેશ્વરના પ્રેમમાં એક ધ્યાન હતી. મીરાંની પ્રતિતી હતી, પ્રતિક્ષા હતી કે વર તો વિઠ્ઠલવર જ બીજો તે અ-વર. શણગાર સજી બેઠી મીરાં અંતે કહે છે :

"સાસરવાસો સજીને બેઠી હવે નથી કાંઈ કાચું રે,
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર હરિને ચરણે જાચું રે.



## (૧૫) "મેરુ રે ડગે પણ જેના મન નો ડગે"- એક આસ્વાદ

મેરુ રે ડગે પણ જેના મન નો ડગે,
મરને ભાંગી પડે બ્રહ્માંડ રે,
વિપત્ત પડે પણ વણસે નહીં
ઈ તો હરિજનના પરમાણ રે.
મેરુ રે ડગે પણ ..........

હરખ ને શોકની ના'વે જેને હેડકીને
શીશ તો કરે કુરબાન રે,
સત્ ગુરુવચનમાં શૂરા થઈ ચાલે ને,
જેણે મેલ્યા અંતરના માન રે.
મેરુ રે ડગે પણ ..........

નિત્ય રે રહેવું સત્સંગ માં ને,
જેને આઠ પહોર આનંદ રે;
સંકલપ વિકલપ એકે નહીં ઉરમાંને
જેણે તોડી નાખ્યો માયા કેરો ફંદ રે.
મેરુ રે ડગે પણ ..........

ભક્તિ કરો તો તમે એવી રીતે કરજોને,
રાખજો વચનુમાં વિશ્વાસ રે,
ચિત્તની વૃત્તિ નિર્મળ રાખજો ને
કોઈની નવ કરશો આશ રે.
મેરુ રે ડગે પણ ..........

તન, મન, ધન જે પ્રભુને અર્પેને,
ધન્ય ધન્ય થઈ જાય નર ને નાર રે,
ગંગાસતી એમ બોલિયાં રે પાનબાઈ
પ્રભુ પધારે તેને દ્વાર રે.
મેરુ રે ડગે પણ ...........

- ગંગાસતી

વિચાર, વર્તન અને વાણી-કર્મની ત્રણેય ભૂમિકા ગંગાસતીના આ પદમાં સુપેરે ઉદ્‌ઘાટિત થઈ છે. જિવાતા માનવીએ આ ત્રણેયે અનુષ્ઠાન કઈ રીતે અપનાવવા જોઈએ ? તેનું સૂક્ષ્મ અવલોકન આ પદમાં સ્વાનુભવે આલેખાયું છે. આ એક સૂક્ષ્મ આદર્શ છે.સપ્તધાતુનું (રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર) બનેલું આ માનવશરીર અંતરાત્માને જાણ્યાં વિના માત્ર હાડ-માંસનું પિંજર જ બની રહે, પણ શરીરમાં રહેલો અવિનાશી આત્મા તો કેદીપણાંનો જ અનુભવ કરે છે. જોકે, આ અમરપદધારી આત્મા તો બ્રહ્માંડમાં વિહાર કરવા ઈચ્છે છે, જ્યારે આ ચલિત મન એને બંદીવાન બનાવે છે. પ્રસ્તુત પદમાં ગંગાસતીએ આ મનને કાબૂમાં રાખવાની તથા મનની ભ્રમણાંને ભાંગવાની શીખ આપી છે. કેટલાક તત્ત્વચિંતકોએ આ ભ્રમિતમનને 'ફટકિયાં મોતી'ની ઉપમા આપી છે. આત્મા તો અવિનાશી એવા પરમાત્માને પામવાની અભિલાખ સેવે છે. જે એને ફટકિયું મોતી ન બનવા દેતા નિજતત્ત્વનું આનંદરૂપી મોતી બનાવી દે છે. આ અનુષ્ઠાન અઘરું છે. પ્રીતમદાસ કહે છે તેમ 'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને.' મનની ભીતર અને તૃષ્ણાઓ - એષણાઓ પડી છે. જે પરમતત્ત્વને



પામવાની અભીપ્સાઓ પૂર્ણ થવા દેતી નથી. સંત-પુરુષો આ કર્મ કરી શકે છે. ગંગાસતી કહે છે તેમ -

'મેરુ રે ડગે પણ જેના મન નો ડગે
મરને ભાંગી પડે બ્રહ્મડ રે.'

બ્રહ્માંડ કાંઈ કાચથી ઘડાયેલું કે ફટ્ દઈને તૂટી પડે કે ભાંગી પડે. કદાચ બ્રહ્માંડ તૂટે તો ? - પૃથ્વીનો તો સર્વનાશ જ હોઈ શકે. ગંગાસતી મનની દૃઢતા-મક્કમતાને સમજાવે- એના મહિમાને આલેખે છે. મન ચલિત છે. મન માયાના બંધનોમાં એવું અટવાય જાય છે કે, એમનો નિશ્ચલ તૂટી છે. ગંગાસતી તો ત્યાં સુધી કહે છે કે, મન એવું દૃઢ ને નિશ્ચલ હોવું જોઈએ કે આ બ્રહ્માંડ તૂટી પડે કે મેરુ પર્વત જેવા પર્વત પણ ડોલવા માંડે તોયે એ ચલિત ન થાય. એની મક્કમતા કોઈપણ સંજોગોમાં ઊભા થાય તોય એવી ને એવી જ નિશ્ચલ રહેવી જોઈએ. મનને અંકુશમાં રાખવા ગોરખનાથ એક ગુરુચાવી આપતા કહે છે -

''દેહપદેષુ નાડિસુ ષડાધરે ચ ચેતોભ્રમઃ
તસ્માત્ તત્સકલ મનોવિરચિતં ત્યકત્વામનસ્કંભજ.''

અર્થાત :'દેહમાં વ્યાપ્ત નાડીઓ તથા ષડાધારચક્રોમાં ધ્યાન કરવું તે ચિત્તનો વિભ્રમ છે. માટે મનથી કલ્પિત આ બધી વસ્તુઓનો ત્યાગ કરી અમનસ્કનું સેવન કરો.'

મનમાં ભ્રમની ભાગોળ વાસવામાં આવે તો સ્વપ્નનું મંદિર ખૂલવાનું જ. કારણકે, મનની અર્ધજાગૃતિ તો નડવાની જ. માટે જાગૃતિ અનિવાર્ય છે. અ-જાગૃત કે અર્ધજાગૃત મનની સ્થિતિતમાં કરેલો સંકલ્પયોગ સ્થિતિ સર્જાતા પૂર્ણ થતો નથી. મન નાસીપાસ થાય છે. ગંગાસતી આ ભયસ્થિતિમાંથી આબાદ ઊગરવા ને પરમતત્ત્વને

પામવાની કેડી બતાવતાં કહે છે :

વિપદ પડે પણ વણસે નહિ,
ઈ તો હરિજનનાં પરમાણ રે.''

ભક્તોને હરિનો આશરો જ મોટો હોય છે. હરિની ચરણોમાં ભક્તો સર્વસ્વ ન્યોછાવર કરી દેતો હોય છે. રવીન્દ્રનાથ ટાગોરની એક પ્રાર્થનાની બે કડી ટાંકવાનુ મન થાય છે :

''આમાર માથા નત કરે દાઓ હે તોમાર
ચરણ ધુલાર તલે,
સકલ અહંકાર હે અપાર
ડૂબાઓ ચોખેર જલે.''

અર્થાત :'મારું માથું તમારી ચરણધૂલ નીચે નમાવું છું મારો બધો જ અહંકાર આંસુના જળમાં ડૂબાડી દો.''

ઈશ્વરના ચરણકમલે એકવાર માથું ઝુકાવ્યાં પછી શેનો ડર ? કારણકે, શીશ તો ઈશ્વરને સમર્પિત કરી દીધું છે. એકવાર હરિનું,ચરણ લાધ્યું એટલે ભીતરમાં રહેલાં ષડ્‌રિપુઓનો તો અનાયાસે જ ખાત્મો બોલી જવાનો.

સંતોની વાણી સ્વયંસ્કુરિતને અનુભવસિધ્ધ હોય છે. સંતો પોતાનું કર્મ સહજભાવે જ કરતાં રહે છે. ગંગાસતી પોતાના વ્યવહારજ્ઞાનને રજૂ કરતાં કહે છે :

''હરખને શોકની ના'વે જેને હેડકીને
શીશ તો કર્યા કુરબાન રે,
સત્ ગુરુવચનમાં શૂરા થઈ ચાલેને
જેણે મેલ્યાં અંતરના માન રે.''



આ મોહ-માયારૂપી બંધનયુક્ત જીવનમાં મનની એષણાઓ ચંચળ ચિત્તને ઘેરી લે છે. આત્માની ઓળખ માટે આ બંધનો તોડવા અનિવાર્ય છે. એ તૂટ્યાં પછી હર્ષ-શોક, રાગ-દ્વેષ, સુખ-દુઃખ, હતાશા-નિરાશા જુવા દ્વન્દ્વોના ગતિચક્રો આપોઆપ સ્થિર બની જાય છે. આ જગતની મિથ્યાલીલાને પે'લી પાર જે અદ્વિતીય આનંદની ગંગા વહે છે તેને જ સંતો ચાહે છે. આમાંથી મળતો આનંદ એટલે નિજાનંદ. પણ સવાલ એ છે કે આ નિજાનંદની પ્રાપ્તિ થાય ક્યાંથી ? ગોરખનાથ કહે છે :

''ગુરુમુખિ બિના ન ભાજસી;
ગોરખ યે દૂન્યો બડ રોગ.''

ગુરુની વાણીનો સ્પર્શ થયા વિના આ બોધ થવો દુર્લભ છે. મનમાં વ્યાપ્ત આ અંધકારરૂપી અજ્ઞાનના પડળો તો કોઈ સદ્‌ગુરુ જ ખોલી શકે - હટાવી શકે. બાકી આ દુનિયા સ્વયમ્ એક મહારોગ છે.

ગંગાસતી ભજનો એ અંતઃકરણમાંથી આવતો ભાવોદ્રેક છે. - ભાવ સંસ્કરણ છે. જે અનુભૂતિજન્ય છે. પતિના મૃત્યુ પછી પણ પોતાનું કર્તવ્ય બજાવનારાં ગંગાસતીએ બાવન પદોમાં જગતના સનાતન તત્ત્વોને પામવાની - ઓળખવાની ગુરુચાવી આપી છે.

''નિત્ય રે રહેવું સત્સંગમાં ને
જેને આઠે પહોર આનંદ રે,
સંકલપ વિકલપ એકે નહીં ઉરમાંને
જેણે તોડી નાખ્યો માયા કેરી ફંદ રે.''

ગંગાસતી ગુરુમહિમાનું ગાન કરે છે. સદ્‌ગુરુનો સ્પર્શ પારસમણી છે, એમનું સાનિધ્ય વિકૃત માનસને પણ બદલી શકે છે. ગંગાસતી

આ પદમાં ગુરુના સહવાસમાં જ અધિકતમ્ સમય ગાળવાનું સૂચન કરે છે. એકલવાસ દરમ્યાન પણ માણસે સત્યને સત્ત્વને શોધતું રહેવું જોઈએ. પરમગુરુ પરમાત્મા તો રોમે રોમમાં વ્યાપ્ત છે. મનની ભીતરની અકળામણ કે મથામણ એ તો ધીમા મૃત્યુ સમાન છે. આથી જ ગંગાસતી આત્મા સાથે 'આઠો પ્રહર' ગોષ્ઠિ કરવાનું સૂચવે છે. રવિ સાહબેનું એક પદ છે :

> ''સૂક્ષ્મ ખાવણાં, સૂક્ષમ સોવણાં,
> સૂક્ષ્મ વાત કરે સાને;
> અદ્વૈત બ્રહ્મ તો તબહી ભાસે,
> તાર મિલાવે એ તાને.'

દેહરૂપી એકતારામાંથી બ્રહ્મનાદ ગૂજ્યાં પછી મનની ત્રિવિધ અવસ્થા (જાગૃત-અર્ધજાગૃત અને અ-જાગૃત) નાશવંત બની જાય છે. આ અનુષ્ઠાન અઘરું અવશ્ય છે પણ ગંગાસતી કહે છે એ કરવા જેવું ખરું. પોતાના પદમાં કહે છે :

> ''ભક્તિ કરો તો તમે એવી રીતે કરજો ને,
> રાખજો વચનુમાં વિશ્વાસ રે;
> ચિત્તની વૃત્તિ નિર્મળ રાખજો ને,
> કોઈની નવ કરશો આશ રે.''

આ મોહના ફંદામાં આપણે સૌ ફસાયેલાં છે. એનો અજગરરૂપી ભરડો સમસ્ત વિશ્વમાં વિંટળાયેલો છે. છતાં તત્ત્વદૃષ્ટિથી કોઈ વિરલ માનવી આ પારખી લઈ તેમાંથી છૂટકારો ચોક્કસ મેળવી શકે છે. કબીર કહે છે તેમ-

> ''મોહ ફંદ સબ ફાંદિયા કોઈ જ સકૈ નિરવાર,
> કોઈ સાધૂજન પારખી બિરલા તત્ત્વવિચાર.''



ગંગાસતી મનને મક્કમ રાખવાની શીખ આપે છે. આ માટે તન-મન-ધન બધું જ પ્રભુને અર્પવું પડે. પછી તો દિવ્યચેતના જાગૃત થઈ જાય છે. ગંગાસતી પદમાં અંતે એ જ વાતનું ઉચ્ચારણ કરતાં કહે છે :

> ''તન, મન, ધન જે પ્રભુને અર્પેને,
> ધન્ય થઈ જાય નરને નાર રે,
> ગંગાસતી એમ બોલિયાં રે, પાનબાઈ !
> પ્રભુ પધારે તેને દ્વાર રે.''

જે મનને દૃઢને નિશ્ચલ રાખી શકે, જેમનું ચિત્ત પ્રભુને સમર્પિત હોય એ માનવ આઠો પ્રહર ધન્યતાનો અુભવ કરી શકે છે.

ગંગાસતીના ભજનો તત્ત્વ-યોગ નિષ્ઠાની પરમ ઉપજ છે. સંખ્યાની દૃષ્ટિએ ભલે ગંગાસતી પાસેથી ઓછાં પદો પ્રાપ્ત થતાં હોય પણ એમણે જગતના સત્યનું ને તત્ત્વનું જે ગાન કર્યું છે તેમાં જ્ઞાન, ભક્તિને યોગ ત્રણેયનો ત્રિવેણીસંગમ છે. ગોહિલકુળની આ પુત્રવધુએ પોતાની અનુભૂતિને જગત સામે આલેખીને માનવજાતને એક સોનેરી રાહ બતાવી છે. ધન્ય છે ગુર્જરી ધરા જેને ગંગાસતી જેવા સંત મળ્યા.

## (૧૬) 'ભૂલ્યાં ભટકો છો'- એક આસ્વાદ

'ભૂલ્યાં ભટકો છો બાર, માર હંસલા
કેમ ઊતરશો પારે ?
જડી હળદર ને હાટ જ માંડ્યું, વધી પડ્યો વેપાર;
સાવકાર થઈને ચડી ગયો તું, માયાને એંકાર.
-મારા હંસલા.......
ભેખ લઈને ભગવાં પેર્યા, ભાર ઉપાડ્યો ભારે;
ઈમાન વિનાનો ઉપાડી જાશે, લખ ચોરાશી લારે.
-મારા હંસલા.......
લોભાઈ રિયો ને નજર જ રાખી, શીદ ચડ્યા'તો શિકારે?
માર્યો ન મૃગલો, માંસ ન ભરખ્યો, શું માહ્યો સંસારે ?
-મારા હંસલા.......
એંકાર મત કર આતમા,તું જોઈ લે મનને વિચારે;
દાસી જીવણ ભીમને ચરણે, પરગટ કહું પોકારે.
-મારા હંસલા, કેમ ઊતરશો પારે ?
- દાસી જીવણ

ગુજરાતના સંતકવિઓની પરંપરામાં દાસી જીવણનું સ્થાન પ્રથમ પંક્તિમાંનું છે. 'રાધાના અવતાર' તરીકે ઓળખાયેલાં આ સંત કવિ રવિ-ભાણ સંપ્રદાયના અગ્રણી સંતકવિ છે. દાસી જીવણની વિશેષતા એ છે કે એમણે નિર્ગુણ-નિરાકારની સાથે સગુણ-સાકારની ઉપાસનાનો સુભગ સમન્વય સાધ્યો છે. તેજસ્વી સંત ભીમસાહેબના આ શિષ્યે ગુજરાતી કવિતાને અનેક નવ્યરૂપકો ભેટ ધર્યા છે. કટારી,



બંગલો, હાટડી, બંસરી, મોરલો, હાટડી, ઝાલરી, હંસલો, મૃગલો - જેવા રૂપકો તો આજે પણ આટલાં જ લોકભોગ્ય રહ્યાં છે. દાસી જીવણે જ્ઞાન-વૈરાગ્ય, બોધ-ઉપદેશ, પ્રેમભક્તિનાં અનેક પદો રચ્યાં છે તેમાંનુ આ પ્રસ્તુત પદ ખુબ જ લોકપ્રિય પદોમાંનુ છે.

માયાનો પ્રપં તો મહા નઠારો છે. ચિત્ત-વૃત્તિના ત્રિગુણોને હાથવગા રાખીને પોતાની માયાવીમાં તેને નચાવ્યાં કરે છે. આ માયા જ મનમાં દ્વિધા જન્માવે છે અને દ્વન્દ્વો સર્જે છે. એની ગતિમતિ તો આપણા ઋષિમુનીઓ જ નહીં ખુદ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ પણ પામી શક્યાં નથી. આજના જમાનામાં ટી.વી ઉપર જે લલચામણી વ્યાપારિક જાહેરાતો આવે છે તેથી ગ્રાહક હોંશે-હોંશે એ ખરીદે છે, પણ એ ગ્રાહકને છેતરાયાની અનુભૂતિ સિવાય બીજું કશું જ મેળવવાનું હોતું નથી તેમ આ ભ્રમિત મન પણ આખરે તો છેતરાયાનો જ ભાવ અનુભવે છે. ષડ્‌રિપુથી ત્રસ્ત આત્મા ગ્લાનિ અનુભવે છે. આ મોહ-માયાના પડળોને હટાવવા તો ઈચ્છે છે જ ને છતાં એ ઊંડા ગરકાવ જ થતો જાય છે. આ જગતની ભૂલભૂલામણીમાં થાય ખાતાં 'આત્મા'ને દાસીજીવણ 'હંસલા'નું રૂપક આપે છે. આ બંદીવાન હંસલાને કહે છે -

''ભૂલ્યાં ભટકો છો બાર, મારા હંસલા
કેમ ઊતરશો પારે ?''

આત્મારૂપી આ હંસલો તો દાગવિહોણો - કલંકવિહોણો છે, એને કોઈ રંગની છાંટ ક્યારેય રંગી તો ન જ શકે. છતાં એમની ફરતે માયાની આભા એવી તો રચાય જાય છે કે એ ગૂંગળામણ જ અનુભવે છે. તે આ માયાના ફંદામાંથી ભાગવા મથે છે જ પણ

મોહ-માયાની એટલી પક્કડ છે કે જેને સ્વતંત્ર વિકસવા દેતી નથી. જો માનવજન્મના ફેરાને સફળ બનાવવો હોય તો આ મેલો અંચલો તો ત્યજવો જ પડે. આ પ્રપંચીમાયાના મૂળને ઊખાડવા પડે.

'અહમ્' તત્ત્વ માનવજાતનો સૌથી મોટો દુશ્મન છે. એમના ભીતરના સાચા કલેવરને આ અહંકાર દબાવી દે છે. થોડું પામ્યાં એટલે સર્વેસર્વા બની ગયા, આ અહંકાર મહારોગ થઈ પડે છે. જેનો કોઈ ઈલાજ જડતો નથી, એવા આ રોગમાંથી કોઈ મહાપુરુષ જ બચી શકે. જે સારાસારનો વિવેક કળવા દેતો નથી એ 'અહમ્' શું કામનો ? આવા અહંકારીને કોરડો વીંજતા કબીર કહે છે -

''બડા હુઆ તો ક્યા હુઆ જૈસે પેડ ખજૂર,
પંથી કો છાયા નહીં ફલ લાયે અતિ દૂર.''

ખજૂરીનું ઝાડ ઘણું ઊંચુ હોવા છતાં એ પથિકોને છાંયડો નથી આપતું, અરે એનાં ફળ (ખજૂર) પણ અતિ ઊંચે લાગે છે. પોતાની અસ્સલ સંપત્તિ કઈ ? એ તો અહંકારને ખદેડ્યે જ મળવાની. એની પામવા માટે પ્રથમ અનિવાર્ય શરત છે ''મોટાપણું'' ત્યજવું. આ કર્મ કઠિન છે ને છતાં વિરલ સંતોએ આ માર્ગ અપનાવ્યો જ છે. દાસીજીવણ કહે છે,

''જડી હળદર ને હાટ જ માંડ્યું, વધી પડ્યો વેપાર;
સાવકાર થઈને ચડી ગયો તું, માયાને એંકાર.''

ગુજરાતીમાં કહેવત છે 'સૂંઠને ગાંગડે કાંઈ ગાંધી થવાય ?' થોડું મળ્યું એમાં કાંઈ મોટા વેપારી થઈ જવાતું નથી. મોટો વેપારી તો મારો નાથ છે. આત્મરૂપી હંસલો જે માયાની અટપટી કેડીએ અટવાયો છે તેનું મુખ્ય કારણ છે. - અહંકાર. આ મિથ્યાભિમાન આંતરવૃત્તિને જગાડ્યા વિના સત્વ કળાતું નથી. નરસિંહ મહેતાએ



પણ આ બાબતે ટકોર કરી છે -

''હું કરું, રહુ કરું, એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જયમ શ્વાન તાણે;
સૃષ્ટિ-મંડાણ છે સર્વ એણી પેરે,
જોગી જોગેશ્વરા કોઈક જાણે.''

જ્યાં લગી આ તરણારૂપી અહંકારનો અંચલો ચિરાશે નહીં ત્યાં સુધી તેની પડ છે ડૂબેલો જ્ઞાનરૂપ પર્વત ક્યારેય કળાશે નહી. થોડું મળ્યે શાહુકાર થઈને ફર્યે શું ઊકળવાનું છે. 'દાસી જીવણ આ અહંકારને નાથવાની સલાહ આપે છે.

''ભેખ લઈને ભગવાં પેર્યા, ભાર ઉપાડ્યો ભારે;
ઈમાન વિનાનો ઉપાડી જાશે, લખ ચોરાશી લારે.''

ટીલાં-ટપકાં કે ભગવો ભેખ જેવા બાહ્ય કલેવરો તો બાહ્ય જૂઠો પ્રપંચ છે. બાહ્ય પરિધાન ધારણ કરવાથી આંતર ચેતના કાંઈ સમૃધ્ધ થઈ જતી નથી. આપણાં આખાબોલા તત્ત્વવેતા અખાએ આવા લોકોને ચાબખો મારીને ભારે ઢીબ્યાં છે. તુલસીદાસની એક જાણિતી ચોપાઈ છે -

''તુલસી તિહાં ના જોઈઓ, જ્યાં કપટી કાહેત,
મુખ મીઠી બાતાં કરે, સંત કટારી પેટ.''

બાહ્ય ક્લેવર તો માત્ર ભભકો છે, એને ચડતાં કે ઊતરતાં કેટલીવાર ? આ માનવજનમ મહામૂલો છે. એને સફળ બનાવવો હોય તો મનની ભીતરના શત્રુઓને જીતવા સ્વયમ્ યોદ્ધા બનવું જ ઘટે. જે ષડ્રિયુઓથી જીતે તે શૂરા. તમામ વાઘાઓ ઉતારી નિર્વિકારી થવાથી જન્મ-મરણની આ અટપટી આવન-જાવનથી બચી શકાય.

કબીર આવા મોહ-માયાથી બંધિત લોકોને કહે છે -

"મોહ ફંદ સબ ફાંદિયા, કોઈ ન સકે નિરવાર,
કોઈ સાધૂજન પારખી બિરલા તત્ત્વવિચાર."

મોહનાં ફંદામાં બધા જ ફસાયેલાં છે. એને ટાળી શકાતું નથી. તત્ત્વદૃષ્ટિથી વિચાર કરીને તેને પારખી લેનાર સતજન તો વિરલ જ હોય છે. આ મોહ-માયાનીજાળને તોડવી જ ઘટે.

"લોભાઈ રિયો ને નજર જ રાખી, શીદ ચડ્યા'તો શિકારે?
માર્યો ન મૃગલો, માંસ ન ભરખ્યો, શું માહ્યો સંસારે ?"

દાસી જીવણ 'આત્મા'ને 'હંસલો' અને 'મન'ને 'મૃગ'નું સુંદર રૂપક અર્પે છે. મનરૂપી મૃગને મારવાની વાત આપણાં અનેક સંતોએ વારંવાર કરી છે. જે આતમરૂપી હંસલો મનરૂપી મૃગલાને મારી શકે - વશ કરી શકે તેઓ આધિ-વ્યાધિ અને ઉપાધિની જટિલ ગૂંગળામણમાંથી બચી શકે. મનની આશા-આકાંક્ષા, અભિલાષાની પ્યાસ તો કાયમ અતૃપ્ત રહે છે. આ એષણાં અતૃપ્ત જ રહેવાની હોય તો એને પૂર્ણ કરવાની ઘેલશા શા કાજે ? આ અજર-અમર આત્મા સત્વનો ચારો તો ત્યારે જ ચરી શકે, જ્યાં ચિત્ત નિર્મળને નિર્વિકારી હોયે. ગીતમાં કહેવાયું છે -

**"यतो यतो निश्चरति मनश्चग्चलमूस्थिरम् ।
ततस्ततो नियम्यैतहात्मन्देव वशं नयेत् ॥**

ગીતા - ૬-૨૬

અર્થાત્ : ચંચળ અને અસ્થિર મન જે જે વિષયમાં વિચરતું હોય તે વિષયમાંથી પાછું વળીને આત્મામાં જ સ્થિર કરો."



માનવજાત જીતીને ભલે ગમે તેટલો વૈભવ પામે પણ આ બધી જીતોની પાછળ એ હારે જ છે. કારણકે એમણે પરમાત્મા જેવું અમૂલ્યમોતી ગુમાવ્યું છે. આ પરમતત્ત્વને પામવા જીવણસાહેબ કહે છે. -

"એંકાર મત કર આતમા,તું જોઈ લે મનને વિચારે;
દાસી જીવણ ભીમને ચરણે, પરગટ કહું પોકારે."

આ હંસલો તો અજ્ઞાનરૂપી કોટકડીની ભીતર કેદપણું જ અનુભવવાનો. જો માણસે પરમતત્ત્વનું સામિપ્ય અનુભવવું હોય તો અહંકારનું આવરણ - મ્હોરું ઉતારવું જ પડશે. દાસીજીવણ આ પદ એમનો આ પોકાર સંભળાય છે.

દાસીજીવણનું આ ભજન ઘણું જ ઉપકારક બની રહે છે. ગુરુ ચરણ આ બધી જ સમસ્યાનું નિરાકરણ છે. ભીમસાહેબના ચરણે દાસીજીવણે માથું મુક્યું પછી એને કોઈ દ્વિધા હોય શકે ખરી ! ઉપરોક્ત પદ આજપર્યત ભક્તોના કંઠે વહ્યાં કરે છે, એ જ એની સિદ્ધિ છે.

## (૧૭) 'મન મસ્ત હુઆ તબ ક્યો બોલે'- એક આસ્વાદ

મન મસ્ત હુઆ તબ ક્યો બોલે
હીરા પાયો ગાંઠ ગઠિયાયો, બારબાર બાંકો ક્યોં ખોલે,
હલકી થી તબ ચઢી તરાજૂ, પૂરી ભઈ તબ ક્યો તોલે.

સુરત કલારી ભઈ મતવારી, મદવા પી ગઈ બિન તોલે,
હંસા પાયે માનસરોવર, તાલ તલૈયા ક્યોં ડોલે.

તેરા સાહબ હે ઘર માંહી, બાહર નૈના ક્યો ખોલે,
કહૈ કબીર સુનો ભાઈ સાધો, સાહબ મિલ ગયે તિલઓલે.

- કબીર સાહેબ

ભારતભૂમિ તો મહાપુરુષોને સંતોની પાવન ભૂમિ છે. અનેક સંતોના પાવન પગલાંએ આ ભૂમિને પવિત્ર પાવન બનાવી છે. ભારતવર્ષમાં હજારો સંતો થયાં હશે પણ એમાં કબીર સાહેબ તો અનોખ ને અસાધારણ સંત છે. પૂર્ણીમાંના ચાંદ જેવા સોળે કળાએ ખીલેલા આ સંતે ભારતવર્ષને અનેક નવી દિશાઓ ચીંધી છે. કબીરનું નામ અંધકારમાં દીપકની જ્યોત જેવું ઝળહળતું છે. કબીર વ્યક્તિવાચક તત્ત્વના પૂજારી નથી. કબીરને પહેલાં સંત કહેવા ? જ્ઞાની કહેવા કે પછી સુધારક ? - કદાચ સંશોધનનો મોટો વિષય બની શકે એમ છે.

"મન મસ્ત હુઆ તબ ક્યો બોલે."

આત્માનુભૂતિની આ પરમકાટિની વાત કબીર ખુબ જ સરળતા ને સહજતાથી અભિવ્યક્ત કરે છે. મનનું મસ્ત થવું એટલે આત્માનંદની પરમ કાટિ. પૂર્ણતા પછી શું ? કશું જ નહીં. જયારે આત્માને



પરમત્ત્વની ઝાંખી થઈ જાય, પરમાત્મા સાથે સાયુજય રચાય જાય પછી બીજું શું કરવાનું કે કહેવાનું હોય ! આપણે ત્યાં ગુજરાતીમાં એક કહેવત છે.

"ભરેલો ઘડો છલકાય નહીં"

આ વાતને કબીર ઉદાહરણસહિત સમજાવે છે. જયારે આત્માને પૂર્ણત્વ લાધે છે એ પછી એને કોઈ જ જિજીવિષા રહેતી નથી. એ તો આનંદમગ્ન બનીને વિહર્યા કરે છે. ભીતરમાં ઊભરાતી આનંદની હેલી સાથે એ તો મદમસ્ત બનીને એનો આકંઠ આનંદ માણ્યાં કરે છે. જિજીવિષા તો અધૂરપમાં રહેલી હોય, જ્યાં પૂર્ણતા છે એ પછી બાકી કશું જ રહેતું નથી. એટલે જ કબીર - 'મન મસ્ત હુઆ તબ ક્યો બોલે' કહે છે.

કબીર તત્ત્વજ્ઞાનનું ઉતુંગ શિખર છે. તેમનું ચિંતન, મનન એ સ્વાનુભવનું છે. આત્માનુવ એ જ શ્રેષ્ઠતમ છે. કબીરને પરમત્ત્વની ઝાંખી થઈ ચૂકી છે. ધનો ભગન કહે તેમ :

"રામબાણ વાગ્યાં હોય તે જાણે !
પ્રભુના બાણ વાગ્યાં હોય તે જાણે,
ઓલ્યા મૂરખ મનમાં શું આણે?
રામબાણ વાગ્યાં હોય તે જાણે."

કબીરમાં આત્માનુભૂતિની સચ્ચાઈનો રણકો બોદો નથી વાગતો, એમાં સચ્ચાઈની પડઘો સતત ગૂજ્યાં કરે છે આથી જ તો કહે છે -

"હીરા પાયો ગાંઠ ગઠિયાયો, બારબાર બાંકો ક્યોં ખોલે,
હલકી થી તબ ચઢી તરાજૂ, પૂરસ ભઈ તબ ક્યો તોલે."

અસંતોષ અધૂરણમાં હોઈ શકે. પામ્યાં પછી તો બસ પૂર્ણત્વ જ પ્રાપ્ત થઈ જાય છે. કબીર આ વાતને વિધ્‌વિધ્‌ દૃષ્ટાંતોથી સમજાવે છે. રસ્તામાંથી હીરો મળ્યો ગજવામાં - ખિસ્સામાં મૂકી દીધો પછી તેને વારંવાર કાઢીને જોવાનો શો અર્થ ? પરમેશ્વરની પ્રાપ્તિ થઈ ગઈ પછી એની વારંવાર સાબિતી-પરીક્ષા કરવાનો કોઈ જ અર્થ નથી. હીરો મળ્યાં પછી એને વારંવાર તપાસીને જોવાની રીતિમાં સંદેહ છે - પૂર્ણ વિશ્વાસનો અભાવ છે. જ્યાં સંદેહ છે ત્યાં ઈશ્વરનું અસ્તિત્વ પણ એક સંશય બની જાય છે. ઈશ્વરની પ્રાપ્તિએ પૂર્ણતા છે - નિઃસંદેહ છે. એને વારંવાર એરણની કસોટી પર ચકાસવાનો કોઈ અર્થ નથી. કબીર બીજું ઉદાહરણ ટાંકતા કહે છે :

"હલકીથી તબ ચઢી તરાજૂ, પૂરી ભઈ તબ ક્યોં તોલે."

ત્રાજવાનું એક પલ્લું જમીન પર ટેકાય ગયા પછી એમાં ગમે તેટલો વજન મૂકો તો પણ એનો કોઈ અર્થ રહેતો નથી. કબીર વધુ ઉદાહરણ ટાંકતા કહે છે -

"સુરત કલારીભઈ મતવારી, મદવા પી ગઈ બિન તોલે,
હંસા પાયે માન સરોવર, તાલતલૈયા ક્યો ડોલે."

મયપરસ્તી થોડી પીવી કે ઝાઝી, શરાબ નશો જ કરાવી શકે તો પછી થોડી-થોડી પીવાનો કોઈ અર્થ નથી, મરવું તો બહાદુરીથી ઘૂટ-ઘૂટ કે મરને કા ક્યા અર્થ ? હંસવું તો દિલ ખોલીન હંસવું હોઠ દબાવીને હંસવાનો શો અર્થ? કબીર સાહેબ કહે છે, 'મદવા પી ગઈ બિન તોલ'- મદવા મદ્ય જ છે, જો પીવી હોય તો ધરાયને પીવી જોઈએ, એમ પૂજા-અર્ચના, ઘડીક નિંદા, ઘડીક હર્ષ-શોક કે સુખ-



દુઃખ એવા ભાવ લાવવાનો કોઈ જ અર્થ રહેતો નથી. કબીર પરમાત્માને પ્રેમથી જોવાની, હૃદયને સંતૃપ્ત કરીને નિહાળવાની વાત કરે છે. એકવાર જેને પરમેશ્વરની પ્રાપ્તિ થઈ તેણે પછી આ બાહ્ય ક્લેવર ગ્રહવાનો કોઈ અર્થ નથી. હંસા તો માનસરોવર જ ચાહે એ ખાડા ખબચિયાને પૂજે ખરા ? 'હંસા પાયે માન સરોવર, તાલતલૈયા ક્યો ડોલે.' કબીર અહીં હંસરૂપી આત્માને પરમાત્મારૂપી માનસરોવરની પ્રાપ્તિ થયા પછી આ સાંસારિક આધિ, વ્યાધિ, ઉપાધિ - વગેરેમાં ન પડવાનું સૂચન કરે છે.

કબીર સાહેબ પરમતત્ત્વની પ્રાપ્તિ પછી આ સાંસારિક મોહપાશના બંધનોને સ્વીકારતા નથી. એ માટે સુંદર દલીલ કરતાં કહે છે :

"તેરા સાહબ હૈ ઘરમાં હી, બાહર નૈના ક્યો ખોલે,
કહૈ કબીર સુનો ભાઈ સાધો, સાહબ મિલ ગયે તિલ ઓલે."

માણસને ઘણીવાર સાચા હીરાની ઓળખ થતી નથી. હાથમાં આવેલો હીરો તેના માટે પથ્થર સમાન બની રહે છે. ગુજરાતીમાં એક કહેવત છે - 'તરણા ઓથે ડુંગર'. ફક્ત પ્રાપ્તિનો સાચો રસ્તો માનતા નથી કારણકે, - 'તેરા સાહબ હે ઘરમાંહી.' આત્માની અંદર જ પરમાત્મા છે. જો આપણે આત્માને પરમાત્માનો જ અંશ માનતા હોઈએ તો પછી પરમેશ્વરને મંદિર, મસ્જિદ કે ચર્ચ-ગુરુદ્વારમાં જ શોધવાની શી જરૂર ? 'ઘટઘટમાં બિરાજે' એવા આ પરમઅંશની ઓળખાણ કરવા - પામવા બહાર 'ભૂલ્યાં-ભટક્યાં' ની શી જરૂર ? કબીર આ વાતને દોહરાવતાં કહે છે કે, ફક્ત એકવાર હૃદયમાં ઝાંખી કરીશું તો આપણાં માંહ્યલાં જ સાહેબ બિરાજે છે.

કબીર તત્ત્વજ્ઞાની છે એક એવો જ્ઞાની કે જે પરંપરિત જ્ઞાન-ભક્તિની કેડી છોડીને એક નવો જ માર્ગ કંડારે છે. કબીરમાં અંધશ્રધ્ધાને ક્યાંય સ્થાન નથી. તત્કાલ સમાજમાં (જે આજે પણ છે જ) જે અંધશ્રદ્ધા પ્રવર્તમાન હતી તેની સાથે કબીર રીતસરની બાથ ભીડી છે - કહીએ કે જેહાદ છેડી છે. કબીર જ્ઞાની ઉપરાંત એક મોટાં સુધારક પણ છે. રાજારામ મોહનરાય, દયાનંદ સરસ્વતી, ડૉ. આંબેડકર, ગાંધીજી એ તો પછીથી આવે છે. કબીર જે સમયે અંધશ્રદ્ધા સામે રણશીંગું ફૂકે છે તે સમયે તો કહેવાતા ધર્મગુરુઓની હાક વાગતી હતી. કબીરની દલીલો આગળ આ સૌ ધર્મગુરુ વામણાં સાબિત થાય છે - ફિક્કા લાગે છે.

આજે પણ કબીરના પદો - દુહાઓ એટલાં જ પ્રસ્તુત છે. કબીર ખરેખર સાચા અર્થમાં ભારતવર્ષનું અણમોલ રતન છે. - ''ધન્ય કબીરા !''



## (૧૮) ''કોઈ સુનતા હે...''- એક આસ્વાદ

કોઈ સુનતા હે ગુરુજ્ઞાની,
ગગન મેં અવાજ હોતી ઝીની ઝીની
પહેલી ઉત્પત્તિ નાદબિંદુ કી, પીછે જમાયા પાની,
પૂરણ બ્રહ્મ તો પૂર રહ્યાં હે, અલખ પુરુષ નિરબાની.
કોઈ સુનતા હે...
સતગુરુ પાયા પટા લખાયા, તૃષ્ના ગઈ બુઝાની,
વિખરસ છાંડ અમીરસ પીયા, ઉલટી રાહ પિછાની.
કોઈ સુનતા હે...
ઓહં-સોહં બાજાં બાજે, ત્રિકૂટિ ધ્યાન સમાની,
ઈંગલા પિંગલા સુખમન નારી, શ્વેત ધજા ફહરાની.
કોઈ સુનતા હે...
કહે કબીર સુનો ભાઈ સાધુ, યાહી અગમકી બાની,
દિલભર હમ હી નજરે દેખ્યા, અજર અમર નિશાની.
કોઈ સુનતા હે...

- કબીર સાહેબ

બ્રહ્મ નિરાકારને અપરંપાર છે. એના રહસ્યોનો તાગ પામવો કઠિન કર્મ છે. જગતમાં પ્રતિ મિનિટ ગેલેલિયો જન્મે કે આઈન્સ્ટાઈન્સ, બ્રહ્માંડના ભેદને પામવા જગતના ભૌતિક ઉપકરણો અક્ષમ નીવડે. ગુજરાત કહેવત પ્રમાણે 'પનો ટૂંકો પડે' પણ બ્રહ્માંડને જાણી જ ન શકાય એવું નથી, અંતરાત્માની ખોજ કે આત્મમંથન થકી બ્રહ્માંડના મૂળતત્ત્વને પામી શકાય છે. આપણાં કેટલાયે સંત-પુરુષો બ્રહ્મનો સાક્ષાત્કાર કરી ચૂક્યાં છે - કરી શકે છે.

કબીરનું સ્થાન ભારતીય સંતપરંપરામાં ઘણું જ મહત્ત્વનું છે. કબીરની અનુભવ સિદ્ધવાણીનો પડઘો માત્ર કબીરમાં જ નહીં આજપર્યંત અનેક સંતો-ભજનિકો-ઉપદેશકોના શબ્દોમાં અનુભવાય છે. કબીરવાણી આત્માનુભવનું બયાન છે. સ્વાનુભવે કબીરે જગતને - જગતના ષડ્રિયુઓને - અંધશ્રદ્ધાને - જોઈ છે. કબીર એક અલગારીને નખશિખ મનમોજી અને સૂફી સંત છે. કબીરની વાણી એટલી બધી સ્વયમ્ સ્પષ્ટને અસરકારક છે કે દંભી અને પાખંડી સમાજથી હારેલાં-થાકેલાં લોકો કબીરને વધાવે છે. સત્યને રજૂ કરતા કબીરના ભજનો સર્વધર્મના લોકોને સ્પર્શે છે.

'કોઈ સુનતા હે ગુરુજ્ઞાની...' ભજન કબીર લોકપ્રિય ભજનમાંનું એક છે. આ બ્રહ્માંડની ભીતર કોઈ ભેદી નાદ ગૂંજી રહ્યો છે. એ જ નાદનો રણકાર દરેક પ્રાણીમાત્રની ચેતનામાં, ચેતોવિસ્તારમાં અવિરત ગૂજ્યાં કરે છે. છતાં, આ મધુરવ કોઈ જાણતલ જ અનુભવી શકે છે. કબીર કહે છે તેમ -

"કોઈ સુનતા હૈ ગુરુજ્ઞાની
ગગન મેં અવાજ હોતી ઝીની ઝીની."

માનવને ઈશ્વરે બે કાન આપ્યાં છે. કાન દ્વારા જગતના વિવિધ અવાજોને સાંભળી શકે છે. કબીર અહીં 'ગગન મેં અવાજે - ગગનમાં જે નાદ ગૂંજી રહ્યો છે તેને સૂણવા માટે કર્ણપટલ ઉપકારક નથી. કર્ણથી જે સંભળાય છે તે તો છે બાહરી દુનિયાનો ઘોંઘાટ. સંતપુરુષો બાહ્યજગતના અવાજ કરતા ભીતરમાં રણકતા નાદને સાંભળે છે. ગગનમાં ગૂંજતો અનાહદનાદ અને ભીતરમાં રણકતો નાદ બેઉં એક જ છે. જે ભીતરના નાદને ઓળખી શકે એ જ બ્રહ્માંડની ભીતર ગૂંજતો ભેદીનાદ પણ પામી શકે - ઓળખી શકે.'



કબીરવાણીને પામવી કઠિન છે. કબીરની વાણી માત્ર સર્જન ખાતરનું કર્મ નથી. તેનાં ભજનો તો અનુભવસિદ્ધ છે. - અંતરાત્માનો અવાજ છે. કબીર અનાદિકાળની વાતને ઘણી સરળતાથી સમજાવે છે -

"પહેલી ઉત્પત્તિ નાદબિંદુકી, પીછે જમાયા પાની,
પૂરણ બ્રહ્મ તો પૂર રહ્યા હે, અલખ પુરુષ નિરબાની."

'નાદ' અને 'બિંદુ'એ કાલાતીત છે. જગતની ઉત્પત્તિ પહેલાં પણ 'નાદ' અને 'બિંદુ' તો હતાં જ. 'બિંદુ' પૂર્વે સર્વ બ્રહ્માંડ 'નાદ' જ હતો. વાયુરૂપે ઘૂમરાતો નાદ સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપ્ત છે. સર્વતત્ત્વમાં એમની હાજરી છે. નરસિંહનું અનુભવજ્ઞાન પણ આ વાતને સ્વીકારે છે -

"અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવેરૂપ અનંત ભાસે,
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વતું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે."

કબીર 'ગુરુમહિમા'ને ખુબ જ મહત્ત્વ આપે છે. સદ્ગુરુની ખોજ વિના બ્રહ્માંડ યાત્રા શક્ય નથી. ગુરુની પ્રાપ્તિ વિના જગતને તેનાં સાચા સ્વરૂપે પામવું મુશ્કેલ છે. ગુરુની પારસમણિરૂપી વાણીનો સ્પર્શ જે કોઈ વ્યક્તિને થાય છે, તે વિષરહિત બની જાય છે. એમનું ભીતરનું વિશ્વ વિસ્તરે છે ને ચૈતન્યાનુભૂતિ કરાવે છે. દાસીજીવણની વાણીની આ પંક્તિઓમાં પણ ગુરુમહિમાગાનનો એ જ અવાજ છે.

"સતગુરુ મેરે ગાહુડી
કીધી મુજ પર મ્હેર,
મોરો કીન્હો મરમરો
ઊતર ગયો સબ ઝેર."

સદ્‌ગુરુ સૂક્ષ્મથી સૂક્ષ્મ એવા તત્ત્વોનો અનુભવ કરાવી, મનને વિષય-વાસના અજગર ભરડામાંથી છોડાવી કબીર કહે છે, -''

"સતગુરુ પાયા પટા લખાય, તૃષ્ના ગઈ બુઝાની,
વિખરસ છાંડ અમીરસ પીયા, ઉલટી રાહ પિછાની."

ગુરુમંત્રના કારણે મન વિષયોમાંથી છૂટકારો મેળવી અમૃતરસ પીએ છે. સતગુરુ પાસે પારસમણિ છે. એ લોખંડરૂપી માયાના બંધનમાં ફસાયેલ માનવ સોનું બની જાય છે. પારસમણિની વિશેષતા એ છે કે સોનુ ફરીથી લોખંડ બની શકતું નથી. ગુરુવચનને કારણે જ મન મોહ-માયાના ફંદામાં ફસાયેલું હતું તેને બદલે એ એ જ ષડ્‌રિયુનો વધ કરી દે છે. કબીર કહે છે તેમ 'ઉલટ રાહ પિછાની' ચિત્તમાં વ્યાપ્ત ષડ્‌રિપુને મારવાથી - ઉલટ કરવાથી આત્મજ્ઞાનની 'સુલટ'ની ઝાંખી થાય છે. આ જગત 'સ્વપનવત્' છે. એ સ્વપ્ન 'માયા' સાથે સંબંધ ધરાવે છે. આ માયાનું આવરણ હટતા ચૈતન્યથી ચિત્ત તદ્રૂપ બની જાય છે.

"ઓહં-સોહં બાજાં બાજે, ત્રિકૂટિ ધ્યાન સમાની,
ઈંગલા પિંગલા સુખમન નારી, શ્વેત ધજા ફહરાની."

'જીવ' અને 'શિવ' - જુદા નથી. ઓહં-જીવ અને સોહં-શિવ. કબીર જીવ અને શિવના અદ્વૈતનો સંપૂર્ણ સ્વીકાર કરે છે. અદ્વૈતાનુભવની "**जीवो ब्रह्मैव**" (જીવ બ્રહ્મ જ છે) '**तत् त्वम् असि**' 'તે જ તું' એ પ્રતીતિમાં બ્રહ્મભાવમાં પૂર્ણસ્વરૂપ આકારિત થાય છે. ઈંગલા-પીંગલા અને સુષુમ્ણા-ત્રણે નાડીઓની જાગૃતિ સૌન્દર્યજ્યોતિરૂપ ધજા ફરકાવે છે. અહીં જ્યોત જલે છે ત્યાં દીવેટ, તેલ કે જ્યોત નથી. આ જ્યોત તો સ્વયૃ પ્રકાશમાન છે. વળી આ જ્યોત નજરે જોવાની ચીજ નથી, એ તો અવિનાશીને અકળ છે.



'બ્રહ્મ' અનુભવ અનુભૂતિજન્ય છે. જે સવમ્‌કર્મથી ઈંગલા, પિંગલા અને સુષુમ્ણાની જાગૃતીથી જ પામી શકાય. આ જાગૃતિ પછી સર્વત્ર શ્વેતધજા ફરફરી ઊઠે છે - બધાં જ રાગદ્વેષ ઓગળી જાય છે. નરસિંહનો પણ આવો જ અનુભવ છે -

"બિન નયનન છબી દેખના
બિન સ્ત્રવનન ઝનકારી."

આ અરૂપનું દર્શન અને અશ્રૃતનું શ્રવણ સંતો જ કરી શકે. કબીર કહે છે -

"કહે કબીર સુનો ભાઈ સાધુ, યાહી અગમકી બાની,
દિલભર હમ હી નજરે દેખ્યા, અજર અમર નિશાની."

આ અગમ નિગમને જાણવા ભીતરમાં જ ડૂબકી મારવી પડે. પૃથ્વીમાંથી જેમ ફુવારો ફૂટે તેમ 'આત્મા'માં તેજ ફુવારો ફૂટે છે અજ્ઞાનરૂપી અંધકાર દૂર થતા ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે. ત્યારે હૃદયમાંથી ગુરુનાનકના શબ્દો સરી પડે-

"બલિહારી કુદરતિ બસિયા
તેરા અંતુ ન જાઈ લખિયા,
જાત મંહી જોતા, જોતિ મંહિ જાતા,
અકલ કલા ભર પૂરિ રહિઆ."

અર્થાત્ : સકલ પ્રકૃતિમાં વસનારા, તારી પર વારી જાઉં, તારો પાર પામી શકાય એમ નથી.

## (૧૯) "એરણ અજબ બનાયા"- એક આસ્વાદ

એરણ અજબ બનાયા, મેરા સતગુરુ !
એરણ અજબ બનાયા.
આગ મિલા કર એરણ થાપી,
ઘડીઆ તાર મિલાયારે જી,
નુરત સુરત કી નળિયું મિલા કે
ઉલટા પવન ચલાયા.
- મેરા સતગુરુ......
હરદમ હથોડા સુરતાની સાણસી,
શી કલ અકલ મિલા રે જી,
કબુધી કાંટે કેરા લકડા જલાએ હૈ
આતમકું ખૂબ તાયા.
- મેરા સતગુરુ......
સતકેરા સાયબ પ્રેમરસ પાયા,
તે મારી તલપ બુઝાયા રે જી,
મમતા મારી ભલા વશ કીયા
આતમકું સુખ આયા.
- મેરા સતગુરુ......
નાભિકમલ પર નાવ ચલત હે,
તિકોટિ ધ્યાન લગાયા રે જી,
મછંદર પ્રતાપે ગોરખ બોલ્યા
અમ્મર આરા થપાય,.
મેરા સતગુરુ એરણ અજબ બનાયા.

-ગોરખનાથ



ભારતવર્ષમાં અનેક સંપ્રદાયો છે, તેમાં "નાથ સંપ્રદાય" પોતીકી છાપ ઊભી કરે છે. નાથસંપ્રદાયમાં ગોરખનાથનું સ્થાન અનન્ય છે. તેઓ આ યોગમાર્ગના આદ્યપ્રણેતા મત્સ્યેન્દ્રનાથના પરમશિષ્ય છે. ગુજરાતીમાં એક કહેવત છે - 'ગુરુ કરતાં શિષ્ય સવાયો' એ ઉક્તિ ગોરખનાથના શિષ્યપણાંએ સાર્થક કરી બતાવી છે. યોગમાર્ગનો ફેલાવો કરવામાં ગોરખનાથનું પ્રદાન અદ્વિતીય છે.

ગોરખનાથના ભજનોમાં ગુરુમહિમાનો વિશેષ પુરસ્કાર થયો છે. ગુરુમહિમાનું ગુણગાન કરતાં ગોરખ માત્ર ગુરુના આદેશની જ પ્રતીક્ષા સેવે છે. - 'આદેશ ગુરુદેવ.' 'આદેશ ગુરુદેવ'- નો ઘોષ ગોરખની વિશેષ ઓળખ છે. ગોરખના એક પદમાં ગુરુ મહિમા આ રીતે ગવાયો છે-

"જે આસા તે આપદા,
જે અંસા તે સોગ;
ગુરુમુખિ બિના ન ભાજસી;
ગોરખ યે દૂન્યો બડ રોગ."

અર્થાત : "આશા કરી એટલી આપત્તિ અને સંશય રાખ્યો તેટલો શોક. આ ઊભય ભારે રોગ છે. સદ્‌ગુરુ પાસેથી તેનું નિરાકરણ લાવ્યા વિના એ રોગ દૂર થતો નથી."

સદ્‌ગુરુની કૃપાદૃષ્ટિને કારણે આ નશ્વરદેહ અજર અમર બની જાય છે. સદ્‌ગુરુ સર્વજ્ઞજ્ઞાતા છે. એમની પાસે એવું એરણ છે કે પોતાના જ્ઞાનરૂપી હથોડામાંથી ટીપી ટીપીને આ ક્ષણભંગુર દેહને અનેરો ઘાટ અર્પે છે. જેના ઉપર ઘા સહવા સમર્થ બની જાય છે. ગોરખનાથ એવા ગુરુના ગુણગાન ગાતા કહે છે -

"એરણ અજબ બનાયા, મેરા સતગુરુ !
એરણ અજબ બનાયા."

ગુરુ અનેક યુક્તિ-પ્રયુક્તિના સમર્થ જાણકાર છે. એમની પાસે આત્મકુંડલિની જાગૃતીની તાકાત છે ને એનાં દ્વારા તો એમણે અજબનું એરણ બનાવ્યું છે. યોગાગ્નિ પ્રગટાવી ગુરુએ ઈડા-પિંગલા દ્વારા અવિરત ચાલતા શ્વાસોશ્વાસનુ નિયમન કરી સુષુમ્ણામાં ચલાવયો છે. 'ભગવત ગીતા'માં કહેવાયું છે -

**'ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते ।'**

'જ્ઞાનનો અગ્નિ સર્વકર્મોને ભસ્મ કી દે છે.' જેટલો સમર્થ જ્ઞાનાગ્નિ તેવો જ યોગાગ્નિ છે. ગોરખનાથ વાયુની સાધનાને મહત્ત્વની ક્રિયા ગણે છે. વાયુની સાધના એટલે પ્રાણના નિયમનની સાધના.

"આગ મિલા કર એરણ થાપી,
ઘડીઆ તાર મિલાયારે જી,
નુરત સુરત કી નળિયું મિલા કે
ઉલટા પવન ચલાયા."

અજ્ઞાનતાના પડળોના કટાયેલા તાળાઓ ખોલવા ગુરુચાવી સમર્થ સાધન છે. ઈડા-પિંગલાના નિયમન દ્વારા નુરત-સુરત (નિઃરતિ-એટલે ઉદાસીનતા અને સુરતિ-એટલે તલ્લીનતા)- આ ઊભયની પરમતત્ત્વની પ્રાપ્તિ માટે જાગૃતિ અનિવાર્ય છે. નુરતમાંથી ચિત્તને દૂર કરી સુરતિની ઝંખનામાં મનને આરૂઢ કરવું. આમ થવાથી ભ્રમણાં ભાંગે છે. સુષુમ્ણા દ્વારા ઊલટથી, શ્વાસ નિયમનથી પ્રાણ ઉર્ધ્વગતિ કરે છે. પછી મનની ભીતર એકતારો ગૂંજી ઊઠે છે. અનિવાર્ય છે બહિર્વૃત્તિને બદલીને આંતરચેતના દ્વારા અંતર્મુખવૃત્તિને જાગૃત કરવી. સદ્‌ગુરુ આ સર્વ દ્વિધાના જાણકાર છે, તે જ જ્ઞાનદર્શક દીપક



પ્રજ્જવલિત કરી શકે.

"હરદમ હથોડા સુરતાની સાણસી,
શી કલ અકલ મિલા રે જી,
કબુધી કાંટે કેરા લકડા જલાએ હૈ
આતમકું ખૂબ તાયા."

પ્રત્યેક શ્વાસોશ્વાસનો હથોડો બનાવી કાયાનું ઘડતર કરવાનું છે. સુરતાની સાણસી કરવી અલબત તલ્લીનતાને ગ્રહવી; તેના ઉપર સંપૂર્ણ પક્કડ મેળવવી. સતિ લોયણ કહે છે તેમ -

"જી રે લાખા ! ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો રે,
તમે મન રે પવનનો બાંધો રે હાં....
જી રે લાખા ! નુરતે નિરખો તે સુરતે પરખો રે,
તમે સુરત ! શુન્યમાં સાંધો રે...."

ધ્યાન-સમાધિમાં પ્રત્યેક શ્વાસોશ્વાસ, નુરતા-સુરતા ઉપર સાધકનું દૃઢ મનોબળ અનિવાર્ય ગણાય છે. એમનાં દ્વારા આંતર સમૃદ્ધિ લાવી શકે છે. સુરતાની સાણસી અને હરદમ હથોડાથી ચિત્તના પ્રત્યયની એકતાનતા સાધવાની પ્રક્રિયા છે.પતંજલિ એ યોગસૂત્રમાં કહ્યું છે તેમ -

**'तत्र प्रत्ययैकतानता ध्यानम् ।'**

(ધ્યાન એટલે ત્યાં(ધ્યેયમાં) ચિત્તના પ્રત્યયની એકતાનતા) ચિત્ત માયાના વમળોમાં ગૂચવાયેલું જ રહે છે, તેનું કોઈ નિશ્ચિત રૂપ નથી, કોઈ સ્વરૂપ નથી. અલબત્, 'અકલ' છે - કલા - વિહોણું છે. એક સુરતા લાધ્યાં પછી એ તમામ અ-કલા પરમતત્ત્વના સંસર્ગને કારણે કલામય બની જાય છે જે પરમપ્રકૃત્તિના ઘટકો સાથે તલ્લીન

થઈ તાદાત્મય અનુભવે છે. ગુરુ પાસે એવું તેજ છે - અગ્નિ છે જે ભસ્મીભૂત કરી દે છે. ગુરુએની તપશ્ચર્યાના બળે ત્રિવિધતાતનો સંતાપ હરીને શુદ્ધ-પવિત્ર બનાવી દે છે. ચંચળ મનની ભીતર જે વિષયાગ્નિ ભડભડ બળતો હતો તેનો નાશ થઈ ગયા પછી આત્મા નવપલ્લિત થઈ જાય છે.

"સતકેરા સાયબ પ્રેમરસ પાયા,
તે મારી તલપ બુઝાયા રે જી,
મમતા મારી ભલા વશ કીયા
આતમકું સુખ આયા."

ચિતાવસ્થાની સંપૂર્ણ જાગૃત્તિ એક મહત્ત્વનું અનુષ્ઠાન છે દરેક માણસે આ ક્રિયા કરવા જેવી છે. પરમતત્ત્વની ઝાંખી થતાં મનના સર્વ સંતાપ દૂર થતાં મન શાંત બની જાય છે. તેને કોઈ પ્રકારની જિજીવિષા કે તલસાટ રહેતો નથી. ત્યાં આનંદોત્સવ સર્જાય છે. રવિસાહેબ કહે છે તેમ -

"પુસ્તક કેરા મટ્યા પળો જા
ક્યા વાંચે પરગટ પાને ?
બાહિર ગાવે માંહી ઘોર અંધેરા
લેહ ક્યું આવે વિણ ધ્યાને?"

બ્રહ્મરસ જલદ તેજાબ જેવો છે. માત્ર બ્રહ્મજ્ઞાનની વાતો કે પુસ્તકિયાજ્ઞાનની પળોજણ મટી ગઈ. માણસ બ્રહ્મજ્ઞાનની ગમે તેટલી વાતો કરે પણ અનુભવ વિના અજ્ઞાનનું ઘોર અંધારું દૂર કરી શકાતું નથી. ગોરખનાથ પણ સ્વાનુભવને મહત્ત્વની ઘટના ગણે છે. ધ્યાન-યોગ દ્વારા એનો અનુભવ થઈ શકે છે. લુહારરૂપી ગુરુદેવ આ નશ્વરદેહને પોતાના અનુભવીજ્ઞાનથી નવપલ્લવત કરે છે જે કાળની



થપાટો ખમી શકવા સમર્થ બને છે. સદ્‌ગુરુની પ્રસાદીરૂપ એવા જ્ઞાનરૂપી હથોડાથી ઘડતર થયેલાં આ શરીરને ટકાવવું મુશ્કેલ કાર્ય છે છતાં જેમણે ગુરુના જ્ઞાનરૂપી પ્યાલી એકવાર પીધી તેને બીજી ઘૂંટ પીવાની જરૂર જ રહેતી નથી.

"નાભિકમલ પર નાવ ચલત હે,
તિકોટિ ધ્યાન લગાયા રે જી,
મછંદર પ્રતાપે ગોરખ બોલ્યા
અમ્મર આરા થપાયા."

શરીરમાંના સાત ચક્રોમાં મણિપુર ચક્ર - નાભિ - સ્થાનનું ખૂબ મહત્ત્વ છે. આ ચક્રમાંથી પ્રાણનું નિયમન થાય છે. 'નાભિ કમળ પર નાવ ચલાવવી'- એટલે ઈંડા - પિંગલાની પ્રક્રિયાને સંતુલિત કરવી. નાભિકમલની આજ્ઞાચક્ર - ભ્રૂમધ્યસ્થાન જેને અંતઃપ્રેરણાત્મક મન કહેવામાંઆવે છે. ત્રિકૂટિ એ મન, બુદ્ધિ અને અહંકારનું છેલ્લું થાણું છે. ગોરખનાથ ગુરુના પ્રતાપે જ કાળની અનેક થપાટો - ઘણના ઘા સહી શકે એવી આ દેહની અમર સ્થાપના થઈ શકે. - જ્યાં ચૈતન્યની ઝાંખી થઈ શકે. આ હરિરસનુ એકાદ ચાંગળું પણ જવનને લીલુંછમ્મ- હર્યું-ભર્યું બનાવી દે છે. બાકી મનની શુદ્ધિ વિના કોઈની આત્મદૃષ્ટિ ઊઘડતી નથી જ કબીરના શબ્દોમાં કહીએ તો -

"જગત ભૂલા જંજાલ મે, સુનિ સુનિ વેદ કુરાન,
તન મન કી શુદ્ધિ નહીં, બકિ બકિ મરે હેરાન."

## (૨૦) "ભક્તિ કરવી તેને"- એક આસ્વાદ

ભક્તિ કરવી હોય તેણે રાંક થઈને રે'વું ને,
મેલવું અંતરનું અભિમાન રે;
સદ્‌ગુરુ ચરણાં શિશ નમાવી,
સમજવી ગુરુજીની સાન રે.
ભક્તિ કરવી.............
જાતિપણું છોડીને અજાતિ થાવું ને,
કાઢવો વરણ વિકાર રે;
જાતિભાતિ નહીં હરિના દેશમાં ને,
એવી રીતે રહેવું નિરધાર રે.
ભક્તિ કરવી.............
પારકા અવગુણ જીવે નહીં એ,
હોય હરિના દાસ રે;
આશા તૃષ્ણા એના નહીં ઉરમાંને,
એવો હોય દ્દઢ વિશ્વાસ રે.
ભક્તિ કરવી.............
ભક્તિ કરે તે થાય નિર્માની ને,
વચન જાણી લ્યે મનમાંયે રે;
ગંગાસતી એમ બોલિયાં રે, પાનબાઈ !
એનો જનમ સફળ થઈ જાય રે.
ભક્તિ કરવી.............

- ગંગાસતી



કબીર સાહેબની એક સાખી છે -

"પ્રિયકા મિલના સરલ હૈ, તેરા ચલન ન વૈસા,
નાચન નિકરી બાપુરી, ફિર ઘૂંઘટ કૈસા."

પરમાત્માને પામવાની તાલાવેલી હૃદયને જો જાગે તો જીવ અને શિવ વચ્ચેનો પરદો આપોઆપ હટી જાય છે. કારણકે, આ તો આત્માની પરમાત્મા તરફથી ગતિ છે, ન એ ક્યારેય મંદ પડે ક ન કોઈ એને અવરોધી શકે. પરમતત્ત્વને પામવાનો રસ્તો કઠિન અવશ્ય છે પણ એટલો જ સરળ પણ છે. એ અટપટો એટલા માટે બની જાય છે કે, માયારૂપી કંટકો ચોતરફ વેરાયેલાં છે ને એને એક જ ઝાટકે હટાવવા પડે.માયારૂપી બંધનોને કારણે મનને-ચિત્તને માયારૂપી બાવા-જાળાં બાઝી જાય એનાં માટે જવાબદાર પરમેશ્વર તો નથી જ નથી. પરમાત્માની અનુભૂતિ કોઈ કઠિન ઘટના નથી. કબીર કહે છે તેમ :

ખોજી હોય તો તુરત મિલે હૈ
પલભર કી તાલાસ મે."

એકવાર ઓઢેલો માયારૂપી 'મેલો અચંલો' ત્યજવો જ ઘટે. પછી સ્વતંત્ર પ્રકાશ ને ઉજ્જવલ તેજ આપોઆપ પ્રગટશે. અંચલો જો મેલો જ હોય તો ભલા એને ત્યજવામાં કોઈ હરકત પણ ન હોવી જોઈએ. અલખધણીનો ઓટલો તો મોટું આશ્રયસ્થાન છે. આ ઓટલો એવો છે ત્યાં સુખ અને દુઃખની આવનજાવન ટળી જાય છે. એનો એક જ રસ્તો છે ને એ છે સદ્‌ગુરુની ખોજ. સદ્‌ગુરુની પ્રાપ્તિ. પરમાત્માને પામવાની જિજીવિષા, એની પ્રાપ્તિ માટેની તાલાવેલી ત્યારે જ જાગે જ્યારે માનવ ભક્તિનો આશરો લે છે. ભક્તિ કર્મનું ખાસ્સુ મહત્ત્વ છે. ગંગાસતી કહે છે તેમ -

"ભક્તિ કરવી હોય તેણે રાંક થઈને રે'વું ને,
મેલવું અંતરનું અભિમાન રે;
સદ્‌ગુરુ ચરણાં શિશ નમાવી,
સમજવી ગુરુજીની સાન રે."

ભક્તિ માટે પ્રથમ શરત એ છે - અહમ્ ત્યાગ. મોટાપણું મટી જાય એટલે રાજાને રંક, ઊંચ કે નીચ વચ્ચેની ભેદરેખા આપોઆપ જ સમાપ્ત થઈ જાય. વિનમ્રભાવે ગુરુનું સાંનિધ્ય કેળવ્યાં પછી મનની આ વિટંબણાઓ મટી જાય છે. ગુરુ તો 'જાણતલ જોગી' છે - એ મનના - ચિત્તના દર્દનો ઈલાજ જાણે છે. એમની પાસે પરમાત્મા લગી પહોંચવાનું રામબાણ છે - પવનપાવડી છે. એકવાર સદ્‌ગુરુની કૃપા થાય તો ઈશ્વરની ખોજ હાથવગી જ છે. ગુરુના ચરણમાં શીશ નમાવીને ગુરુ ગોરખનાથની જેમ 'આદેશ' નો જ ઈન્તજાર કરવો જોઈએ. એની પ્રતીક્ષા કદી એળે જતી નથી. 'રામાયણ'માં ખુદ શ્રીરામે કહ્યું છે :

"સકૃદેવ પ્રપન્નાય તવાસ્મીતિ ચ યાચતે ।
અભયં સર્વ ભૂતેભ્યો દદામ્યેતદ્ર વ્રતં મમ ॥"

અર્થાત્ 'મારે શરણે આવનાર અને એકવાર 'હું તારો છું' તેવી યાચના કરે છે તેને હું સર્વભૂતોથી અભય આણું છું, આ મારુ વ્રત છે.'

ગંગાસતીની વાણી અનુભૂતિજન્ય છે.તેઓ ગુરુના મહિમાને જાણે છે. આથી જ ગુરુના વચનમાં એમણે સંપૂર્ણ વિશ્વાસ ને શ્રધ્ધા છે. ભક્તિ કરવા માટે મનને મારવું જરૂરી છે. એકવાર મનરૂપી રાજા રાંક થઈ જાય એટલે કે, અંતરનું અભિમાન ઓછું થઈ જાય એટલે મનની ભીતર ઊભા થયેલા નાત-જાત, જાતિ-ભાતના ભ્રમ આપોઆપ તૂટી જાય. ભ્રમણાં ભાંગી જાય. ગંગાસતી સદ્‌ગુરુના વચનમાં અતૂટ વિશ્વાસ ને શ્રદ્ધા રાખવાનું કહી ચિત્તમાં ઊભા થયેલા જાતિ-પાતિના વાડા તોડવાની અને સંકુચિત માનસિકતામાંથી નીકળવાની વાત કરે છે. જ્યાં સુધી વર્ગભેદ, જાતિભેદના ભેદ ભેદયા નહીં ત્યાં લગી શ્રીહરિ સુધી પહોંચવું શક્ય નથી. માણસ આખરે તો કર્મથી મહાન છે. ગીતાનો એક સ્તંભ કર્મના સિદ્ધાંત પર જ રચાયો છે. વીસેક વર્ષ પહેલા પ.પૂ.પાંડુરંગ શાસ્ત્રી જ્યારે દરિયાખેડુ - માછીમાર પ્રજાને સંબોધી રહ્યાં હતાં ત્યારે એમણે સ્પષ્ટ કહ્યું હતું કે 'માછીમારી' ધંધો એ 'પાપનો નહીં પણ તમારા બાપનો ધંધો છે.' પરંપરાગત ધંધો છે. પાપકર્મ જાણીબૂઝીને કરવામાં આવે તો તે વિનાશ બને છે. પણ સાચા માર્ગે થયેલું કર્મ - કર્તવ્ય ક્યારેય દૃષ્ટકર્મ નથી જ નથી. ગંગાસતી સમાજમાં વ્યાપેલા સડા પ્રત્યે પણ અંગુલિ નિર્દેશ કરે છે. સંતો ક્યારેય જાતિપણાને સ્વીકારતા નથી. કબીરનો પ્રચલિત દોહો છે :



"જાતિ ન પૂછો સાધુ કી
પૂછ લીજીયો જ્ઞાન,
મૂલ કરો તલવાર કા
પડા રહને દો મ્યાન."

ગંગાસતી પણ સ્વાનુભવે એમ જ માને છે :

"જાતિપણું છોડીને અજાતિ થાવું ને,
કાઢવો વરણ વિકાર રે;
જાતિભાતિ નહીં હરિના દેશમાં ને,
એવી રીતે રહેવું નિરધાર રે."

ભક્તના તંબૂરમાંથી તો એક જ બ્રહ્મનાદ ગૂંજે છે. 'x' જાતિના સંતના તંબૂરમાંથી 'x' જેવો અને 'y' જાતિના સંતના તંબૂરમાંથી 'y' જેવો ધ્વનિ નીકળતો નથી. દરેક સંતો 'બ્રહ્મતત્ત્વ'ને જ સેવે છે. ભક્તિ દ્વારા સંતો આ તત્ત્વને પામીને નિર્ભીક બને છે. 'ભક્તિ' એટલે 'પ્રેમનું પરબ'. પ્રેમરૂપી ગંગા તો સર્વત્ર અવિરત વહેતી રહે છે. તેમાં કોઈ ડૂબકી લગાવીને પુનિત પાવન - પવિત્ર થઈ શકે. અંગ્રેજીમાં એક કહેવત છે -

Those who chooce God are chosen by God.'

જેઓ પરમાત્માને પસંદ કરે છે, તેઓ પરમાત્મા દ્વારા પસંદ થયેલાં હોય છે. 'માનવ' પરમાત્માનું ઉત્કૃષ્ઠ ને સર્વશ્રેષ્ઠ સર્જન છે. માનવી તરીકે આપણને મળેલો જન્મ એ જ મોટી સાબીતી છે કે, ઈશ્વર દ્વારા આપણે પસંદ થયેલાં છે. સવાલ એ છે કે, માનવ તરીકે આપણે શું સિધ્ધ કરી શક્યાં છે ? એક જટિલને ગુંચવાયેલો પ્રશ્ન છે. જન્મ પછી માણસ મોહમાયાના બંધનોમાં એવો તો બંધાઈ ગયો કે 'માનવ' તરીકેનું સાચું સ્વરૂપ જ ખોઈ બેઠો. ગંગાસતી માનવનો મહિમા સમજાવતાં 'મનને મારીને મેંદો કરવો'- આ એક બીજમંત્ર છે. સાધકે તીવ્ર આત્મજિજ્ઞાસા સેવી પોતાના યથાર્થરૂપને પામવાની - ખોજવાની અભીપ્સા સેવવી જોઈએ. આ ખોજયાત્રા અવિરત ચાલવી જોઈએ. પંચકર્મેન્દ્રિય ઉપર કાબૂ રાખી 'અસલ' ને પામવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

ગંગાસતી આશાવાદી છે. ભૌતિક જગતની મોહમાયાની એમને કોઈ મહેચ્છા નથી. એ તો દૃઢપણે માને છે :

"પારકા અવગુણ જીવે નહીં એ,
હોય હરિના દાસ રે;



આશા તૃષ્ણા એના નહીં ઉરમાંને,
એવો હોય દૃઢ વિશ્વાસ રે."

હરિરસનું પાન કર્યા પછી માન-અપમાનના બધાંજ ભાવો આપોઆપ સમાપ્ત થઈ જાય છે. ઈશ્વરનો સાક્ષાત્કાર થતાં 'મારાં', 'તારાં'નો ભેદ હરિરસના પ્રવાહમાં ઓગળી જાય છે ને વહે છે ભક્તિરસમાંથી ટપકતો અગમરસ. ગંગાસતી ભક્તિ કરવા માટેની કૂંચી આપતાં કહે છે :

"ભક્તિ કરે તે થાય નિર્માની ને,
વચન જાણી લ્યે મનમાંયે રે;
ગંગાસતી એમ બોલિયાં રે, પાનબાઈ !
એનો જનમ સફળ થઈ જાય રે."

જેમનું મન નિરાભિમાની નિર્મળ બની જાય તેને ઈર્ષાભાવ ક્યાંથી આવે ? જે 'નિર્માની' છે તો તો માન-અપમાનથી જ પર છે. આવા નિર્માની એટલે જ ત્યાગી - તે જ સંતપુરુષ. ભીતરની ભ્રમણાં ભાંગી ગયા પછી મનમાં વિષય-વાસના ટકી જ ન શકે. જે હરિ ભજનમાં રચ્યાં-પચ્યાં રહે છે તેનું જીવન ગંગાસતી કહે છે તેમ 'ધન્ય થઈ જાય.' માનવ જીવનમાં અનુભવ વિનાનો અજ્ઞાનનો અંધકાર ચોમેર વ્યાપેલો છે આથી આત્મખોજ અનિવાર્ય છે. કબીર કહે છે તેમ :

"સંતો જાગત નીંદ ન કીજૈ
કાલ ન ખાય, કલ્પ નહિ વ્યાપ"
હેર જરા નહિ છીજૈ."

●● ● ● ●